


**નવા હથિયાર લાયસન્સ માટે**

હથિયાર લાયસન્સ તેમજ રીન્યુ અને લાયસન્સને લગતા તમામ કામ ખાતરીપૂર્વક કરી આપશું.

**વાઘેશ્વરી એસોસિએટ**

**મો.૭૭૭૮૮૨૭૭૭૨**




સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

તા. ૧૭-૧-૨૦૨૫ – શુક્રવાર ૨૦૮૧
પોષ વદ -૪ વર્ષ: ૩૯ અંક: ૧૨૫
પાના ૧૬ કિંમત રૂા. ૪.૦૦ (સીટી)

સ્થાપકઃ- બાબુભાઈ શાહ
WWW.SANJSAMACHAR.CO.IN

R.N.I. REGN. No. 46322/86
EMAIL:SANJSAMACHAR@GMAIL.COM
SANJ SAMACHAR-RAJKOT

### પંજાબમાં ચુંટણી પ્રચાર પુર્વેની વડાપ્રધાનની ફિરોજપુર યાત્રામાં નવી વળાંક

# પંજાબમાં વડાપ્રધાન મોદીની સુરક્ષામાં ક્ષતિ એ હત્યાનો પ્રયાસ હતો! કલમ ૩૦૭ લગાડાઈ

### પાક સરહદથી ફકત ૭ કી.મી. દુર જ વડાપ્રધાનના કાફલાને રોકવાની ફરજ પાડનાર ૨૪ સામે ગંભીર કલમો

નવી દિલ્હીઃ પંજાબમાં ધારાસભા ચુંટણી સમયે પ્રચાર માટે ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાફલાને તા.૫ જાન્યુઆરી ૨૦૨૨ના જે રીતે ભારે વરસાદના કારણે સડક માર્ગ પર પ્રવાસ કરવાની ફરજ પડી અને પાક સજજ હુસેનીવાલા બોર્ડરથી ફકત ૭ કી.મી. સુરજ માર્ગ વચ્ચે વડાપ્રધાનને કાફલાને

(અનુસંધાન છઠ્ઠા પાને)















આગામી બજેટ પૂર્વે ખાસ સર્વેક્ષણમાં લોકોએ મનની વાત કહી

# બજેટ પૂર્વે પ્રજાની માંગ-આવકવેરા દર ઘટે, રોજગારને મળે પ્રાથમિકતા

## સર્વેમાં લોકોએ લાંબાગાળાના લક્ષ્યો કરતા ટૂંકાગાળાના લક્ષ્યોને પ્રાથમિકતા આપીઃ પગારદાર વર્ગમાં ૭૫ ટકાનું કહેવું હતું કે કરોમાં ફેરફાર સંતોષજનક નથી, નવી કર વ્યવસ્થાને ૬૦ ટકા સેવા નિવૃત્તોએ પસંદ કરી

નવી દિલ્હી તા.૧૭

આગામી બજેટને લઈને કરવામાં આવેલા સર્વેમાં મોટા ભાગના લોકોએ જણાવ્યું હતું કે હવે આવકવેરામાં ઢીલ આપવાનો સમય આવી ગયો છે અને બજેટમાં રોજગાર સર્જનને પ્રાથમીકતા આપવી જોઈએ.

સર્વેમાં પૂછવામાં આવ્યું હતું કે સરકારે બજેટને કઈ દિશા આપવી જોઈએ. આ સર્વેની એક કોપી કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સીતારામને રજૂ કરવામાં આવી હતી.

સર્વેક્ષણના પરિણામો મુજબ લોકોએ દીર્ઘકાલિક લક્ષ્યોની તુલનામાં અલ્પ કાલિક સરકારી યોજનાઓને પ્રાથમિકતા આપી છે. જો કે રોજગાર સર્જન બધા માટે ઉચ્ચ પ્રાથમિકતા હતી. સર્વેમાં આવક વેરા દરોમાં થયેલા ફેરફારોને લઇને વ્યાપક અસંતોષ, ખાસ કરીને પગારદાર પ્રોફેશનલ્સ ઘણા નિરાશ હતા.

બીજી બાજુ જુની વર્સીસ નવી કર વ્યવસ્થા પર હળતા-મળતા મંતવ્યો હતા. કેટલાય લોકો ઉચ્ચ કર દર વાળી પરંતુ કરમુક્તિ આપનારી જુની સિસ્ટમના પક્ષમાં હતા. જ્યારે મોટી સંખ્યામાં લોકો આવકવેરા અધિનિયમની ધારા ૮૦-સી અંતર્ગત વધુ છૂટની આશા રાખી રહ્યા હતાં.

આ સર્વેક્ષણ ઓનલાઇન થયું હતું જેમાં ૭,૦૫૧ લોકોએ ભાગ લીધો હતો.

**રોજગાર સર્જનને લઇને ચિંતા**

બજેટમાં રોજગાર સર્જનને લઇને ૭૩ ટકા લોકોએ અધિકતમ પાંચની રેટીંગ પસંદ કરી હતી. માત્ર ૩ ટકા ઉત્તરદાતાએ વિરૂધ્ધ મત આપ્યો હતો.




**કરનો કોટડો ઉકેલવામાં આવે**

ચારમાંથી એક વ્યકિતએ જણાવ્યું હતું કે નવી કરનીતિમાં મુકિત સંતોષકારક હતી, જયારે લગભગ બે તૃતિયાંશ લોકોએ અસંતોષ વ્યકત કર્યો હતો. ૯.૪ ટકા લોકો આ મામલે અસમંજસમાં હતા પગારદાર ૭૫ ટકા લોકોએ કહ્યું હતું કે દરોમાં ફેરફાર સંતોષ કારક નહોતો ૨૫ લાખતી વધુ કમાનારા લોકો માટે સંતુષ્ટિનું સ્તર ૧૦ ટકા સુધી ઘટી ગયું.

**કર સિસ્ટમને લઈને જ ગુંચવણ**

૫૫ ટકા લોકોએ જુની કર વ્યવસ્થાનું પસંદ કરી હતી, જયારે ૪૫ ટકાએ નવી કર વ્યવસ્થાને બહેતર કરી ૨૫-૩૫ લાખ વર્ષે આવક ધરાવનારા લોકોમાં જૂની કર વ્યવસ્થાને પ્રાથમિકતા આપનારાની સંખ્યા વધીને ૬૭ ટકા થઈ ગઈ અને કુલ પગારદાર વર્ગમાં આ સંખ્યા ૬૧ ટકા થઈ ગઈ. નવી કર વ્યવસ્થાને લગભગ ૬૦ ટકા સેવા નિવૃત લોકોએ પસંદ કરી.

**સર્વે ઓનલાઈન થયો**

ઓનલાઈન પોલમાં ૭૦૫૧ લોકોએ ભાગ લીધો હતો. ૬૮ ટકાની વધુ લોકો મોટા શહેરો મુંબઈ, દિલ્હી, બેંગ્લુરુ, પુણે, હૈદરાબાદ, ચેન્નઈ, કોલકાતા, અમદાવાદ, જયપુર, લખનૌ, પટણા, સુરત, ઈન્દોર, કાનપુર અને નાગપુરથી હતા. આ સર્વેમાં ૮૫ ટકા પુરુષ હતા, જેમાં અડધા એટલે કે ૫૧ ટકા પગારદાર વર્ગના હતા, જયારે ૧૦ ટકા વ્યવસાયી હતા અને ૧૯ ટકા છાત્ર હતા. લગભગ ૩૩ ટકાએ દર વર્ષે ૧૫ લાખથી વધુ કમાણી બતાવી, જયારે ૪૦ ટકાએ વાર્ષિક ૧૦ લાખ અને તેથી ઓછી કમાણી બતાવી હતી.

**નજીકના ભવિષ્ય પર ધ્યાન આપો**

છેલ્લા કેટલાક વર્ષોથી નીતિ નિર્માણમાં ૨૦૨૭ માટે ભારતના મહત્વાકાંક્ષી લક્ષ્ય ચર્ચામાં રહ્યા છે, ૫૪ ટકાનું માનવું છે કે સરકાર લાંબા ગાળાના લક્ષ્યના બદલે તત્કાલ ભવિષ્ય માટે યોજના બનાવે. ૪૪ ટકાએ કહ્યું કે બજેટ પ્રાથમીકતા નિર્ધારિત કરતી વખતે પાંચ વર્ષનું લક્ષ્ય હોય જયારે ૧૦માંથી એક ઈચ્છતા હતા કે એક વર્ષના નાના સમયગાળા માટે પ્રાથમીકતા નકકી થાય. જયારે માત્ર ૧૭ ટકા લોકોએ કહ્યું હતું કે યોજનાની સમય-સીમા બે દાયકાની હોવી જોઈએ.

**આકર્ષક યોજનાઓ પર મંતવ્યો**

આકર્ષક યોજનાઓને લોકોના મત વહેંચાયેલા હતા. આંકડાથી જાણવા મળ્યું હતું કે ૪૧ ટકા લોકોનું માનવું હતું કે મંદી દરમિયાન આકર્ષક બજેટ આપવુ જોઈએ, જયારે ૩૮ ટકા લોકો આ મામલે અસહમત હતા અને ૨૧ ટકા લોકો કોઈ નિર્ણય નહોતા લઈ શકયા.

આ મુદ્દે લગભગ ૪૨ ટકા પુરુષ આકર્ષક બજેટના પક્ષમા હતા જયારે ૩૫ ટકા મહિલા પક્ષમાં નહોતા.

# પ્રવાસીઓને લઈને સ્પેન જતી બોટ મોરક્કો પાસે પલટી ગઈઃ ૪૦ પાકિસ્તાનીઓના મોત

## બોટમાં ૮૦ પ્રવાસીઓ હતા, ૩૬ યાત્રીઓનો બચાવ

ઈસ્લામબાદ(પાકિસ્તાન),તા.૧૭

પાકિસ્તાને ગુરુવારે જણાવ્યું હતું કે સ્પેન પહોંચવાનો પ્રયાસ કરી રહેલી ૮૦ પ્રવાસીઓને લઈ જતી એક બોટ મોરોક્કો નજીક પલટી ગઈ હતી, જેમાં ૪૦ થી વધુ પાકિસ્તાની નાગરિકોના મોત થયા હતા. પ્રવાસી અધિકાર જૂથ વોકિંગ બોર્ડર્સે જણાવ્યું હતું કે બોટ પલટી જતાં ૫૦ થી વધુ લોકો ડૂબી ગયા હતા.



૨ જાન્યુઆરીના રોજ મોરિટાનિયાથી નીકળ્યા બાદ ૬૬ પાકિસ્તાનીઓ સહિત ૮૬ પ્રવાસીઓને લઈ જતી બોટ પલટી ગયા બાદ મોરક્કન અધિકારીઓએ ૩૬ લોકોને બચાવ્યા હતા. વોકિંગ બોર્ડર્સના સીઈઓ હેલેના માલેનોએ ડ પર જણાવ્યું હતું કે ડૂબી ગયેલા ૪૪ લોકો પાકિસ્તાનના હોવાનું માનવામાં આવે છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે મોરક્કોમાં તેનું દૂતાવાસ સ્થાનિક અધિકારીઓના સંપર્કમાં છે. ’રબાત (મોરોક્કો) માં અમારા દૂતાવાસે અમને જાણ કરી છે કે મોરિટાનિયાથી રવાના થયેલી ૮૦થી વધુ મુસાફરોને લઈને એક બોટ મોરક્કોના દાખલા બંદર નજીક પલટી ગઈ છે, જેમાં ઘણા પાકિસ્તાની નાગરિકોનો સમાવેશ થાય છે.’ હાલમાં પાકિસ્તાનીઓ સહિત ઘણા બચી ગયેલા લોકો દાખલા નજીકના એક કેમ્પમાં આશ્રય મેળવી રહી રહ્યા છે.

# એક દાયકાના અંતરાલ બાદ બીએડનો કોર્સ ફરી એકવાર એક વર્ષનો થશે

## અલબત્ત જેમણે ચાર વર્ષનું ગ્રેજ્યુએશન કર્યું હશે તેને જ એક વર્ષના બીએડ કોર્સનો લાભ મળશે




નવી દિલ્હી, તા.૧૭

કેટલીક નવી શરતો સાથે ૧૦ વર્ષના અંતરાળ બાદ બીએડ (બેચલર ઓફ એજ્યુકેશન)નો કોર્સ ફરી એક વર્ષનો થવા જઇ રહ્યો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ની ભલામણોને લાગુ કરતા દેશમાં ગ્રેજ્યુએશન લેવલ પર ચાર વર્ષનો કોર્ષ અગાઉથી જ લાગુ થયેલ છે. એક વર્ષનો બીએડ કોર્સએ છાત્ર કરી શકશે, જેણે કાં તો ચાર વર્ષમાં ગ્રેજ્યુએશન કર્યું હશે અથવા તો ફરી પોસ્ટ ગ્રેજ્યુએશન બાદ તેઓ આ કોર્ષ માટે લાયક હશે.

નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન (એનસીટીઇ)ની ગત શનિવારે યોજાયેલી ગવર્નીંગ બોડીની બેઠકમાં એક વર્ષના બીએડ સહિત ટીચીંગ કોર્સને લઇને પણ અનેક મોટા નિર્ણયો લેવાયા હતા. એનસીઇટીના ચેરમેન પ્રો. પંકજ અરોરાએ જણાવ્યું હતું કે ગવર્નીંગ બોડીના નવા રેગ્યુલેશન્સ-૨૦૨૫ લાવવાની પણ મંજૂરી અપાઈ છે જે ૨૦૧૪ના રેગ્યુલેશન્સની જગ્યા લેશે.

# કેનેડામાં વિઝા મેળવનારા ૨૦ હજાર ઈન્ડિયન છાત્રો ગાયબ ?

## કોલેજોમાં એડમિશન મેળવ્યા બાદ કલાસમાં દેખાયા જ નહીઃ ખુદ કેનેડાની સરકાર જાણતી નથી છાત્રો કયાં ગયા?

અમદાવાદ,તા.૧૭

સ્ટૂડન્ટ વિઝા પર કેનેડા ગયેલા ૫૦ હજાર જેટલા ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સનો કોઈ અતોપતો નથી અને તેમાંના મોટાભાગના ઈન્ડિયન્સન છે. આ સ્ટૂડન્ટ્સને આમ તો કેનેડા લેન્ડ થયા બાદ જે-તે કોલેજ, યુનિવર્સિટીમાં ભણવાનું શરૂ કર્યું હતું પરંતુ ભણવાના બહાને કેનેડા ગયેલા આ લોકોએ કોલેજોમાં પગ જ નથી મૂકયો. કેનેડિયન અખબાર ગ્લોબ એન્ડ મેલના રિપોર્ટ અનુસાર ૨૦૨૪ની સ્થિતિએ કેનેડામાં જેટલા ઈન્ટરનેશનલ સ્ટૂડન્ટ્સ હતાં તેમાંથી ૬.૯ ટકા જેટલા લોકો ખરેખર તો ભણવા માટે કેનેડા આવ્યા જ નહોતા અને હાલ આ લોકો ગાયબ છે.

જે ૫૦ હજાર જેટલા સ્ટૂડન્ટ્સ ભણવાના નામે કેનેડા પહોંચીને ગુમ થઈ ગયા હતા તે તમામે ૨૦૨૪ના સ્પ્રિંગ ઈનટેકમાં કે પછી તે પહેલા એડમિશન લીધું હતું અને તેમને કેનેડાનાં વિઝા પણ મળી ગયા હતા. કેનેડાના ઈમિગ્રેશન લો અનુસાર ફોરેન સ્ટૂડન્ટ્સને એડમિશન આપતી દેશની તમામ એજ્યુકેશનલ





ઈન્સ્ટિટ્યૂટ્સે સ્ટૂડન્ટ્સ ભણવા માટે રેગ્યુલરલી આવે છે કે નહીં તેનો ડેટા IRCC સાથે વર્ષમાં બે વાર શેર કરવાનો હોય છે, આ નિયમ ૨૦૧૪માં અમલમાં આવ્યો હતો, જેનો હેતુ બોગસ સ્ટૂડન્ટ્સ અને તેમને એડમિશન આપતી સંસ્થાઓને આઈડેન્ટિફાઈ કરવાનો હતો પરંતુ એડમિશન અને વિઝા મેળવ્યા બાદ જે સ્ટૂડન્ટ્સ કોલેજમાં ડોકાયા જ નથી તેમનું શું કરવું તે પ્રશ્નનું કેનેડા પાસે કદાચ કોઈ સમાધાન નથી. માર્ચ અને એપ્રિલ ૨૦૨૪ના ડેટા અનુસાર કેનેડાએ ૧૪૪ દેશોનાં સ્ટૂડન્ટ્સને વિઝા આપ્યા હતા, જેમાં ઈન્ડિયા સહિતના જે ટોપ ટેન દેશોનો સમાવેશ થતો હતો તેમના જ સૌથી વધુ સ્ટૂડન્ટ્સ હાલ ગાયબ છે અને તેમાંય ઈન્ડિયન સ્ટૂડન્ટ્સની સંખ્યા સૌથી વધારે એટલે કે ૨૦ હજાર જેટલી થાય છે. હજુ ડિસેમ્બર ૨૦૨૪માં જ ED દ્વારા ભૂતિયા ઈન્ડિયન સ્ટૂડન્ટ્સને એડમિશન આપનારી કેનેડાની કેટલીક કોલેજિસ અને ઈન્ડિયાની બે સંસ્થા સામે તપાસ શરૂ થઈ હતી.

આ કાંડમાં સામેલ ભૂતિયા સ્ટૂડન્ટ્સ અને સંસ્થાઓની મિલીભગતથી કેનેડાના વિઝા લેનારા મોટાભાગના ઈન્ડિયન સ્ટૂડન્ટ્સ બોર્ડર ક્રોસ કરી ઈલીગલી અમેરિકા પહોંચી ગયા હોવાની પણ આશંકા છે.

# આ એક અનોખી વિશ્વ વિદ્યાલય

એ સમયે, કે જયારે ભારત-પાકિસ્તાન એક હતા, ત્યારે ૧૯૩૬-૩૭ના વર્ષે સિંધ-હૈદ્રાબાદમાં સ્થાપનાથી જ ઓમ મંડળીથી જાણીતી થયેલી આ સંસ્થામાં પિતાશ્રી દ્વારા સત્સંગમાં આવતા બ્રહ્માવત્સોને ઓમ ધ્વની ઉચ્ચારણ કરાવવામાં આવતો અને ગીતા જ્ઞાન આપવામાં આવતુ હતુ. બાદમાં નામ બદલી તેને પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય નામ આપેલુ છે. બહુવિધ સામાજિક સેવા કરતી, મનુષ્યને જીવન જીવવાની કળા શીખવતી અને રાજયોગનું આધ્યાત્મિક જ્ઞાન આપતી, માત્ર મહિલાઓ જ દ્વારા સંચાલિત આ દુનિયાની એકમાત્ર સંસ્થા છે. બ્રહ્માકુમારીઝ એક એન.જી.ઓ. છે. તે વિશ્વ વિદ્યાલય કેવી રીતે છે? એક તો, આ આખા વિશ્વના પરમ પિતા પરમાત્મા શિવનું જ્ઞાન છે; કે જે સ્વયં અહી ભણાવે છે. બીજુ, આ જ્ઞાન વિશ્વની દરેક મનુષ્યાત્માઓ માટે છે. અહી કોઈ ધર્મ, જાતિ, દેશ, ઉચ્ચ-નીચનો ભેદ નથી કરાતો પરંતુ અહી તો બધાની સાથેનો વ્યવહાર જ એક પરમપિતાની સૌ સંતાનોનો એક આત્મિક સંબંધ અર્થાત આત્મા-આત્મા ભાઈ ભાઈની પવિત્ર દ્રષ્ટિ, વૃતિ રાખી થાય છે. એ જ મુખ્ય ખ્યાલ વસુધૈવ કુટુમ્બકમની ભાવના તરફ સૌને લઈ જાય છે. અર્થાત તેમના દ્વારા દૈનિક જીવનની વ્યવહારીતા શીખવવા સાથે, દરેક ઉમ્રના લોકો માટે અનુકુળ શિક્ષા કે જે વિશ્વમાં નિઃશુલ્ક રીતે ૧૦૦૦૦થી વધુ સેવા કેંદ્રો પરથી ૧૪૦ દેશોમાં અપાઈ રહેલ છે. આથી સંસ્થાને વિશ્વ વિદ્યાલય કહેવું ઉચીત છે.

વિશ્વના આદિ-મધ્ય-અંતના આ જ્ઞાનથી વિશ્વમાં એવું પરિવર્તન આવે છેકે સૃષ્ટિ કળિયુગમાંથી બદલીને સતયુગમાં આવી જાય છે. આ જ્ઞાન જીવનને સમાધનયુક્ત, સરળ અને ઈશ્વર કે પરમાત્મા પરની આસ્થા વધારતું છે. તંગ અને પરેશાનીયુક્ત લાઈફ સ્ટાઈલને બદલે સરલ જીવન અને તન, મન, સંબંધોને નીરોગી બનાવવા માટે લાભદાયી એવું આ નોલેજ, નિરસ જીવનમાં ઉમંગ ઉત્સાહ વધારનારૂં છે. જે બાળકો, યુવા, સ્ત્રી પુરૂષો, વૃધ્ધો માટે પણ જીવનમાં અપનાવવું સરળ છેકે જેને આજે લાખો પરિવાર અનુસરે છે. આમ આ જ્ઞાન માર્ગ છે. ભક્તિ અલગ છે, જ્ઞાન અલગ છે. આથી ત્રણ શબ્દનું ગાયન છે- જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય. ભક્તિ કોની? નિરાકાર શિવ પરમાત્માની અને દેવી-દેવતાઓની. અંતે એજ ભકિતના ફળરૂપે જ્ઞાન મળતા વૈરાગ્ય દ્વારા ગતિ-સદગતિની પ્રાપ્તિ સર્વને એ પતિતપાવન, મુક્તિદાતા, સર્વના સદગતિદાતા શિવથી મળે છે. આથી આ વિશ્વ વિદ્યાલય કે પાઠશાળા અનોખી છે.




**મૂલ્યોની મહેક**

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

**વાસ્તવમાં બ્રહ્માકુમારીઝ દ્વારા થતા બેહદના સેવા કાર્યો જ તેમનો પરિચય આપી દે છે. પરંતુ સંસ્થાને વિશ્વનું પ્રથમ નંબરનું, આધ્યાત્મિક ઉન્નતિનું સ્થાન શા માટે કહે છે? આઓ તેના પર પ્રકાશ પાડીએ.**

- આ એ વિશ્વ વિદ્યાલય છે કે જે એક પ્રકાશ સ્તંભ બની ભારતનો પ્રકાશ વિશ્વમાં ફેલાવે છે, જે ભારત માટે ગૌરવની વાત છે. કારણ કે અહીથી આધ્યાત્મિક પ્રકાશની કિરણો અનેક દેશોમાં ફેલાઈ રહી છે.

- કામ, ક્રોધ આદિ વિકારોપી વશીભૂત કાંટા જેવા મનુષ્યોને પવિત્રતા અને યોગાભ્યાસ દ્વારા દિવ્ય ગુણો (સંસ્કારી) યુક્ત મનુષ્ય બનાવે છે અર્થાત કાંટાથી ફૂલ બનાવે છે. આમ આજે વિશ્વનું વિષય સાગરના વિકારોથી ડુબતા બેડાને બચાવી, તેને પાવન બનાવવાની ‘રૂહાની બચાવ ટૂકડી‘ કે ખેવૈયાનું કામ આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા થાય છે.

- આ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય એક રીતે અનોખો યજ્ઞ છે. જેમ યજ્ઞમાં અગ્નિ પ્રગટાવીએ અને અનેક સામગ્રી હોમીએ છીએ તેનાથી પ્રદુષણ નષ્ટ થવા સાથે વાતાવારણ સુગંધિત થાય છે. તેવી જ રીતે અહીના નૈતિક મૂલ્યોના શિક્ષણથી વિશ્વમાંથી ઘણાયે કુરીવાજો, ખરાબ(વિકારી) સંસ્કારો, ખરાબ વિચારો, પાપાચાર, ભ્રષ્ટાચાર ખત્મ થાય છે અને એક શ્રેષ્ઠાચારી, સદભાવનાયુક્ત, નવી સંસ્કારી સમાજ અને નવી વિચારધારાયુક્ત નવા વિશ્વનું નિર્માણ થાય છે. તેને જ સતયુગી સમાજ કહે છે. કે જયાં દરેક નર-નારીઓ દેવી-દેવતાઓ સમાન હોય છે.

- આ વિદ્યાલય એકમાત્ર એવી હોસ્પિટલ છેકે જયાં આત્માઓની ચિકિત્સા થાય છે. પાંચ વિકારો અને તેના મોટા અન્ય વિકારી રૂપોથી આજે સમગ્ર મનુષ્યાત્માઓ બીમાર પડી છેતેનો ઈલાજ અહી થાય છે. અહી જ્ઞાનરૂપી દવાઓ, યોગરૂપી ઈંજેક્શન આપી અને પવિત્રતાથી ઉપચાર થાય છે.

- અનેક બ્રહ્માચારી બહેનો કે જે પાવન જ્ઞાન ગંગાઓ છે, તેઓનું પરમાત્મા જ્ઞાન સાગરથી મિલન થાય છે. અર્થાત સ્વયં પરમાત્મા તેમને બ્રહ્મા તન દ્વારા એડોપ્ટ કરે છે આધ્યાત્મિક સશક્તિકરણ કરે છે. તેઓની સાથે વિશ્વના અનેક ભાઈ-બહેનો પણ જોડાઈને, પોતાના જીવનના બાકીની આયુમાં પાવન બનીને સત્ય જ્ઞાન દ્વારા સતયુગી દુનિયામાં પ્રવેશ મેળવવાનો પાસપોર્ટ મેળવવા પુરૂષાર્થ કરી રહેલ છે.

# રાત્રે રાહુલ એઈમ્સ પહોંચ્યાઃ કાતિલ ઠંડીમા ફુટપાથ પર દર્દીના સગાઓને સૂતેલા જોઈ લખ્યું- અસંવેદનશીલ સરકાર

## રાહુલે દર્દીઓ-પરિવારોની સમસ્યા સાંભળીઃ મોદી અને દિલ્હી સરકારે દર્દીઓને તેમના હાલ પર છોડી દીધા છેઃ રાહુલ

નવી દિલ્હી તા.૧૭

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ અચાનક ગત મોડીરાત્રીએ દિલ્હી એઈમ્સની બહાર દર્દીઓ અને દર્દીઓના સગાઓની મુલાકાત લીધી હતી. કડકડતી ઠંડીમાં બહાર રહેલા દર્દીઓ અને તેમના પરિવારોની સમસ્યા સાંભળી રાહુલ ગાંધીએ દિલ્હી સરકારને દર્દીઓ પ્રત્યે અસંવેદનશીલ ગણાવી હતી.

આ તકે દર્દીઓએ જણાવ્યુ હતું કે રાહુલે મને અહીં રહેવાના બારામાં અને દીકરીની સારવારના બારામાં પૂછયું હતું. એક દર્દીએ કહ્યું હતું કે રાહુલે કહ્યું હતું કે તેની ટીમ તેની યથાયોગ્ય મદદ કરશે. એક દર્દીની માએ કહ્યું હતું કે રાહુલે મારી દીકરીની સારવાર માટે રોકડ સહાય આપવાનો વાયદો કર્યો હતો.



રાહુલ ગાંધીની આ મુલાકાતના ફોટા કોંગ્રેસના ટ્વિટર હેન્ડલ પરથી શેર કરવામાં આવ્યા છે. ફોટા સાથે લખ્યું હતું કે, ‘દૂર દૂરથી સારવાર માટે આવેલા લોકો અહીં રસ્તાઓ, ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે.’ મોદી સરકાર અને દિલ્હી સરકારે તેમને પોતાના હાલ પર છોડી દીધા છે. તેમણે પોતાની જવાબદારીથી મોઢું ફેરવી લીધું છે.

કોંગ્રેસે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર આગળ લખ્યું, ’સારવાર માટે મહિનાઓ રાહ જોવી, સરકારની અસુવિધા અને અસંવેદનશીલતા - આ આજે દિલ્હી એઈમ્સની વાસ્તવિકતા છે. પરિસ્થિતિ એવી છે કે જે લોકો દૂર દૂરથી પોતાના પ્રિયજનોની બીમારીનો બોજ લઈને આવ્યા છે, તેઓ આ કડકડતી ઠંડીમાં ફૂટપાથ અને સબવે પર સૂવા માટે મજબૂર છે.

રાહુલે ઈન્સ્ટાગ્રામ પર હિન્દીમાં પોસ્ટ કરી કે, ‘રોગનો ભાર, કડકડતી ઠંડી અને સરકારની અસંવેદનશીલતા - આજે હું એઈમ્સની બહાર એવા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો જે દૂર દૂરથી સારવારની શોધમાં આવ્યા છે.’ સારવાર માટે જતી વખતે તેમને રસ્તાઓ, ફૂટપાથ અને મહાનગરોમાં સૂવાની ફરજ પડે છે. ઠંડી જમીન, ભૂખ અને અસ્વસ્થતા વચ્ચે, દર્દીઓએ આશાની જ્યોત પ્રજવલિત રાખી છે.

## સુવિચાર

**હાથમાં એપલનો ફોન નહીં હોય તો ચાલશે પણ જીવનમાં એ-પલને જીવી લેજો જેનાથી તમને ખુશી મળે છે...!!**

## આજનું ચિંતન



### પરિસ્થિતિ

- પરિસ્થિતિ એક જ હોય છે, નિષ્ફળ વ્યકિત પાસે કારણો હોય છે અને સફળ વ્યકિત પાસે તારણો હોય છે.
- પરિસ્થિતિ ગમે તેવી હોય પણ મકકમ રહેજો, યોગ્ય સમય આવતા ખાટી કેરી પણ બદલાઈને મીઠી થઈ જાય છે.
- પરિસ્થિતિ વિપરીત હોય ત્યારે ‘પ્રભાવ’ અને ‘પૈસા’ નહીં પણ સ્વભાવ અને સબંધ કામ આવે છે.
- પરિસ્થિતિથી મોટો અને ખોટો દેખાડો માણસને કરજમાં ડૂબાડી દે છે.
- પરિસ્થિતિની પાઠશાળા જ માણસને વાસ્તવિક શિક્ષણ આપે છે.
- પરિસ્થિતિની ચિંતા ના કરો, તમે જે સ્થાને છો તેનાથી ઉપર જવાની કોશિષ કરો પ્રયત્નો કદી નિષ્ફળ જતા નથી.
- આજે માણસ બે પરિસ્થિતિમાં જીવે છે સૂવે ત્યારે સમાધિ, જાગે ત્યારે ઉપાધિ.
- કેવી દુઃખદ પરિસ્થિતિ છે આપણી ? ખોટી પ્રશંસા આપણને ગમે છે અને સાચી ટીકાથી આપણે ત્રાસી જઈએ છીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
પોષ વદ-૫, તા.૧૮/૧/૨૫, શનિવાર

સૂર્યોદય : ૭-૩૦, સૂર્યાસ્ત : ૬-૨૩, જૈન નવકારશી : ૮.૧૮
રાશિ : સિંહ (મ.ટ.) ૨૧.૨૭થી કન્યા. (પ.ઠ.ણ.)

**ગૌચરના ગ્રહો**

સૂર્ય-તુલા, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-વૃશ્ચિક, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-ધન, શનિ-કુંભ, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-વૃષભ

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** વ્યવસાયમાં નવા રોકાણની ઈચ્છા ફળે, ભાઈ બહેનોથી સહકાર રહે, ન ધારેલી વ્યકિતનો સાથ સહકાર રહે.

**વૃષભ :** બપોર સુધીનો સમય તનાવવાળો રહે, આવકનું પ્રમાણ જળવાઈ રહે, કારણ વગરના વિચારોને ટાળજો.

**મિથુન :** કાર્ય પરત્વે ઉપરી વર્ગનો સહકાર મળે, નોકરીમાં મનગમતી ઓફર પણ આવે, વિદેશ જવાની તક મળે.

**કર્ક :** ટેકનીકલ લાઈનમાં સફળતા ઉત્પાદન ક્ષેત્રે ન ધારેલી સફળતા, આત્મવિશ્વાસને જાળવી રાખજો.

**સિંહ :** ભાગીદારો સાથે મિટીંગનું આયોજન થાય, કાર્યભાર રહે, સમાજમાં માન પ્રતિષ્ઠા મળે, ગુસ્સાને કાબુમાં રાખજો.

**કન્યા :** રોજિંદા કાર્યમાં ચીવટ રાખવી, શેરસટામાં જોખમ ન લેવું, મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળ ન કરવી.

**તુલા :** તમારામાં રહેલ ટેલેન્ટનો તમારે યોગ્ય ઉપયોગ કરવાનો છે, જુના કર્જના પ્રશ્નો દુર થવાના, ગુસ્સો ટાળજો.

**વૃશ્ચિક :** વધુ પડતી લાગણીઓને લઈને કોઈ ગેરસમજો ઉભી ન થાય, તેનું ધ્યાન રાખજો, નોકરીમાં કાર્યભારનો સામનો રહેશે.

**ધન :** નોકરીમાં મિત્રો સાથે ગેરસમજો દુર થવાની, મિલ્કતોના પ્રશ્નોમાં અનુકુળતા રહે, સ્થાનફેરની શકયતા.


**મકર :** આવક વધારવાના પ્રયત્નો ફળવાના, રાજકીય લાભ મળે, જાહેર સંસ્થામાં સારો હોદો મળવાનો, નવી ઓળખાણ થાય.

**કુંભ :** સમાજમાં પ્રતિષ્ઠા વધવાની, લક્ષ્મીજીની કૃપા મેળવશો, રહેણાકના મકાનમાં લકઝરી ફેરફારોની ઈચ્છા ફળવાની.

**મીન :** ભાઈ બહેનો સાથે મિલન મુલાકાત લાભદાયક રહે, કાનુની પ્રશ્નોથી દુર રહેજો, સ્વાસ્થ્ય બાબત જાળવવુ.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત



**આડી ચાવી**

૧. ચેન્નાઇનું પ્રસિધ્ધ આંખનું સારવાર કેન્દ્ર (૭)
૫. રાજકપુરની સુપરહિટ ફિલ્મ (૨)
૬. ચહેરો-ઉર્દુ (૩)
૭. બચપન (૪)
૮. છુટ્ટી (૨)
૧૦. ડોરબેલ (૪)
૧૨. પાર વગરનું (૫)
૧૪. અવાજ (૨)
૧૫. ક્ષણ (૨)
૧૬. એક કઠોળ (૨)
૧૭. બોલ, ગેંદ (૨)
૧૮. વિશેષ આદર (૪)
૨૦. એક મરાઠી અટક (૩)
૨૧. વર્ગ, ખંડ (૨)
૨૨. સીધુ (૩)
૨૪. ..., ... મહાદેવ (૨, ૨)
૨૫. રાંકનું ... (૩)

**ઉભી ચાવી**

૧. ડાઉટ (૨)
૨. રબરનો તળપદો ઉચ્ચાર (૩)
૩. જુના જમાનાનું સ્ટેટ (૫)
૪. કિર્તી, નામના (૨)
૫. બોલિંગ કરનાર (૩)
૯. વિઠ્ઠલ રાદડીયાનું વતન, કર્મભૂમિ (૬)
૧૧. પીપ (૩)
૧૨. જીતેન્દ્રની એક ફિલ્મ (૫)
૧૩. ક્ષણ (૨)
૧૬. ગામડામાં પાણી માટેનું જાહેર સ્થળ (૨)
૧૭. મેડિસીન (૨)
૧૮. ઘમંડ (૩)
૧૯. પાર્ટનર (૪)
૨૦. ભેદભાવ (૪)
૨૧. કર ... (૩)
૨૩. એક હજાર કિલો (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | મ | લા | ન | હે | રૂ | | સ | ડ | ક |
| ર | | લ | | લ | પા | ટ | | પ | |
| ણ | | ચ | લ | | ય | | ક | પા | સ |
| ઘે | ર | | | સ | ત | વા | રા | | ર |
| લો | | ભા | ઈ | જા | ન | | મ | | દા |
| | આ | ગે | | ગ | | પ | ત | વા | ર |
| ર | ખ | ડુ | | | ચા | લ | | ર | |
| | લો | | કા | કા | | ક | ર | સ | ન |
| શ્રા | | લો | ન | | | વા | ર | દા | ત |
| ન | ટ | | સ | ર | ભ | ર | | ર | જ |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

WEBSITE
www.sanjsamachar.net

TELEGRAM
Sanj Samachar

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### આગામી બજેટમાં સોના પરની આયાત-જકાત વધારાશે તેવી અટકળો

# લગ્નગાળો અને બજેટ... સોનાની ડીમાંડ ફરી વધવા લાગી

### કમૂરતા ઉતરતા જ સોની બજારમાં ખરીદી તથા ગ્રાહકોની સંખ્યામાં સરેરાશ ૨૦-૨૫ ટકાની વૃધ્ધિઃ ટ્રમ્પની તાજપોશી બાદ વૈશ્વિક બજારમાં વધુ તેજી થવાનું પણ અનુમાન



રાજકોટ, તા.૧૭

એક માસના કમુરતાનો ગાળો પૂર્ણ થવાની સાથે જ ફરી વખત સોની બજાર-ઝવેરી માર્કેટમાં ચમક દેખાવા લાગી છે. વધતા ભાવો વચ્ચે પણ ખરીદીમાં વૃદ્ધિ છે. લગ્ન સિઝનની ખરીદી ઉપરાંત આગામી બજેટમાં સોના પરની આયાત-જકાત ફરી વધવાની અટકળોથી ડીમાંડમાં વૃદ્ધિ હોવાના સંકેત છે.

એક માસના કમૂરતામાં લગ્નો કે અન્ય કોઇ પ્રસંગો થતાં નથી આ દરમ્યાન પ્રસંગો માટેની સોના જેવી મહત્વની ખરીદી પણ ટાળવામાં આવતી હોય છે. મકરસંક્રાંતિ પૂર્ણ થતાં જ કમૂરતાનો ગાળો પૂર્ણ થયો છે. લગ્ન પ્રસંગોની શરણાઇઓ ગુંજવા લાગી છે. આગામી મહિનાઓમાં ૭૦થી વધુ લગ્નો હોવાથી ચિક્કાર લગ્નગાળો છે તેને પગલે સોની બજારમાં ખરીદીનો ધમધમાટ વધવા લાગ્યો છે. ઝવેરી બજારના સૂત્રોએ કહ્યું કે છેલ્લા બે દિવસથી પ્રસંગો માટેની ખરીદીમાં નોંધપાત્ર વધારો છે. જ્વેલર્સ શો રૂમમાં ગ્રાહકોની સંખ્યામાં સારો એવો વધારો છે. ચાલુ સપ્તાહમાં ભાવોમાં તેજી હોવા છતાં લોકોની વધતી ખરીદી સૂચક છે. લોકો કમૂરતા પૂરા થવાની રાહ જ જોઇ રહ્યા હોય તેમ ખરીદી માટે નીકળવા લાગ્યા છે. ડીમાંડમાં સરેરાશ ૧૫ થી ૨૦ ટકાનો વધારો છે ત્યારે શો રૂમમાં પ્રવેશતા ગ્રાહકોની સંખ્યા ૫૦ ટકા જેટલી વધી ગઇ છે.

રાજકોટના જાણીતા ઝવેરીએ કહ્યું કે આવતા મહિનાઓમાં ચિક્કાર લગ્નો છે. ભાવો વધવા લાગ્યા છે, વધુ તેજી થવાની ગણતરીએ ખરીદી કરી લેવાનો મૂડ માલુમ પડી રહ્યો છે. બે દિવસ બાદ અમેરિકામાં નવા પ્રમુખ સત્તારૂઢ થવાના છે. ડોનાલ્ડ ટ્રમ્પ સત્તા સંભાળે તે પૂર્વે જ ડોલર મજબૂત બની ગયો છે. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં સોનાના ભાવ પણ વધ્યા છે. ટ્રમ્પ સત્તારૂઢ થયા બાદ સોનુ વધુ ઉંચકાશે તેવી ગણતરીની પણ અસર છે. આ ઉપરાંત ઇન્વેસ્ટમેન્ટરૂપી ખરીદી પણ વધી છે અને ત પાછળનું કારણ આગામી બજેટ છે. ૧લી ફેબ્રુઆરીએ રજુ થનારા કેન્દ્ર સરકારના સામાન્ય અંદાજપત્રમાં સોનાની આયાત જકાતમાં ફરી વધારો થવાની હવા માર્કેટમાં ફેલાયાનું છે.

માર્કેટમાં કેટલાંક દિવસોથી એવી વાત છે કે ચિંતાજનક સ્તરે પહોંચી રહેલી વેપાર ખાધને અંકુશમાં લેવા માટે આયાત-જકાતમાં વધારો કરશે. ગત બજેટમાં કેન્દ્ર સરકારે સોના-ચાંદી પરની આયાત જકાત ૧૫ ટકાથી ઘટાડીને ૬ ટકા કરી નાખી હતી જેને પગલે ભાવમાં ૧૦ ગ્રામે ૪૦૦૦નું ગાબડુ પડ્યું હતું. છેલ્લા મહિનાઓમાં સોનાની આયાતમાં પણ મોટો વધારો છે. સામે વેપારખાધ ચિંતાજનક રીતે વધવા લાગી છે. નવેમ્બરમાં વેપાર ખાધ ૩૨,૮૪ અબજ ડોલર થઇ હતી છતાં ગત વર્ષ ૨૦૨૩ના ડીસેમ્બરના ૧૮.૭૬ અબજ ડોલરથી વધુ હોવાની સરકારની વોચ છે. રૂપિયો નબળો પડ્યો છે અને નિકાસમાં ઘટાડા સામે આયાતમાં વૃદ્ધિથી વેપારખાધ વધવાની આશંકા છે તેને કારણે આયાત જકાત વધી શકે છે. ઝવેરીઓનો એક વર્ગ જો કે આયાત જકાત વધવાની શક્યતા નકારે છે. સરકારે માત્ર છ માસમાં નીતિ ન પલ્ટે તેવો તેમનો તર્ક છે.

### રૂ. ૫૦૦ ના ઉછાળા સાથે સોનું રૂ.૮૧૦૦૦ને પાર

રાજકોટ, તા.૧૭

અમેરિકાનું કોર ઈન્ફ્લેશન ડિસેમ્બરમાં ઘટ્યું હતું. ડોલર ઇન્ડેક્સ ઘટતાં સોનામાં ખરીદીનું આકર્ષણ વધ્યું જેને કારણે વર્લ્ડ માર્કેટમાં સોનું વધીને એક મહિનાની ટોચે ૨૭.૨૮ ડોલરની સપાટીએ અને ચાંદી વધીને ૩૧.૦૨ ડોલરની સપાટીએ પહોંચી હતી. સ્થાનિક માર્કેટમાં સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રાજકોટમાં રૂ.૫૦૦ વધ્યો હતો. જ્યારે ચાંદીનો ભાવ પ્રતિ કિલો ભાવ રૂ ૫૦૦ ઘટયો છે.

છેલ્લા કેટલાક સમયથી સોનામા તેજી જોવા મળી રહી છે. અને પગલે ભાવ મહિનાના ટોચે પહોંચ્યાં છે. છેલ્લા ૧ અઠવાડિયાથી સોના અને ચાંદીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. સોનાનો ભાવ ૮૧ હજારને પાર પહોંચી ગયો છે. જેથી રોકાણકારોની ચિંતામાં વધારો થયો છે. રાજકોટમાં આજે રૂ. ૫૦૦ ના વધારા સાથે સોનાનો ભાવ રૂ. ૮૧૮૫૦ નોંધાયો છે. જ્યારે ચાંદીનો ભાવ રૂ ૫૦૦ ઘટી ૯૪૦૦૦ નોંધાયો છે.

વર્લ્ડ માર્કેટમાં સોનું વધીને એક મહિનાની ટોચે પહોંચ્યું છે. જેને પગલે આજે સોનાના ભાવમાં ૫૦૦ રૂપિયાનો વધારો થયો છે. ૨૪ કેરેટ સોનાનો ભાવ ૮૧ હજાર રૂપિયાને પાર થઈ ગયો છે. જ્યારે ૨૨ કેરેટ સોનું ૭૪ હજાર રૂપિયાથી વધુ છે.સોનાના ભાવ સતત વધી રહ્યા છે. સોનાના ભાવ દરરોજ ગ્રીન એલર્ટ સાથે ખુલી રહ્યા છે. ભારતમાં ૨૪ કેરેટ સોનાની કિંમત ૧૦ ગ્રામ દીઠ ૮૧ હજાર રૂપિયા છે. ઘરેણાં ખરીદનારાઓ માટે ૨૨ કેરેટ સોનાના દર વિશે વાત કરીએ તો તેની કિંમત ૭૪ હજાર રૂપિયાથી વધુ છે.

# સુવિધાની દુવિધાઃ ફાસ્ટેગથી નિશ્ચિત કરતા વધારે રકમો કપાય જાય છે

### ગત વર્ષે સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન ૪.૨૯ લાખથી વધુ કેસોમાં ટોલની વધુ કપાયેલી રકમ પરત કરવી પડી



નવી દિલ્હી તા.૧૭

એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે પર સફર દરમિયાન વાહનો પર લાગેલા ફાસ્ટટેગથી ટોલ કાપવામાં ગરબડની ફરિયાદો વધી રહી છે. ફાસ્ટેગમાં વધારે રકમ કપાઈ જતી હોવાની ફરિયાદો ઉઠી છે.

નવેમ્બર ૨૦૨૪માં ફાસ્ટેગ કંપનીઓએ ફરિયાદો બાદ ૧.૨૮ લાખથી વધુ રકમ પાછી આપી છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં ખોટા ચાર્જ કપાવવાના મામલા વધ્યા છે. સપ્ટેમ્બરથી નવેમ્બર દરમિયાન ૪.૨૯ લાખ રૂપિયાથી વધુ રકમ પરત ચૂકવવી પડી હતી.

સપ્ટેમ્બર ૨૦૨૪માં સૌથી વધુ ૧.૭૩ લાખ ફાલતુ ટોલ કપાતની ફરિયાદનો કંપનીઓએ સ્વીકાર કર્યો હતો. તેમણે માન્યુ હતું કે ગરબડ થઈ છે. અધિકારીઓ કહે છે કે હજુ પણ દર મહિને ફાલતુ રકમ કપાવાથી સવા લાખથી વધુનામામલામાં ગ્રાહકોને પૈસા પરત કરવા પડે છે.

ચાર બેન્કોના કેસ વધ્યાઃ બેન્કીંગ ક્ષેત્રે સાથે જોડાયેલ ૧૨ કંપનીઓ ફાસ્ટેગની સેવા આપે છે. ફરિયાદો મામલે આઈડીએફસી ફર્સ્ટ બેન્કના સૌથી વધુ ગ્રાહકો છે.

ત્યારબાદ આઈસીઆઈસીઆઈ બેન્ક, યસ બેન્ક અને એકિસસ બેન્કનો નંબર આવે છે. ફાસ્ટેગમાં કટ થયેલી રકમ પરત આપવાના મામલામાં આ બેન્કો વધુ છે.

### રાજકોટના શિક્ષણ જગતના સુવર્ણ કાળના સહભાગી બધેકા સાહેબનું જીવન સમર્પિત હતું : સેંકડો છાત્રોને સફળ રાહ પર આગળ વધવા પ્રેરણા આપી..

# ખરા ગુરૂ; અક્ષર મંદિર સામેના સર્વિસ રોડનું 'પ્રભાકર બધેકા માર્ગ' નામકરણ



### વિરાણી હાઈસ્કુલના સૌથી પ્રિય શિક્ષકે પોતાની સંપત્તિમાંથી ટ્રસ્ટ રચનાની પ્રેરણા આપી હતી : હા.બોર્ડના ઘરને 'ધર્મયુદ્ધ અને વિજય' નામાભિધાન કર્યુ હતું..

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વોર્ડ નં.૮માં આવેલ કાલાવડ રોડ, સ્વામી નારાયણ મંદિર સામેના, હાઉસિંગ બોર્ડનાં ક્વાટર્સ તરફ જવાના સર્વિસ રોડને પ્રભાકર બધેકા માર્ગ નામકરણ કરવાનું મંજુર કરવામાં આવેલ હતું. આ સર્વિસ રોડને પ્રભાકર બધેકા માર્ગ જાહેર કરવા નામકરણની તકતીનું અનાવરણ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના હસ્તે આજે કરવામાં આવ્યું છે.

પ્રભાકર જે.બધેકા (શામજી વેલજી વિરાણી હાઈસ્કુલના લોકપ્રિય વિજ્ઞાન શિક્ષક) એ પોતાની સંપતિમાંથી ટ્રસ્ટ રચના માટેનો મુળ મુસદ્દા તૈયાર કરી, વર્ષ ૧૯૯૫માં ઘણાં વિદ્યાર્થીઓને મોકલ્યો હતો. એક શિક્ષક બદલતા સમાજને તેના મુલ્યોને અને સત્ય, પ્રેમ, કરુણા, કુટુંબજીવન, મહાયુધ્ધોની અસરને એક દાર્શનિકની અદાથી કેવી રીતે જુએ છે, તે મુસદ્દો તૈયાર કરેલ હતો.

જીવનભર વિજ્ઞાન શિક્ષક તરીકે પ્રસિદ્ધ એવા આદરણીય બધેકા સાહેબ ટ્રસ્ટના મુસદ્દામાં તેમના જ પ્રિય વિદ્યાર્થીઓના આગ્રહને માન આપીને તેમના ટ્રસ્ટમાં વિજ્ઞાન શબ્દ ઉમેરવાની તેમજ વિજ્ઞાન પ્રવૃત્તિઓને સામેલ કરવાનું સ્વીકારેલું હતું. સુપ્રીમ કોર્ટના દરવાજે લગભગ એકલે હાથે લડત આપીને સ્વઘરે પુનઃસ્થાપિત થયેલા પ્રભાકર બધેકા એ તેમના એમ-૬૭ અને એમ-૬૮ હાઉસિંગ બોર્ડના ફલેટને કાનૂની લડત પછીના વિજયની સ્મૃતિમાં "Crusade Triumph' (ધર્મયુદ્ધ અને વિજય) એવું નામાભિધાન કર્યુ હતું.

શ્રી પ્રભાકર બધેકા અદભૂત વાંસળીવાદક હતા. સૂરોના અવાજને ગાણાંતિક સંજ્ઞા કેવી રીતે અપાય તેનો કલાકો સુધી ચર્ચા વિરાણી હાઇસ્કુલના ગુજરાત ખ્યાત ગણિત શિક્ષક શ્રી વી.ર. અંતાણી સાથે કરતા જોવા મળતા હતા. કેમિકલ ટેકનોલોજી શાળાકીય અભ્યાસમાં પ્રથમ જ વાર આઠમાં ધોરણથી દાખલ કરવામાં શ્રી પ્રભાકર બધેકા ગુજરાતમાં પ્રથમ હતા. જીવનભર વિદ્યાને વરીને સેંકડો વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં ફાળો આપ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશને તેમના નિવાસવાળી શેરીને પ્રભાકર બધેકા માર્ગ આપીને સાચા શિક્ષકનું ગૌરવ પ્રસ્થાપિત કર્યુ છે.

આ પ્રભાકર બધેકા માર્ગ નામકરણ તકતી અનાવરણ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો.દર્શીતાબેન શાહ, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, વોટર વર્કસ સમિતિ ચેરમેન અને વોર્ડ નં.૮ના કોર્પોરેટર અશ્વિનભાઈ પાંભર, કોર્પોરેટર ડો.દર્શનાબેન પંડ્યા, પ્રીતિબેન દોશી, શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ કિરણબેન માંકડિયા, વોર્ડ નં.૮ના પ્રમુખ દેવકરણભાઈ જોગરાણા, સામાજિક અગ્રણીઓ કિશોરભાઈ ત્રિવેદી, અનામિકભાઈ શાહ, ડો.લક્ષ્મણ ચાવડા, ડો.ગૌરાંગ દવે, ડો.અતુલ રાઠોડ, હરેન્દ્રસિંહ ડોડીયા, ડો.જીજ્ઞેશ દોશી, અનિલભાઈ, આર્કિટેક સંજીવ શાહ, ડો.મકરંદ વાઈકર, રશ્મીભાઈ પટેલ, ડો.અવિનાશ મારૂ, એમ.આર.જોશી, સેક્રેટરી ડો.એચ. પી.







રૂપારેલીઆ, મેનેજર અને પી. એસ. ટુ મેયર વિપુલ ઘોણીયા, વોર્ડ એન્જી. ભાવેશ ધામેચા, ના. પર્યાવરણ ઇજનેર વલ્લભ જીંજાળા, એડી.આસી.એન્જી. રમેશ ભારદ્વાજ, સેનેટરી ઇન્સ્પેક્ટર ગઢવીભાઈ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મોઢેરાના સૂર્યમંદિરે ઉત્તરાર્ધ મહોત્સવઃ ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યો યોજાશે

### તા.૧૮થી૧૯ દરમિયાન ભરત નાટયમ, ઓડીસી, કૂચીપૂડી, કથ્થક, કથકલી નૃત્યો રજૂ થશે



મોઢેરા તા.૧૭

મોઢેરા સૂર્યમંદિર ખાતે ઉત્તરાર્ધ ઉત્સવ ૨૦૨૫નું આયોજન થયું છે. બે દિવસના આ મહોત્સવમાં ભારતના વિવિધ શાસ્ત્રીય નૃત્યની રજૂઆત થશે.

વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં ભવ્ય ઉત્તરાર્ધ મહોત્સવ- ૨૦૨૫નું તા.૧૮ અને ૧૯ જાન્યુઆરીના રોજ આયોજન કરવામાં આવશે. પ્રાચીન નગરી મોઢેરા ખાતે અદ્વિતિય સ્થાપત્ય કલા અર્ચના અને શાસ્ત્રીય નૃત્યનો નગર ઉત્સવ ઉજવવામાં આવતો હતો. આ વર્ષે ઉત્તરાર્ધ મહોત્સવમાં ભરત નાટયમ - ઓડીસી - કુચીપૂડી - મોહિની અટ્ટમ - કથ્થક- કથકલી - મણિપુરી - કથક અને સતરીયા જેવાં શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ આ મહોત્સવમાં પ્રસ્તુત કરવામાં આવશે.

ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિ એટલે કે સૂર્યના ધનુ અને મકર પ્રવેશના મધ્ય-અર્ધ સમયે જ્યારે શિયાળો અંત તરફ જઇ રહ્યો હોય અને દિવસ લાંબો-મોટો થવાની શરૂઆત થતી હોય તેવા 'અર્ધ' અવસરે શાસ્ત્રીય નૃત્યનો આ ઉત્સવ સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા રહેલી છે. મોઢેરાનું સૂર્યમંદિર સૂર્ય અને ગ્રહોની સ્થિતિ તથા સૂર્યના પૃથ્વી ભ્રમણના આદિકાળના ઇજનેરી કૌશલ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે તેના પરિણામે સૂર્યમંદિરના પરિસરમાં આ ઉત્સવ ઉજવાય છે.

ભારતીય શાસ્ત્રીય નૃત્યોની ભવ્ય-ગુરૂ શિષ્ય પરંપરાનો પરિચય લોકોમાં વ્યાપક બને તે હેતુથી આ ઉત્તરાર્ધ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ- ૧૯૯૨થી રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને જિલ્લા વહીવટીતંત્રના સંયુકત ઉપક્રમે આ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.ઉત્તરાર્ધ મહોત્સવના દ્વિ- દિવસીય કાર્યક્રમમાં દેશભરના જુદા જુદા કલાક્ષેત્રના કલાકારો દ્વારા કાર્યક્રમ રજૂ કરવામાં આવશે

### રાષ્ટ્રપતિ ભવનમાં નેશનલ સ્પોર્ટસ એવોર્ડ સમારોહ યોજાયો

# રાષ્ટ્રપતિ મુર્મુના હસ્તે મનુ ભાકર, ગુકેશ, હરમનપ્રીતસિંહ અને પ્રવિણકુમારને ખેલરત્ન એવોર્ડ એનાયત

### અન્ય ૩૪ ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અર્જુન પુરસ્કારથી સન્માનિતઃ એસ.મુરલીધરન, અરમાંડો એગનેલો સહિત પાંચ કોચને દ્રોણાચાર્ય એવોર્ડ અર્પણ



નવી દિલ્હી તા.૧૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા આજે રાષ્ટ્રપતિ ભવનમાં ખેલરત્ન પુરસ્કાર વિજેતા ખેલાડીઓને પુરસ્કાર એનાયત કરાયા હતા.

પેરિસ ઓલિમ્પિકમાં બે ઓલિમ્પિક ચંદ્રક જીતનાર ભારતની મહિલા નિશાનેબાજ મનુ ભાકર અને વિશ્વ શતરંજ ચેમ્પિયનશિપના વિજેતા ભારતીય ગ્રાન્ડ માસ્ટર ડી.ગુકેશ સહિત ચાર ખેલાડીઓને ખેલરત્ન પુરસ્કારથી સન્માનીત કરાયા હતા. મનુ ભાકર અને ગુકેશ ઉપરાંત ભારતીય પુરુષ હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીતસિંહ અને પેરાલેપિયન પ્રવિણકુમારને પણ ખેલરત્ન પુરસ્કારથી સન્માનીત કરાયા હતા.

ઉલ્લેખનીય છે કે ૨૨ વર્ષની મનુ એક જ ઓલિમ્પિકમાં બબ્બે ચંદ્રક જીતનાર સ્વતંત્ર ભારતની પ્રથમ ખેલાડી બની હતી. આ ઉપરાંત પેરિસ ઓલિમ્પિકમાં ૧૮ વર્ષના હરમનપ્રિતસિંહ વિજેતા બન્યા હતા. અન્ય ૩૪ ખેલાડીઓને અર્જુન પુરસ્કારઃ ખેલરત્ન ઉપરાંત ૩૪ ખેલાડીઓને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે અર્જુન એવોર્ડથી સન્માનીત કરાયા હતા. જેમાં એથ્લીટ સુચા સિંહ, પેરા સ્વીમર મુરલીકાંત રાજારામ પેટકરને અર્જુન એવોર્ડ લાઈફટાઈમ પુરસ્કારથી સન્માનીત કરાયા હતા. બહેતર કોચીંગ માટે પાંચ લોકોને દ્રોણાચાર્ય પુરસ્કારથી સન્માનીત કરાયા હતા, જેમાં બેડમીન્ટન કોચ એસ.મુરલીધરન અને ફુટબોલ કોચ અરમાંડો એગનેલો કોલાકોને લાઈફ ટાઈમ વર્ગમાં સન્માનીત કરાયા હતા. આ તકે ખેલમંત્રી મનસુખ માંડવીયા હાજર હતા.

### ઓનલાઇન રીટેઇલ સ્ટોર, મોલ અને ક્વીક કોમર્સ સામે સ્પર્ધામાં ટકી રહેવા મોટી કંપનીઓ કિરાણા સ્ટોરની મદદે

# હવે રૂા.૫ થી ૩૦ સુધીના બીસ્કીટ, ખાદ્યતેલ સહિતના નાના પેક ફક્ત કિરાણા સ્ટોરમાં મળશે

### કંપનીઓ દ્વારા હવે સસ્તા પેકીંગ ઇ-કોમર્સ કે ક્વીક કોમર્સ ઉપરાંત મોલને નહીં આપવા નિર્ણયઃ પારલે, હિન્દુસ્તાન લીવર, આઇટીસી અને અદાણી વિલ્મરે હાથ મીલાવ્યા



મુંબઇ, તા.૧૭

દેશમાં ઓનલાઇન કિરાણામાં પણ હવે ક્વીક કોમર્સની એન્ટ્રી થઇ છે અને આ પ્રકારે ફકત ૧૦ મીનીટમાં જ ડીલીવરી કરતી કંપનીઓ બજાર કરતાં પણ સસ્તાભાવે બિસ્કીટથી લઇ શેમ્પુ અને અન્ય ખાદ્યપદાર્થો પહોંચાડતા હોવાના દાવાથી કિરાણા સ્ટોર માટે સ્પર્ધામાં ટકી રહેવું મુશ્કેલ બની ગયું છે. તે વચ્ચે હવે કન્ઝયુમર્સ ગુડઝ બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓ હવે કિરાણા સ્ટોરની બહાર આવી છે અને તેમના માટે ખાસ પેકીંગ બનાવશે. આ કંપનીઓનો અત્યાર સુધીનો બિઝનેશ નાના કિરાણા સ્ટોર્સએ વિકાવ્યો છે. અને હવે ક્વીક કોમર્સ કંપનીઓ અને રીટેઇલ કંપનીઓ તે છીનવી રહી છે. લોકોની શોપીંગ આદત બદલાય છે પરંતુ કિરાણા સ્ટોરનું અસ્તિત્વ ટકી રહે તે માટે હવે આઇટીસી, હિન્દુસ્તાન લીવર, પારલે, બ્રિટાનીયા સહિતની કંપનીઓએ ખાસ પ્રોડક્ટ ખાસ પેકીંગ સાથે કિરાણા સ્ટોર ચેનલને ઉપલબ્ધ કરાવવા તૈયારી કરી છે જેનાથી ગ્રાહક ઓનલાઇન મળતા પેકીંગ અને કિરાણા સ્ટોરથી મળતા પેકીંગ વચ્ચેનો તફાવત પણ પારખી શકશે. પારલે-જી ટૂંક સમયમાં રૂા.૧૦નું પેકીંગ

### ક્વીક કોમર્સમાં રૂા.૧૨૦ થી ૧૫૦ના જ પેકીંગ શરૂ થશેઃ કિરાણા સ્ટોરનો બિઝનેસ ટકી રહે અને લોકોને નાના પેકીંગ મળે તે માટે જબરી તૈયારી

ક્વીક કોમર્સ કે ઓનલાઇન સ્ટોરને ઉપલબ્ધ બનાવશે નહીં પરંતુ તે ફક્ત રીટેલ કિરાણા સ્ટોરને જ મળશે. આ જ રીતે હિન્દુસ્તાન લીવર, આઇટીસી, પારલે, અદાણી વિલમરએ પણ કિરાણા સ્ટોર માટે અલગથી પેકીંગ ચાલુ કર્યા છે. પારલેએ તેના પારલે-જી, હાઈડ એન્ડ સીક, ક્રેકજેક, મોનેકોના અલગથી પેકીંગ ક્વીક કોમર્સ માટે લોંચ કર્યા છે અને તેની કિંમત રૂા.૫૦ થી ૧૦૦ હશે જ્યારે રૂા.૧૦ થી ૩૦ સુધી અને રૂા.૫ના પેક ફક્ત કિરાણાના સ્ટોરને જ ઉપલબ્ધ કરાશે. આ ઉપરાંત મોટા રીટેઇલ ચેઇન રીલાયન્સ, ડી-માર્ટ અને અન્ય કંપનીઓને પણ રૂા.૧૨૦ થી ૧૫૦ના પેક આપશે. પણ નાના પેકીંગ તેમને મળશે નહીં કિરાણા સ્ટોર સ્પર્ધામાં ટકી રહે અને સામાન્ય ગ્રાહકને પણ નાના પેકીંગ મળી રહે તે માટે આ તૈયારી છે. અદાણી ગ્રુપની અદાણી વીલમરે પણ તેના કુકીંગ ઓઇલના ખાસ પેકીંગ લોંચ કર્યા છે જે ક્વીક કોમર્સ માટે છે. જ્યારે રીટેઇલ માટે તેના નાના પેક યથાવત રહેશે. ક્વીક કોમર્સ કંપનીઓ જે રીતે પોતાનો બીઝનેશ વધારી રહી છે તેની સામે કિરાણા સ્ટોરને મદદ કરવા આ મલ્ટીનેશનલ કંપનીઓએ તૈયારી કરી છે. હજુ સુધી જો કે કિરાણા સ્ટોરમાંથી ખરીદી કરતા પાંચ ટકા લોકો જ ક્વીક કોમર્સ ભણી વળ્યા છે.

### અત્યાર સુધીમાં ૧૫ પૈકી ૬ આરોપીએ બિન તહોમત છોડી મુકવા કોર્ટમાં માંગ કરી છે

# અગ્નિકાંડના આરોપી નં.૧ની રાજકોટ સેશન્સ કોર્ટમાં અરજી : સરકાર પક્ષ ક્યાં ક્યાં સાક્ષીને તપાસવાના છે તે જાહેર કરી લેખિતમાં કેસ ઓપન કરે

### ટીઆરપી ગેમઝોન ધવલ એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટર ધવલ ઠક્કરે અરજી કરતા પોતાના ડિસ્ચાર્જ અરજીના હકો પણ અબાધિત રાખવા માંગ કરી : ખરાખરીનો કાનૂની જંગ શરૂ

### ગેમઝોનના મેનેજર નીતિન લોઢાએ પણ ડિસ્ચાર્જ અરજી કરી અને એવી માંગ કરી કે ક્યાં ક્યાં પુરાવા સરકાર પક્ષ રજૂ કરશે તે જાહેર કરે

રાજકોટ, તા.૧૭

ગુજરાતભરમાં ચકચાર મચવનાર રાજકોટના ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં હવે ખરાખરીનો કાનૂની જંગ શરૂ થયો છે. અગ્નિકાંડના આરોપી નં.૧ ધવલ ઠક્કરે રાજકોટ સેશન્સ કોર્ટમાં એક અરજી કરી છે. જેમાં માંગ કરી છે કે, સરકાર પક્ષ ક્યાં ક્યાં સાક્ષીને તપાસવાના છે તે જાહેર કરી લેખિતમાં કેસ ઓપન કરે. ગેમઝોનના મેનેજર નીતિન લોઢાએ પણ ડિસ્ચાર્જ અરજી કરી અને એવી માંગ કરી કે ક્યાં ક્યાં પુરાવા સરકાર પક્ષ રજૂ કરશે તે જાહેર કરે. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૫ પૈકી ૬ આરોપીએ બિનતોહમત છોડી મુકવા કોર્ટમાં અરજી કરી છે.

સમગ્ર વિગત જોઈએ તો, તા.૨૫ મે ૨૦૨૪ની સાંજે રાજકોટના નાના મવા રોડ નજીક સયાજી હોટલ પાછળ આવેલ ટીઆરપી ગેમઝોનમાં આગ લાગતા ૨૭ લોકોના મોત થયા હતા અને ત્રણેક લોકોને ઇજા થઇ હતી. જે અંગે પોલીસે ફરિયાદી બની ફરિયાદ નોંધી હતી. આ બનાવમાં ૧૬ આરોપી સામે ગુનો દાખલ થયો છે. જેમાં ટીઆરપી ગેમઝોનના સંચાલકો (૧) ધવલ ભરત ઠક્કર (ધવલ કોર્પોરેશનના પ્રોપરાઇટર), રેસવે એન્ટરપ્રાઇઝના ભાગીદારો (૨) અશોકસિંહ જગદીશસિંહ જાડેજા, (૩) કિરીટસિંહ જગદીશસિંહ જાડેજા, (૪) પ્રકાશચંદ કન્હેયાલાલ હીરન, (૫) યુવરાજસિંહ હરીસિંહ સોલંકી, (૬) રાહુલ લલિત રાઠોડ, ગેમઝોન મેનેજર (૭) નીતિન મહાવીરપ્રસાદ લોઢાજૈન, રાજકોટ મહાનગર પાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસર (૮) મનસુખ ધનજી સાગઠીયા, આસિસ્ટન્ટ ટીપીઓ (૯) ગૌતમ દેવશંકર જોષી, આસિસ્ટન્ટ ટીપીઓ (૧૦) મુકેશ રામજી મકવાણા, કાલાવડ રોડ ફાયર સ્ટેશનના ફાયર સ્ટેશન ઓફિસર (૧૧) રોહીત આસમલ વિગોરા, ટીપી શાખાના આસિસ્ટન્ટ એન્જીનીયર (૧૨) જયદીપ બાલુ ચૌધરી (૧૩) રાજેશ નરશી મકવાણા, ચીફ ફાયર ઓફિસર (૧૪) ઇલેશ વાલા ખેર, ડેપ્યુટી ચીફ ફાયર ઓફીસર (૧૫) ભીખા જીવા ઠેબા અને ગેમઝોન ખાતે ફેબ્રિકેશનનો કોન્ટ્રાકટ રાખનાર (૧૬) મહેશ અમૃત રાઠોડ સામે ગુનો નોંધાયો હતો. જેમાં અગ્નિકાંડના બનાવમાં પ્રકાશચંદ કન્હેયાલાલ હીરનનું મોત થયું હતું. જેથી બાકીના ૧૫ આરોપીની ધરપકડ કરી રિમાન્ડ બાદ જેલ હવાલે કરાયા હતા. હાલ તમામ આરોપી જેલમાં જ છે.




આ કેસમાં ચાર્જશીટ થયા બાદ સેશન્સ અદાલતમાં ચાર્જ ફ્રેમ થાય તે પહેલા ૬ આરોપી મનસુખ સાગઠીયા, ભીખા ઠેબા, ગૌતમ જોશી, રાજેશ મકવાણા, જયદીપ ચૌધરી અને છેલ્લે નીતિન લોઢાએ કોર્ટમાં ડિસ્ચાર્જ અરજી એટલે કે પોતાનો કોઈ વાંક ગુનો નથી. તેની સામે ચાર્જશીટમાં જે કલમો લાગી છે તે મુજબ તેમનો કોઈ રોલ નથી એટલે બિન તોહમત છોડી મુકવા માંગ કરી છે. આ અરજી થતા તેની આજે મુદત નક્કી કરાઈ હતી. આ મુદતે ધવલ ઠક્કરે કોર્ટમાં એવી અરજી કરી કે, સરકાર પક્ષ (પ્રોસિક્યુશન) પોતાનો કેસ લેખિતમાં ઓપન કરે, ક્યાં પુરાવા મુકવાના, ક્યાં સાક્ષીને તપાસવાના વગેરે વિગત સાથે લેખિત કેસ ઓપન કરે. આ અરજી થતા હવે કોર્ટે આગામી ૩૦ જાન્યુઆરીની મુદત નક્કી કરી છે. આ કેસમાં સ્પેશલ પી.પી. તુષાર ગોકાણી, ભોગ બનનાર પરિવાર વતી રાજકોટ બાર એસો. તરફથી એડવોકેટ સુરેશ ફળદુ, અન્ય એક ભોગ બનનાર વતી એન.આર.જાડેજા રોકાયા છે.

### હાઇકોર્ટમાં જામીન અરજીઓ પર સુનાવણી

# અગ્નિકાંડ પહેલા આસી. એન્જી. જયદીપ ચૌધરીએ ગેમઝોનની વિઝીટ કરી પણ માચડો હટાવવા કાર્યવાહી ન કરી : જામીન ન આપવા દલીલ

### જે – તે સમયે ટીઆરપી ગેમઝોનનું ગેરકાયદેસર ઈન્ફ્રાસ્ટ્રક્ચર તોડી પાડ્યું હોત તો નિર્દોષ લોકોના જીવ ન ગયા હોત : કાર્યલોપ હોવાની રજુઆત

રાજકોટ, તા.૧૭

હાઇકોર્ટમાં અગ્નિકાંડના આરોપીઓની જામીન અરજીઓ પર સુનાવણી થઈ રહી છે. જેમાં જયદીપ ચૌધરીની જામીન અરજી પર સરકાર અને ફરિયાદી પક્ષની દલીલ થઈ હતી. જે મુજબ અગ્નિકાંડ પહેલા આસી. એન્જી. જયદીપ ચૌધરીએ ગેમઝોનની રૂબરૂ મુલાકાત લઈ સ્થળ વિઝીટ કરી હતી. તે જાણતા હતા કે ટીઆરપી ગેમઝોનનું ઇન્ફ્રાસ્ટક્ચર ગેરકાયદેસર છે. છતાં પણ તે માચડો હટાવવા કાર્યવાહી ન કરી. જે - તે સમયે ટીઆરપી ગેમઝોનનું ગેરકાયદેસર ઇન્ફ્રાસ્ટક્ચર તોડી પાડ્યું હોત તો નિર્દોષ લોકોના જીવ ન ગયા હોત. આ કાર્યલોપ છે. જેથી જામીન ન આપવા દલીલ કરાઈ હતી.

ટીઆરપી અગ્નિકાંડ કેસમાં રાજકોટ સેશન્સ કોર્ટે ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજીઓ રદ કરતા આરોપીઓ કિરીટસિંહ જાડેજા, અશોકસિંહ જાડેજા, મનસુખ સાગઠીયા, ઈલેશ ખેર, રાજેશ મકવાણા અને જયદીપ ચૌધરીએ હાઇકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. અહીં આ આરોપીઓએ જામીન અરજી કરી છે. જેના પર આજે હાઇકોર્ટમાં વધુ સુનાવણી થઈ હતી. રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ ૨૭ નિર્દોષ લોકો આગમાં જીવતા ભૂંજાયા હતા અને કમકમાટી ભર્યા મોતનો ભોગ બન્યા હતા. સરકારે જેતે સમયે બનાવને ગંભીરતાથી લઈ ટીઆરપી ગેમઝોનના ભાગીદારો, સંચાલકો અને મહાનગરપાલિકા અધિકારીઓ સહિત ૧૫ શખ્સોની ધરપકડ કરી જેલ હવાલે કરી દીધા હતા. ૭ મહિના જેટલાં સમયથી આ આરોપીઓ જેલમાં જ છે.

રાજકોટ સેશન્સ અદાલતમાં અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, ફાયર ઓફિસર ઈલેશ ખેર, ચીફ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠીયા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર રાજેશ મકવાણા, આસી. ટાઉન પ્લાનિંગ ઓફિસર જયદિપ ચૌધરીએ જામીન અરજી કરેલી, પણ સેશન્સ કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી. જેથી આ આરોપીઓએ એક બાદ એક ગુજરાત હાઇકોર્ટમાં રેગ્યુલર જામીન મેળવવા અરજી કરી હતી. જેની આજે વધુ સુનાવણી થઈ હતી. જેમાં જયદીપ ચૌધરીની જામીન અરજી પર આજે સરકાર પક્ષે અને ફરિયાદી પક્ષે દલીલો થઈ. બપોર બાદ જયદીપ તરફે દલીલો થશે. અગાઉ અન્ય આરોપીઓ તરફે દલીલો તંગી ગઈ હોવાથી હવે હાઇકોર્ટ જામીન અરજીઓ પણ ચુકાદો આપે છે કે પછી આગામી મુદત નક્કી કરે તે બપોર બાદ નક્કી થશે. ઉલ્લેખનીય છે કે, એટીપીઓ ગૌતમ જોશીએ પણ હાઇકોર્ટમાં અરજી કરી છે પણ તે અરજી હજુ ચાલવા પર આવી નથી તેવું જાણવા મળે છે.

ગુજરાત હાઇકોર્ટમાં સરકાર પક્ષે સ્પે.પી.પી. તરીકે વિરાટ પોપટ, ભોગબનનાર વતી એડવોકેટ નરેન્દ્રસિંહ જાડેજા, ભાવેશ હજારે અને રાજકોટની કોર્ટમાં સ્પેશિયલ પીપી તુષાર ગોકાણી, બાર એસો. વતી ભોગ બનનાર પક્ષે સુરેશ ફળદુ રોકાયેલા છે.

## ક્રિકેટ સટ્ટા

(છેલ્લા પાનાનું ચાલું)

જોતા રૂ.૧૪૩૯૧ અને હાર્દિક ૨૮ તથા વેડફેન નામના ગ્રાહકો હોય જેની સાથે ઓનલાઇન ક્રિકેટ મેચમાં સટ્ટો રમતો હોવાનું ખુલ્યું હતું. આરોપી પાસે રહેલ સુપર આઇ.ડી.માં બેલેન્સ જોતા રૂા.૭,૯૬,૮૨૫ જોવામાં આવેલ છે તથા ગ્રાહકો જોતા સાંકેતીક ભાષામાં ગ્રાહકોના નામ લખેલ હોય જેની સાથે પણ ક્રિકેટ સટ્ટો રમતો હોવાનું સામે આવ્યું હતું તેમજ સુમિત ૭૭ ટાઇગર નામની આઈડીમાં બેલેન્સ જોતા રૂ.૩૪૪ જોવામાં આવેલ અને સાંકેતીક ભાષામાં ગ્રાહકોના નામ લખેલ હતાં. જેમની સાથે પણ તે ક્રિકેટ સટ્ટો રમતો હતો. ઉપરાંત સ્મિત ફળદુ નામની આઈડી પર ગ્રાહકોના સાંકેતીક ભાષામાં નામ લખેલ હતાં અને તેમાં પણ તે ક્રિકેટ સટ્ટો રમતો હતો. જે બાબતે આરોપીને પુછતા જણાવેલ કે, પોતે માસ્ટર આઇ.ડી.માંથી મેચોમાં રન ફેરના સોદાઓ થઇ શકે તે માટે અન્ય લોકોને જુગાર રમવાની આઇડી મોબાઇલ મારફતે ફોરવર્ડ કરી આઇડીના રૂપીયા લઇ સટ્ટો રમાડતો હતો. પીસીબીની ટીમે બુકી સ્મિત પટેલ પાસેથી એક લેપટોપ, આઈફોન અને કાર મળી કુલ રૂા.૨.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યા હતાં. વધુમાં જણાવ્યું હતું કે, બુકીએ ગૂગલ ક્રોમ પર જુગારની આઇડીની સર્વર જ રૂા.૨ લાખમાં ખરીદી અલગ અલગ આઈડી પંટરોને સપ્લાય કરી જુગાર રમાડતો હતો. માસ્ટર આઈડીમાં રમનાર પંટરો પણ હાથવેંતમાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

## લૂંટ

(છેલ્લા પાનાનું ચાલું)

દવાખાને જવુ છે તો અહિ નજીકમાં ક્યાં સરકારી દવાખાનુ આવેલ છે જેથી તેઓએ જણાવેલ કે, આજે દવાખાનુ બંધ હશે ત્યારે એક અજાણ્યા બહેન આવેલ અને કહેલ કે, મારે પણ દવાખાને જવુ છે તો ચાલો હું તમને સરકારી દવાખાને લઈ જાવ, તે બહેન સાથે એક અજાણ્યો પુરૂષ પણ હતો અને તે બહેન ચા ની કેબીનેથી ચા લાવી પીવડાવેલ હતી.

ત્યારબાદ તેમનું માથુ થોડુ ભારે લાગવા લાગેલ અને તે બહેન પાછળ તેઓ ચાલવા લાગેલ અને ભાઈ એક મોપેડ લઈ પાછળ પાછળ આવતા હતા. તેઓને મવડી તરફ લઇ ગયેલ અને ત્યારે ચાલતા ચાલતા આ ભાઈ સોડા લાવી તેમને પીવડાવેલ હતી. આગળ જતા માથુ વધારે ભારે લાગતા તેઓએ બેસવાનુ કહેલ હતુ અને રસ્તામાં મવડી કણકોટ રોડ ડ્રીમ સીટી ચોક નજીક અવાવારૂ જગ્યાએ રેતીના ઢગલા પાસે બેઠેલ હતા. તેઓનું માથુ ભારે લાગતુ હતુ ત્યારે તે બહેને કહેલ કે, થોડીવાર નિંદર કરી જાવ પરંતુ તેઓએ ના પાડેલ હતી. બાદમાં દાગીના વિષે પૂછી તે બહેન રેતીના ઢગલામાં આડા પડેલ અને તેઓને આરામ કરવાનું કહેતા તેને ના પાડતા ફડાકા મારવા લાગતાં તેઓ અર્ધ બેભાન જેવી થઇ જતા તે બંને સોનાની બુટી, નાકમાં પહેરેલ સોનાનો દાણો તથા પાકીટમાં પડેલ રોકડા રૂપિયા લૂંટી નાસી છૂટયા હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ક્રાઈમ બ્રાન્ચનીતાલુકા પોલીસની ટીમે તપાસમાં ઝંપલાવી કેફી પીણું પીવડાવી વૃધ્ધ મહિલાઓને બેભાન કરી લૂંટ ચલાવતી બંટી-બબલીને સકાંજામાં લઈ સઘન પૂછતાછ હાથ ધરી વધું લૂંટના ભેદ ખોલવા તજવીજ હાથ ધરી હતી. ઉપરાંત પોલીસે જણાવ્યું હતું કે, ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાયેલ ગુનાનો પણ ભેદ ઉકેલી વધું તપાસ હાથ ધરી છે.

## વિમાન

(છેલ્લા પાનાનું ચાલું)

સંક્રાંતિ સ્નાન પર્વના દિવસે ૫૨૫૦ યાત્રીઓએ વિમાન યાત્રા કરી હતી, જે અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો છે. ૩૮ ફ્લાઈટનું આવન-જાવન થયું હતું, જેમાં દિલ્હી, દહેરાદૂન અને બિલાસપુરની ફ્લાઈટ પુરેપુરી ફુલ રહી હતી. ૧૩ જાન્યુઆરીએ ૪૨૫૨ યાત્રીઓએ સફર કરી હતી. ૨૯મી જાન્યુઆરીએ મૌની અમાસના અવસર મહાકુંભમા ૮થી૧૦ કરોડ શ્રદ્ધાળુઓ આવવાની સંભાવના છે. તેમાં વિમાન યાત્રા કરનારાઓની સંખ્યા પણ વધુ રહેવાની સંભાવના છે.

કેટલું ભાડુ વધ્યું: દિલ્હીથી પ્રયાગરાજના વિમાન ભાડામાં ૨૧ ટકાનો વધારો થયો છે. મુંબઈથી પ્રયાગરાજમાં ૧૩ ટકા, બેંગ્લુરુથી પ્રયાગરાજમાં ૮૯ ટકા અને અમદાવાદથી પ્રયાગરાજમાં ૪૧ ટકા ભાડા વધારો થયો છે.

## હાઈકોર્ટ

(છેલ્લા પાનાનું ચાલું)

સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ તેઓની ફરિયાદ લેવામાં આવી નહોતી આથી આ ફરિયાદ લેવાનો હુકમ કરવો જોઈએ. ચુડાસમાના વકીલ દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે દરેક ધારાસભ્યને સરકારી ગ્રાન્ટમાંથી જે પણ કામ કરવામાં આવે છે તેના ઉપર તેમનો ફોટો અને નામ લખવા બાબતના વર્ષ ૨૦૦૨ અને વર્ષ ૨૦૦૫ ના સ્પષ્ટ પરિપત્રો હોવા છતાં અધિકારીઓએ તેમની સાથે ભેદભાવ રાખીને વિમલ ચુડાસમા ના ફોટા હટાવી દેવાનું કૃત્ય કરેલ છે. જ્યારે બીજા કોઈ ધારાસભ્ય સાથે આવું કૃત્ય કરવામાં આવતું નથી. ગુજરાતમાં ૧૮૨ વિધાનસભાઓ છે ત્યાં તો આવું કોઈ જ કરવામાં આવતું નથી આ માત્ર રાજકીય બદઈરાદાપૂર્વક કરવામાં આવેલું કૃત્ય છે.

જોકે આ કેસને સુનાવણી દરમિયાન જસ્ટિસ સંદીપ ભટ્ટ દ્વારા ટકોર કરવામાં આવી હતી કે આવા બોર્ડ ઉપર ધારાસભ્યોના ફોટા મુકવાની જરૂરિયાત શું છે? આ તેઓના પૈસા કામ કરવામાં આવે છે કે પ્રજાના પૈસા હોય છે? ધારાસભ્ય પોતાના ગજવામાંથી તો પૈસા આપતા નથી તો પછી ફોટા મુકવાની ક્યાં જરૂર છે? આ એક બહોળો વિષય છે અને પ્રજાના હિતનો વિષય છે. વિકાસના કામો માટે યશ લેવામાં આવતું હોય તો પછી તૂટેલા રસ્તા તથા અન્ય સમસ્યાઓ બાબતે અપજશ લેવાની પણ તૈયારી રાખવી જોઈએ. આ બાબતે લંબાણપૂર્વક સુનાવણી થઈ હતી અને સુનાવણીના અંતે હાઇકોર્ટ એવો મત વ્યક્ત કર્યો હતો કે આ બાબતે તેઓ ફરિયાદનો હુકમ કરવા માટે યોગ્ય મટીરીયલ નહીં હોવાથી તેઓ પિટિશન ગ્રાહ્ય રાખવા સંમત નથી. બીજું કે અરજદાર પાસે નીચલી કોર્ટમાં પ્રાઇવેટ કમ્પ્લેન કરવાની પણ વિકલ્પ ખુલ્લો છે. આથી તેમણે વૈકલ્પિક રસ્તો અપનાવો જોઈએ. જો તેઓ ઇચ્છતા હોય કે કારણ સાથેનો આદેશ કરવો જોઈએ તો હું તમે જે પિટિશન કરેલી છે તે ઉપરાંત પણ બીજા મુદ્દા કે જે પ્રજાના હિતમાં છે તે ઉમેરીને આદેશ કરીશ. હાઇકોર્ટનો આવો મૂડ પારખીને ચુડાસમા ના વકીલે આ બાબતે તેમના અસીલ સાથે યોગ્ય મસલત કર્યા બાદ વધુ રજૂઆત કરવામાં આવશે તેમ કહીને સમય માંગ્યો હતો. આમ હવે આ કેસને સુનાવણી આવતા સપ્તાહે રાખવામાં આવી છે.

## ઠંડા

(છેલ્લા પાનાનું ચાલું)

તાપમાનનો પારો થોડો ઉપર આવ્યો છે, પરંતુ સુસવાટા મારતા ઠંડા પવનોના કારણે સવારથી મોટા ભાગના શહેરોમાં ઠંડીનો જોરદાર અનુભવ થઇ રહ્યો છે. આજે રાજકોટ સહિતના શહેરોમાં તાપમાન બે આંકડામાં હતું, પરંતુ રસ્તા પર વિદ્યાર્થીઓથી માંડી નાગરિકો ગરમ કપડામાં વિંટળાયેલા જોવા મળ્યા હતા. તો ગીરનાર પર્વત પર સહેલાણીઓ ધ્રુજયા હતા.

આજે સમગ્ર રાજયમાં સૌથી ઠંડુ શહેર ફરી ૬ ડિગ્રી સાથે નલીયા રહ્યું હતું, ગીરનાર પર ૬.૩ ડિગ્રી તાપમાન હોવાથી પર્વત ઠંડોગાર બની ગયો હતો. આ સિવાય આજે અમરેલીમાં ૧૩.૮, ભાવનગરમાં ૧૬.૧૫, જામનગરમાં ૧૩, ભુજમાં ૧૧.૪, કંડલામાં ૧૩.૭, પોરબંદરમાં ૧૪, રાજકોટમાં ૧૦.૭ ડિગ્રી તાપમાન રહ્યું હતું. અમદાવાદમાં પણ ૧૩.૭, ડિસામાં ૧૦.૭, વડોદરામાં ૧૫.૮ અને સુરતમાં ૧૮.૮ ડિગ્રી પર પારો સ્થિર થયો હતો.

**જુનાગઢ**

મકરસંક્રાંતિથી ઠંડીનો માહોલ જુનાગઢ અને જીલ્લામાં જોવા મળી રહ્યો છે. ઠંડીનો પારો ગઇકાલ માફક આજે પણ નીચે જવા પામ્યો છે. ખાસ કરીને ગિરનાર પર્વત ઉપર ૬.૩ ડિગ્રીએ નીચે ઉતરી જતા પ્રવાસીઓ ઠુંઠવાય જવા પામ્યા છે. પવનની ગતિ વધી જતા હાડ ગાળી નાખે તેવો ઠંડો પવન ફુંકાઇ રહ્યો છે.

વહેલી સવારે અને રાત્રીના ઠંડીનો પારો ગગડીને ૧૧.૩ ડિગ્રી અને મહતમ પારો ૧૩.૨ ડિગ્રીએ નોંધાયો છે. ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને પવનની ગતિ પ્રતિ કલાક ૧૦.૩ કિ.મી.ની ગતિએ હીમ ભર્યો ફુંકાઇ રહ્યો છે. જનજીવન ઉપર માઠી અસર જોવા મળી રહી છે.

**ભાવનગર**

ભાવનગરમાં લઘુતમ તાપમાન ૩ ડીગ્રી ઊંચકાયું હોવા છતાં ઠંડો પવન ફૂંકાતા ઠંડીની તીવ્રતા યથાવત રહેવા પામી છે.

ગોહિલવાડ પંથકમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન લઘુત્તમ તાપમાન ત્રણ ડિગ્રી ઊંચકાયું છે. આજે ભાવનગર છે એનું લઘુતમ તાપમાન વધીને ૧૬.૫ ડિગ્રી રહેવા પામ્યું હતું. જયારે સવારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૦% રહ્યું હતું અને પવનની ઝડપ ૧૨ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. ઠંડો પવન ફૂંકાઈ રહ્યો હોય ઠંડીનું મોજુ યથાવત રહેવા પામ્યું છે.

**જામનગર**

જામનગરમાં છેલ્લા ચોવીસ કલાકમાં લઘુતમમાં આંશિક ઘટાડો નોંધાતા તાપમાન નો પારો ૧૩ ડીગ્રીએ સ્થિર રહ્યો હતો. જો કે પવનની ગતિમાં ૬ કિમિ વધારો થતાં સુસવાટા મારતા પવનથી શિત લહેર છવાઈ જતા શહેરીજનો ઠડીમાં ઠુઠવાયા હતા.આ સાથે તાપમાનમાં થયેલા ઘટાડા વચ્ચે ખાસ કરીને રાતથી લઈને વહેલી સવાર સુધી ઠંડીનો ચમકારો યથાવત્ રહ્યો હતો. આજે લઘુતમ તાપમાન આંશિક ઘટીને૧૩ ડીગ્રી, જ્યારે સતત બીજા દિવસે મહત્તમ તાપમાન ૨૫ ડીગ્રી નોંધાયું હતું. શહેરના વાતાવરણમાં ભેજનુ ૯ ટકા ઘટાડા સાથે ૬૧ ટકા રહ્યું હતું. પવનની ગતિમાં ૬ કિમીના વધારા સાથે પ્રતિકલાકની સરેરાશ ૯.૩ કિ.મી.ની રહેવા પામી છે.

# રાજકોટમાં જાહેરમાં મારામારી અને બાઈકમાં સ્ટંટ કરવા સામાન્ય બન્યું

### પોલીસના ખૌફ વિના જ લુખ્ખાઓ સામાન્ય લોકોના જીવ જોખમમાં મૂકતા અચકાતા નથી : ત્રણથી વધુ વિડીયો વાયરલ

રાજકોટ, તા. ૧૭

શહેરમાં જાહેરમાં મારામારી અને બાઇકમાં સ્ટંટ કરવા સામાન્ય બન્યુ હોય તેમ અનેક વિડીયો વાયરલ થઇ રહ્યા છે. ત્યારે પોલીસના અસ્તિત્વ સામે સવાલો ઉભા થયા છે. આજે પણ લોકોના જીવ જોખમમાં મુકતા હોય તેવા ત્રણથી વધુ વિડીયો વાયરલ થયા હતા.

આજી ડેમ વિસ્તારમાં જાહેરમાં ધોકા-પાઇપ જેવા હથિયારો સાથે નીકળી કેટલાક લુખ્ખાઓએ આતંક મચાવ્યો હતો અને જાહેરમાં મારામારી પર ઉતરી આવ્યા હતા. જે વિડીયો સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ થયો હતો. જયારે શહેરમાં કોઇ એક વિસ્તારમાં બાઇક સ્ટંટ કરતા શખ્સોની ટોળકી અનેક વાહનો સાથે નીકળી ભયજનક રીતે સ્ટંટ કરતા હોય તેવા બે વિડીયો વાયરલ થતા લોકોમાં ભયનો માહોલ ઉભો થયો હતો. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે-ત્રણ દિવસથી પોલીસનું અસ્તિત્વ જ ન હોય તેમ જાહેરમાં અનેક મારામારી સહિતના બનાવો સામે આવ્યા છે.





### બનેવીને ઉછીના આપેલ ૩૫ હજાર પરત ન આપતાં સાળાએ ગળામાં બ્લેડ મારી દિધી

લોઠડા ગામમાં રહેતા યુવકે પોતાની જાતે જ ગળામા બ્લેડ મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ યુવક સારવારમાં છે. યુવકે તેના બનેવીને ઉછીના પૈસા આપ્યા હોય જે પરત ન આપતાં કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લોઠડા ગામમાં ધાર પર રહેતાં ભગીરથસિંહ ભાણજીભાઈ શેઠ (ઉ.વ.૩૨) નામનો યુવક આજે સવારના દસ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે પોતાની જાતે જ ગળામાં બ્લેડ મારી દેતાં યુવક લોહી લુહાણ થઈ ગયો હતો. જેની જાણ પરિવારને થતાં તુરંત યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવારમાં છે. યુવકે તેના બનેવીને ૩૫૦૦૦ રૂપિયા ઉછીના આપેલ હોય જે પૈસા અનેક વાર માંગવા છતાં પરત ન આપતાં યુવકે કંટાળી પોતાની જાતે જ ગળામાં બ્લેડ મારી લીધી હતી. યુવક મજુરી કામ કરતો હોવાનું જાણવા મળ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી.

### ચૌધરી સ્કુલ પાસે અભય મારણીયા પર છરી વડે હુમલો

રાજકોટ તા.૧૭

શહેરનાં ભગવતી પરા એકતા સોસાયટીમાં રહેતો યુવક ચૌધરી સ્કુલ પાસે ઉભો હોય ત્યારે અજાણ્યા શખ્સો છરી વડે હુમલો કરી નાસી ગયા હતા.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરા એકતા સોસાયટી શેરી નં-૨ માં રહેતાં અભયભાઈ ચંદુભાઈ મારણીયા (ઉ.વ.૨૭) નામનો યુવક ગઈ કાલ રાત્રિના ચૌધરી સ્કુલ સામે આવેલ બિલ્ડીંગ પાસે ઉભો હતો ત્યારે અજાણ્યા શખ્સોએ ઝઘડો કરી છરી વડે હુમલો કર્યો હતો. બાદ યુવકને ઈજાગ્રસ્ત હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલ યુવક સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## નીતિન ગડકરી

(છેલ્લા પાનાનું ચાલું)

વયજુથના હતા જયારે ૧૦ હજાર બાળકો હતા. ૫૫ હજાર લોકોના મોત હેલ્મેટ ન પહેરવાના કારણે અને ૩૦ હજાર મોત કારમાં સીટબેલ્ટ ન લગાવવાના કારણે થયા હતા.

કાર્યક્રમમાં હાજર પરિવહન સચિવ વી.ઉમાશંકરે કહ્યું કે, માર્ગ સુરક્ષા માટે જનઅભિયાન શરૂ થવું જોઇએ. દરેક અકસ્માત સ્થળ પાછળ કોઇ ચોકકસ કારણ હોય છે. જિલ્લા સ્તરે લોકોમાં જાગૃતિ સર્જવા માટે અભિયાન ઉભુ કરવાની જરૂર છે.

# ૧૫૦ વર્ષથી સૌનું વિશ્વાસપાત્ર શ્રી ધૂતપાપેશ્વર કંપનીએ કુલ ચાર પ્રકારના સ્વામલા રજૂ કર્યા

### સ્વામલા કમ્પાઉન્ડ અને સ્વામલા ક્લાસિક સહિત અન્ય બે કંપનીએ સુગર ફ્રી સ્વામલા કમ્પાઉન્ડ SF અને સ્વામલા ક્લાસિક SF ઉપલબ્ધ

રાજકોટ, તા.૧૭

આયુર્વેદિક દવા ઉત્પાદન ક્ષેત્રે તેના ૧૫૦ થી વધુ વર્ષોના અનુભવ સાથે અને આયુર્વેદના સિદ્ધાંતોને જાળવી રાખીને, શ્રી ધૂતપાપેશ્વર કંપનીએ કુલ ચાર પ્રકારના સ્વામલા રજૂ કર્યા છે. સ્વામલા કમ્પાઉન્ડ અને સ્વામલા ક્લાસિક અને આ બે સિવાય, કંપનીએ સુગર ફ્રી સ્વામલા કમ્પાઉન્ડ SF અને સ્વામલા ક્લાસિક SF રજૂ કર્યા છે. સ્વામલા કમ્પાઉન્ડ અને સ્વામલા ક્લાસિકના ઉત્પાદનમાં કોઈ અકુદરતી રંગો, સ્ટેબિલાઈઝર કે ફ્લેવરનો ઉપયોગ કરવામાં આવતો નથી.



આજકાલ, અનેક લોકો કોઈને કોઈ કારણોસર ખાંડનું સેવન ઓછું કરે છે અથવા તેનો ઉપયોગ બંધ કર્યો છે. તેથી, ખાંડ વગર રસાયણ કલ્પની રચના આ સમયગાળાની જરૂરિયાત બની ગઈ. આવા લોકો માટે સ્વામલા કમ્પાઉન્ડ SF અને Swamla Classic SF એક ઉત્તમ સંયોજન સાબિત થાય છે. તેમાં આ કુદરતી ઘટક, ખજૂરમાંથી મેળવેલી કુદરતી ખાંડ હોય છે, જે માત્ર ચ્યવનપ્રાશના સ્વાદને સુધારે છે અને ખજૂરમાં રહેલા ઘણા સૂક્ષ્મ પોષકતત્વોથી શરીરને પણ ફાયદો કરે છે. તે હૃદય માટે ફાયદાકારક અને શરીર માટે સ્ફૂર્તિદાયક છે.

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ.લતાબેન કુંવરજીભાઈ સંચાણીયા (ઉ.૭૦) તે કુંવરજીભાઈ ઠાકરશીભાઈ સંચાણીયાના પત્ની, હિતેશભાઈ કુંવરજીભાઈ સંચાણીયાના માતુશ્રી, વિરલ, પાર્થ સંચાણીયાના દાદીનું તા.૧૬ના રોજ રામચરણ પામેલ છે. જેમનું બેસણું તા.૧૮ના રોજ સાંજે ૪થી ૬ શ્રી ત્રિલોકનાથ મહાદેવ મંદિર પોપટવાલા બિલ્ડીંગની પાછળ, સંતકબીર રોડ, રાજકોટ રાખેલ છે. મો.૯૦૨૩૭ ૫૦૮૨૩.

### ચુનારાવાડ, ભગવતીપરા, દુધસાગર રોડ પરથી ચીકીના સેમ્પલ લેવાયા

રાજકોટ, તા. ૧૭

ફૂડ વિભાગે સંક્રાંતિના તહેવારમાં ભગવતીપરા, ચુનારાવાડ સહિતના વિસ્તારમાંથી ચીકીના કુલ પાંચ નમુના લીધા હતા.

સામાકાંઠે ભગવતીપરા ૧૭-૨૧ના ખુણા પર આવેલ મધુરમ વેરાયટી સ્ટોરમાંથી તલ અને સીંગ, ચુનારાવાડ ચોક પાસેના લાખાજીરાજ ઉદ્યોગનગર-૬માં આવેલ ભાવના ફૂડસમાં મનમોજી અને દાળીયાની ચીકી, દુધસાગર રોડ પર મધર ટેરેસા હોસ્ટેલ પાસે ભગવતી સોસાયટી-૩માં આવેલ એ-વન ચીકીમાંથી સીંગની ચીકીનો નમુનો લઇ લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવેલ છે.

## બટેટા

(છેલ્લા પાનાનું ચાલું)

નાશ કરાયો હતો. તેમજ પેઢીને હાઈજેનિક કન્ડિશન જાળવવા, જીવાતો દુર રહે તે માટે પેસ્ટ કંટ્રોલ કરાવવા તથા યોગ્ય સ્ટોરેજ કરવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે.

ટીમે સેફ્ટી વાન સાથે શહેરના રેલનગર વિસ્તારમાં આવેલ ખાધ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થીઓને ત્યાં ૨૦ ખાદ્ય નમુનાની ચકાસણી કરી હતી. આ બાદ પાંચ આસામીને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ હતી. તેમાં (૧)શ્યામ ખમણ(૨)કાજલ પાન કોલ્ડ્રિંક્સ (૩)જય સોમનાથ ખમણ હાઉસ (૪)મોમાઇ કોલ્ડ્રિંક્સ (૫)જય ખોડિયાર કોલ્ડ્રિંક્સનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત (૬)જય બાલાજી ડેરી ફાર્મ (૭)જય શકિત ડેરી ફાર્મ (૮)ગિરિરાજ ફરસાણ (૯)ગાયત્રી જનરલ સ્ટોર (૧૦)જય દ્વારકાધીશ નાસ્તા હાઉસ (૧૧)આશાપુરા કોલ્ડ્રિંક્સ (૧૨)એ.કે. બકેરી (૧૩)ચામુંડા પાન કોલ્ડ્રિંક્સ (૧૪)ભગવતી પ્રોવિઝન સ્ટોર્સ (૧૫)સિલ્વર બેકરી (૧૬)આદરો નાસ્તા ગૃહ (૧૭)શિવશકિત સ્ટોર (૧૮)મોહનાણી જનરલ સ્ટોર (૧૯)ભવાની સ્વીટ નમકીન (૨૦)રામ જનરલ સ્ટોર્સ (૨૧)રાધિકા ડેરી ફાર્મ (૨૨)ભોલે બેકર્સમાં તપાસ કરવામાં આવી હતી.

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કમલેશભાઈ બલભદ્રનું અવસાન



રાજકોટ: સ્વ. ડાયાભાઈ બલભદ્રના પુત્ર કમલેશભાઈ ડાયાભાઈ બલભદ્ર (ઉ.૭૧) હવામાન ખાતાના પૂર્વ અધિકારી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક, તે હરેશભાઈ, મીનાબેન પારૂલબેન અને પ્રતિભાબેનના ભાઈનું આજરોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૧૮ને શનિવાર સાંજે ૪થી ૫ શ્રી ફળેશ્વર મહાદેવ મંદિર, બજરંગવાડી ખાતે રાખેલ છે.

### ભારે વરસાદના કારણે સડકમાર્ગ પ્રવાસની ફરજ પડી હતી

# ૨૦૨૨ના મોદી પંજાબના ફિરોજપુરમાં એક ઉદઘાટનમાં ગયા હતાઃ પુલ પાસે કાફલો રોકવા ફરજ પડી

## મોદી

(પહેલા પાનાનું ચાલું)

પ્રદર્શનકારીઓ દ્વારા માર્ગ જામ કરવાથી ૨૦ મીનીટ રોકાવાની જે ફરજ પડી હતી તેમાં હવે એફઆઈઆરમાં ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૦૭ પણ જોડવામાં આવી છે. મતલબ કે જે રીતે વડાપ્રધાનના કાફલાને રોકવાની ફરજ પડી તે તેમની હત્યાના એક પ્રયાસ તરીકે જોડવામાં આવી રહ્યા છે અને તેથી તેને અત્યંત ગંભીરતાથી લેવાયુ છે. પોલીસે ૨૪ લોકો સામે આ કલમ ૩૦૭નો ઉપયોગ કર્યો છે. આ કેસમાં જોડાયેલા એક વ્યકિતએ ધરપકડથી બચવા ફિરોજપુર જીલ્લા કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી તો અદાલતે એફઆઈઆરમાં કલમ ૩૦૭ જોડી હોવાથી તેની આગોતરા જામીન અરજી રદ કરી હતી.



વડાપ્રધાનના કાફલાને જે રીતે અસુરક્ષિત ક્ષેત્રમાં ૨૦ મીનીટ સુધી રોકી રાખવાની ફરજ પડી તે સંબંધી તપાસ માટે એક કમીટી રચાઈ હતી. જેણે આ સમગ્ર મામલાને વડાપ્રધાનની હત્યાના પ્રયાસ તરીકે જોઈને આ કલમ ઉમેરવા ભલામણ કરી હતી. ભારતીય ફોજદારી ધારાની આ કલમ ૩૦૭ એ હત્યાના પ્રયાસ સંબંધી છે જેમાં કોઈ વ્યક્તિ અથવા સમૂહ જાણી જોઈને અથવા તો અજાણતા જ કોઈના જીવન લેવાની કોશીશ કરે કે તેવી પરીસ્થિતિ સર્જે તો તેની સામે આ કલમ ઉગારી શકાય છે જે કલમ હેઠળ આરોપીને ઓછામાં ઓછી ૧૦ વર્ષ સુધીની સજા, મહતમ મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસ અને દંડ પણ થઈ શકે છે. વડાપ્રધાન પંજાબના ફિરોજપુરમાં એક સેટેલાઈટ સેન્ટરના ઉદઘાટનમાં જવાના હતા પણ વરસાદના કારણે તેમને સડકમાર્ગ જવાની ફરજ પડી હતી તે સમયે ફિરોજપુરના ગાવઆરે આના પુલ પાસે કેટલાક લોકોએ વડાપ્રધાનના કાફલાને રોકી લીધો હતો જે એક ગંભીર બાબત હતી જયાં આ કાફલો રોકવામાં આવ્યો તે સ્થળથી પાક સાથેની સરહદ ફકત સાત કિમીજ દુર હતી અને મોદીને રેલીને સંબોધન વગર ભટીંડા પરત જવું પડયુ હતું. પોલીસે તે સમયે કલમ ૨૮૩ (જાહેર માર્ગ પર વિઘ્ન સર્જવા- ખતરો સર્જવા) ને કેસમાં લગાવી હતી પણ બાદમાં કેન્દ્ર સરકારે આ અંગે એક ઉચ્ચસ્તરીય તપાસ ટીમ રચી હતી.

# સૈફ હુમલા કેસઃ શકમંદ આરોપીની અટકાયતઃ રાત્રે ૧.૩૭ વાગ્યે ઘરમાં ઘુસ્યો હતોઃ નવા CCTV ફુટેજ મળ્યા

## ૩૨ કલાકની તપાસ બાદ પોલીસને મહત્વની સફળતાઃ ઘનિષ્ઠ પુછપરછઃ સીસીટીવીમાં દેખાયેલા શખ્સનો ચહેરો મળતો આવે છેઃ શકમંદ સામે ઘરફોડીના ચાર કેસ હોવાનો નિર્દેશ





મુંબઈ તા.૧૭

બોલીવુડ અભિનેતા સૈફઅલીખાનના ઘરમાં ઘુસીને ચાકુથી હુમલાના સનસનાટીભર્યા બનાવમાં પોલીસે તપાસના ૩૨ કલાક બાદ શકમંદ શખ્સને સકંજામાં લીધો છે અને ઘનિષ્ટ પુછપરછ હાથ ધરી છે. સમગ્ર બનાવમાં નવા સીસીટીવી બહાર આવ્યા છે તેમાં આરોપી મોડીરાત્રે ૧.૩૭ વાગ્યે એપાર્ટમેન્ટની સીડી ચડતો હોવાનુ અને હુમલાના બનાવ બાદ નાસી રહ્યાનુ જોવા મળ્યુ છે.

સૈફઅલીખાનના ઘરમાં લુંટના ઈરાદે હુમલાની ઘટના બાદ આરોપીને ઝડપવા મુંબઈ પોલીસે ૩૫ ટીમો બનાવી હતી. આરોપીની ઓળખ થઈ ગયા બાદ તેનો ફોટો પણ જાહેર કર્યો હતો. તે મુંબઈમાંથી નાસી છુટ્ટે તે પુર્વે સમગ્ર મહાનગરમાં ચેકીંગ ડ્રાઈવ હાથ ધરી હતી. બાંદ્રા સ્ટેશન નજીક શકમંદ શખ્સ દેખાતા તેને અટકાયતમાં લઈ લેવામાં આવ્યો હતો.

પોલીસના સૂત્રોએ કહ્યું કે અટકાયતમાં લેવાયેલા શખ્સનું નામ શાહિદ છે અને તેનો ચહેરો સૈફ પર હુમલો કરનારા સાથે ઘણો મળતો આવે છે તેનાં વિરુદ્ધ ઘરફોડીના ચાર કેસ નોંધાયા છે તેની બાંદ્રા પોલીસ સ્ટેશને ઘનિષ્ટ પુછપરછ કરવામાં આવી રહી છે.

પોલીસના સૂત્રોએ કહ્યું કે સમગ્ર બનાવમાં નવા સીસીટીવી સામે આવ્યા છે તેમાં રાત્રે ૧.૩૭ વાગ્યે આરોપી સીડી ચડતો જોવા મળ્યો હતો. તેનો ચહેરો સ્કાર્ફથી ઢંકાયેલો હતો. જો કે, અટકાયતમાં લેવાયેલા શખ્સનો ચહેરો તેને મળતો આવે છે. સીસીટીવીમાં તે હુમલા બાદ નાસી જતો હોવાનુ પણ દેખાય છે.

દરમ્યાન પોલીસના સૂત્રોએ કહ્યુ કે સૈફના ઘરે સુરક્ષામાં પણ કચાશ માલુમ પડી હતી. તેના ઘેર કોઈ સર્વેલન્સ કેમેરા ન હતા કે ખાનગી સિકયુરીટી પણ રાખવામાં આવી ન હતી. વિઝીટર્સનું રજીસ્ટર પણ ન હતુ.



### સૈફ પર ત્રણ સર્જરી


હુમલાના બનાવમાં સૈફઅલી ખાનને શરીરના અનેક ભાગોમાં ઇજા થઇ હતી અને ત્રણ ઓપરેશન કરવામાં આવ્યા હતા. એક સર્જરીમાં શરીરમાંથી છરીનો ૨.૫ ઇંચનો જોરદાર ટુકડો બહાર કાઢવામાં આવ્યો હતો. છરીની અણી ૧ મીમીથી પણ વધુ ઉંડી ઘુસી ગઇ હતી ને ઘા ઉંડો હતો. આ ઉંડો ઘા પડકારજનક હતો. કુલ ત્રણ ઉંડા ઘા હતા અન્યત્ર હાથ, પેટ તથા છાતીમાં ઇજાના નિશાન હતા.

### અભિનેતાનો તેનો સાત વર્ષનો પુત્ર તૈમુર હોસ્પીટલે લઇ આવ્યો હતો

## સૈફઅલી ખુદ ચાલીને હોસ્પીટલ પહોંચ્યો હતોઃ તબીબો પણ આશ્ચર્યમાં પડી ગયા હતાઃ ઓપરેશન બાદ સ્વસ્થ

### અભિનેતાના શરીરમાંથી દુર કરાયેલો ચાકુનો ટુકડો પણ તબીબોએ દર્શાવ્યુંઃ આઇસીયુમાંથી બહાર પણ સ્વસ્થ થતાં સપ્તાહ લાગશે





મુંબઇ, તા.૧૭

બોલીવૂડ અભિનેતા સૈફઅલી ખાન પર થયેલા હુમલા અંગે નવી-નવી માહિતીઓ બહાર આવી રહી છે તો બીજી તરફ અભિનેતાને મુંબઇની લીલાવંતી હોસ્પીટલમાં ઓપરેશન બાદ હવે આઇસીયુમાંથી નોર્મલ વોર્ડમાં ખસેડી લેવાયો છે અને તેમનું સ્વાસ્થ્ય અગાઉ કરતાં સારુ છે. હોસ્પીટલના તબીબોએ જણાવ્યું કે ચમત્કારીક રીતે સૈફઅલીનો બચાવ થયો છે તેમને જે ચાકુના માર મારવામાં આવ્યા હતા તેમાં અઢી સે.મી.નો ચાકુનો ટુકડો છેક કરોડરજ્જુની નજીક પહોંચી ગયો હતો જો થોડો વધુ ઉંડો ઘા થયો હોત તો તેને કરોડરજ્જુમાં ગંભીર ઇજા થઇ હોત. હાલ તેની કરોડરજ્જુમાંથી જે પ્રવાહી નીકળે છે તે રોકવા માટેની સર્જરી કરવામાં આવી છે પરંતુ તેને હજુ સ્વસ્થ થતાં સમય લાગશે અને લગભગ એક અઠવાડિયુ હોસ્પીટલમાં રહેવું પડશે.

પોતાના આવાસમાં ચાકુના ઘા છતા પણ સૈફઅલી ખાન જયારે હોસ્પીટલમાં પહોંચ્યો ત્યારે ખુદ ચાલીને આવ્યો હતો અને તેના ઘા પર હાથ રાખ્યો હતો તેની સાથે તેનો પુત્ર ઇબ્રાહીમ નહીં પણ તૈમુર હોવાનું બહાર આવ્યું છે અને તે તેના નાની સાથે હોસ્પીટલ પહોંચ્યો હતો. ૭ વર્ષનો તૈમુર તેના પિતાને હોસ્પીટલમાં લઇ આવ્યો તે પણ તબીબો આશ્ચર્યમાં પડી ગયા હતા. ડોકટરે જણાવ્યું કે સૈફઅલીને વ્હીલચેરની જરુર પડી ન હતી. આટલી ઇજા છતાં પણ કોઇ વ્યકિત ચાલીને હોસ્પીટલે પહોંચ્યો હોય તેવું મે મારી જિંદગીમાં પ્રથમ વખત જોયું હોવાનો દાવો ડો. નીરજ ઉત્તમણીએ જણાવ્યું હતું. સૈફઅલીને હાલ તેના નજીકના કુટુંબીજનોએ મળવા દેવાતા નથી. તબીબોએ સૈફના શરીરમાંથી જે ચાકુનો ટુકડો કાઢયો તે પણ પત્રકાર સમક્ષ દર્શાવ્યું હતું.

### સૈફઅલી હુમલામાં નવો ધડાકોઃ નોકરાણીએ જ હુમલાખોરને અંદર લીધો હતો

બોલીવૂડ અભિનેતા સૈફઅલી ખાન પર થયેલા હુમલામાં હવે ધીમે ધીમે સાચી હકીકત બહાર આવી રહી છે જે રીતે હુમલાખોર સૈફઅલી ખાનના ઘરમાં ઘુસી ગયો તેની પાછળ ઘરમાં જ રહેલી વ્યકિતની મદદ હોય તે પોલીસે નિશ્ચિત કર્યું હતું અને તેમાં નોકરાણી કે જે પહેલા જ હુમલાખોરને મળી હતી તેણે જ દરવાજો ખોલીને હુમલાખોરને અંદર લીધો હોવાનું બહાર આવ્યું છે. હવે પોલીસ આ હુમલામાં તેને પણ આરોપી બનાવે તેવી શક્યતા છે.

### હુમલાખોરે પોતાને રૂમમાં બંધ કરી દીધો હતો અને તક મળ્યો ફરાર થઈ ગયો

એવુ બહાર આવ્યુ છે કે લુંટારૂ હુમલાખોરને પકડવાનો પ્રવાસ થયો હતો ત્યારે તેણે પોતાને રૂમમાં બંધ કરી દીધો હતો. આ વખતે પરિવારના સભ્યો તથા નોકરો-કેરટેકર ઈજાગ્રસ્ત સૈફ પાસે દોડી ગયા હતા અને તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ તે તકનો લાભ લઈને હુમલાખોર નાસી ગયો હતો.

### કેરટેકર મહિલા ફીલીપે પોલીસ સમક્ષ ઘટના વર્ણવી

## હુમલાખોર બાથરૂમમાં હતો; જહાંગીરને બચાવવા પોતે વચ્ચે પડી; 'અવાજ નહીં કરવા' ધમકી આપી હતી

### દેકારો થતા સૈફ-કરીના આવી ગયા હતાઃ આરોપીના બન્ને હાથમાં હથિયાર હતાઃ ઘાયલ અભિનેતાને સંભાળવા દોડધામ થઈ તેમાં હુમલાખોર છટકી ગયો

મુંબઈ તા.૧૭

સમગ્ર ઘટનામાં સૌપ્રથમ લુંટારૂ સાથે ઘર્ષણમાં ઉતરેલી કેરટેકરની પોલીસે ઘનિષ્ટ પુછપરછ કરી હતી. તેના દ્વારા પોલીસ સમક્ષ સમગ્ર ઘટનાનું વર્ણન કરવામાં આવ્યુ હતું. પોલીસ સમક્ષના નિવેદનમાં તેણીએ કહ્યુ કે સૈફના નાના પુત્ર જહાંગીરના રૂમમાં પોતે ગઈ ત્યારે અજાણ્યા શખ્સ-લુંટારૂને નિહાળ્યો હતો તેના બન્ને હાથમાં હથિયાર હતા. જહાંગીરને કોઈ નુકશાન ન થાય એટલે તેને બચાવવાનો પ્રયાસ કર્યો હતો અને ત્યારે લુંટારુએ પોતાના પર હુમલો કર્યો હતો. અવાજ-ચીસ સાંભળીને સૈફ તથા કરિનાકપુર પણ ધસી આવ્યા હતા. તે વખતે લુંટારુએ સૈફ પર હુમલો કર્યો હતો અને તેમાં અભિનેતા ઘાયલ થયો હતો.

૫૬ વર્ષિય કેરટેકર મહિલા એલીયામા ફીલીપે પોલીસને કહ્યું કે રાત્રે ૧૧ વાગ્યે જમીને ૪ વર્ષિય જહાંગીરને તેના રૂમમાં સુવડાવવા ગઈ હતી અને પછી પોતે પણ સુઈ ગઈ હતી. રાત્રે બે વાગ્યે અચાનક કોઈક અવાજ આવતા ઝબકીને જાગી ગઈ હતી. બાથરૂમનો દરવાજો ખુલ્લો હોવાનુ અને લાઈટ પણ ચાલુ હોવાનુ માલુમ પડયુ હતું. જહાંગીરને જોવા કરીના આવી હશે તેમ માની લીધુ હતુ છતાં કોઈ અજુગતુ લાગતા તપાસ માટે બાથરૂમમાં જોવા ગઈ હતી. જયારે અજાણ્યો શખ્સ બહાર આવ્યો હતો અને જહાંગીરના પલંગ ભણી જવા લાગ્યો હતો. આ તકે પોતે જહાંગીરના રક્ષણનો પ્રયાસ કર્યો હતો ત્યારે હુમલાખોરે મને નિશાન બનાવી હતી અને કોઈ અવાજ નહીં કરવાની ધમકી પણ આપી હતી.



**હુમલાખોરનો સૌ પ્રથમ સામનો કરનાર કેરટેકર ફીલીપ**

આ વખતે જહાંગીરના નાની પણ જાગી ગયા હતા. લુંટારૂએ તેમને પણ અવાજ નહીં કરવા ચેતવ્યા હતા. હુમલાખોરના એક હાથમાં લાકડી તથા બીજા હાથમાં તીક્ષ્ણ બ્લેડ જેવુ હથિયાર હતુ.

જહાંગીરને બચાવવા પોતે વચ્ચે પડતા હુમલાખોરે તીક્ષ્ણ હથિયારથી મારા પર હુમલો કર્યો હતો. મારા બન્ને હાથમાં ઈજા થઈ હતી. પોતે હુમલાખોરને 'શુ જોઈએ છે'? પુછતા તેણે ૧ કરોડ માંગ્યા હતા.

જહાંગીરના રૂમમાંથી અવાજ આવતા કરીનાકપુર દોડી આવી હતી. સૈફે પણ હુમલાખોરને 'તુ કોણ છે'? અને શુ જોઈએ છે? તેમ પુછયુ હતું ત્યારે લુંટારૂએ લાકડી તથા બ્લેડથી તેના પર વાર શરૂ કર્યા હતા.

આ તકે ગીતા નામની અન્ય કેરટેકર પણ ધસી આવતા હુમલાખોરે તેના પર પણ હુમલો કર્યો હતો. આ તકે નાસભાગ મચી હતી. ઘરનો અન્ય સ્ટાફ પણ ધસી આવ્યો હતો. તમામ દરવાજાની બહાર નિકળીને નીચે ઉતરી ગયા હતા. થોડા વખત બાદ પરત આવતા હુમલાખોર નાસી ગયો હતો.

સૈફઅલીને ગળા, પીઠ, ખભ્ભા, હાથ જેવા ભાગોમાં ઈજા હતી અને લોહી નિકળતુ હતુ. ગીતાને પણ ચહેરા-પીઠ તથા હાથ પર ઈજા હતી. હુમલાખોરની ઉંમર ૩૫થી૪૦ વર્ષની હતી અને દુબળો બાંધો હતો. ૫-૫ ફુટની ઉંચાઈ હતી. ડાર્ક પેન્ટ-શર્ટ ઉપરાંત માથામાં ટોપી પણ પહેરી હતી.

## સૈફઅલી ખાન પર હુમલો કરનારે શાહરૂખ ખાનના બંગલાની પણ રેકી કરી હતી! એક શંકાસ્પદની અટકાયત

### બાન્દ્રા વિસ્તારમાં ફરતા દેખાયેલા એક વ્યકિતને પોલીસે ઉઠાવી લીધોઃ સીસીટીવીમાં દેખાયેલ હુમલાખોર જેવી જ શકલ અને હિલચાલ



મુંબઇ, તા.૧૭

બોલીવૂડ અભિનેતા સૈફઅલી ખાન પર તેના જ ઘરમાં થયેલા હુમલા મુદ્દે મુંબઇ પોલીસે હવે એક શંકાસ્પદની અટકાયત કરી છે અને તેને બાન્દ્રા પોલીસ સ્ટેશને લાવીને પૂછપરછ કરવામાં આવી છે. આ હુમલાખોર ચોરી અને લૂંટ જેવી ઘટનાઓ સાથે ભૂતકાળમાં સંકળાયેલો હતો અને બાન્દ્રા વિસ્તારમાં તેની અવર-જવર નોંધાઇ હતી. તેમજ સીસીટીવીમાં જે વ્યકિતનો ચહેરો નજરે ચડતો હતો તે આ શકમંદ હુમલાખોર સાથે મળતો આવે છે. અને તેની હિલચાલ પણ શંકાસ્પદ દેખાતી હતી એટલું જ નહીં મુંબઇ પોલીસના સૂત્રોએ જણાવ્યું કે સૈફના ઘરમાં ઘુસણખોરી કરનાર આ સપ્તાહના પ્રારંભમાં બીજા એક અભિનેતા શાહરૂખ ખાનના બંગલા મન્નતની પણ રેકી કરી હતી. આમ ફિલ્મ સ્ટારના વિસ્તારમાં તેની સતત અવરજવરથી પોલીસે તેને અટકાયતમાં લીધો છે અને હવે તેની પૂછપરછ બાદ ખરેખર તેણે સૈફ અલીખાન પર હુમલો કર્યો છે કે કેમ તે નિશ્ચિત થશે. સુત્રોના જણાવ્યા મુજબ સમગ્ર તપાસ હવે દિશા પકડી રહી છે અને તેથી જ આ અંગે આગામી થોડા સમયમાં મહત્વનો ધડાકો થાય તેવી શક્યતા છે.

## ૬ થી ૮ ફૂટની સીડી લઈને એક વ્યકિતએ શાહરૂખના બંગલાનો રીટ્રીટ હાઉસમાં ડોકયા કર્યા હતા


### મુંબઇ પોલીસની વધુ તપાસઃ એકથી વધુ વ્યકિત પણ સામેલ હોય તેવી શક્યતા

મુંબઇ, તા.૧૭

બોલીવૂડ અભિનેતા સૈફ અલીખાન પર થયેલા હુમલામાં એકથી વધુ વ્યકિતની સંડોવણી પણ નકારાતી નથી. પોલીસના જણાવ્યા મુજબ જે વ્યકિતએ શાહરુખ ખાનના બંગલાની રેકી કરી હતી તેના સીસીટીવી ફૂટેજ મુજબ તે ૬ થી ૮ લાંબી સીડી મુકીને શાહરુખના બંગલા પાછળ રીટ્રીટ હાઉસ નજીક દેખાયો હતો અને પોલીસ માને છે કે એક વ્યકિત આટલી મોટી લોખંડની સીડી સાથે જઇ શકે નહીં અને તે ઉપાડવા માટે બે થી ત્રણ વ્યકિતઓની જરુર પડે છે. મુંબઇ પોલીસે હવે આ અંગે નવા એંગલથી તપાસ શરુ કરી છે અને એક વ્યકિત સૈફઅલીના ઘરમાં ઘુસ્યા હોય અને બીજા બહાર રાહ જોતા હોય તેમજ સૈફીના ઘરની બહાર નીકળેલ વ્યકિતને તે સલામત લઇ ગયા હોય તેવી પણ શક્યતા હોય.

## અમેરિકામાં USBP દ્વારા રેડઃ ૭૮ ગેરકાયદે રહેતા ઈમિગ્રેન્ટ્સની ધરપકડ

### અમેરિકામાં ઈલલિગલ રહેતા ઈમિગ્રેન્ટ્સમાં ફફડાટ



અમદાવાદ,તા.૧૭

જાન્યુઆરીના બીજા વીક દરમિયાન કેલિફોર્નિયાની કર્ન કાઉન્ટીમાં યુએસ બોર્ડર પેટ્રોલ દ્વારા હાથ ધરવામાં આવેલી કામગીરીથી ઈલીગલ ઈમિગ્રન્ટ્સમાં ફફડાટ ફેલાઈ ગયો છે, ઓપરેશન રિટર્ન ટુ સેન્ડર હેઠળ USBP દ્વારા ૭૮ જેટલા ઈલીગલ ઈમિગ્રન્ટ્સને અરેસ્ટ કરાયા હતા જ્યારે બીજા અનેક લોકોની પૂછપરછ કરાઈ હતી અને તેમના ફિંગરપ્રિન્ટ્સ લેવામાં આવ્યા હતા.

કેલિફોર્નિયા એક ડેમોક્રેટિક સ્ટેટ હોવા છતાંય ટ્રમ્પ સત્તા પર આવે તે પહેલા જ હાથ ધરાયેલી આ કાર્યવાહીને કારણે હવે ૨૦ જાન્યુઆરી પછી રિપબ્લિકન સ્ટેટ્સમાં જ નહીં પરંતુ ડેમોક્રેટિક સ્ટેટ્સમાં રહેતા ઈલીગલ ઈમિગ્રન્ટ્સને પોતાનું શું થશે તેનો ડર સતાવી રહ્યો છે. અમેરિકાના લોકલ મીડિયા રિપોર્ટ્સ અનુસાર કેલિફોર્નિયામાં હાલ અલગ-અલગ શહેરોમાં ICEની રેડ પડી હોવાની અફવાઓ ફેલાઈ રહી છે, જેના કારણે ઈલીગલ ઈમિગ્રન્ટ્સ ઘરમાંથી બહાર નીકળવામાં પણ અચકાઈ રહ્યા છે. હાલમાં જ કેલિફોર્નિયાના ઓકલેન્ડમાં એવી અફવા ફેલાઈ હતી કે પ્રાઈવેટ વ્હીકલ્સમાં આવેલા એજન્ટ્સ દ્વારા ઢગલાબંધ લોકોને પકડવામાં આવ્યા છે.

કેલિફોર્નિયામાં USBPની જે રેડ થઈ હતી તેમાં લોકલ પોલીસે કોઈ સપોર્ટ નહોતો કર્યો, પરંતુ શહેરના મેયરે આ કાર્યવાહીની પુષ્ટિ કરી હતી અને પછી USBPએ પણ સત્તાવાર રીતે તેની માહિતી પ્રેસને આપી હતી. જોકે, આ ઓપરેશનની ઓફિશિયલ જાહેરાત કરાઈ તે પહેલા જ ૭૦થી વધુ ઈલીગલ ઈમિગ્રન્ટ્સ અરેસ્ટ થઈ ચૂક્યા હતા, તેવામાં હવે ઈલીગલ ઈમિગ્રન્ટ્સને એ પણ સવાલ થઈ રહ્યો છે કે જો કેલિફોર્નિયા જેવા અનડોક્યુમેન્ટેડ લોકો માટે સેફ મનાતા સ્ટેટમાં જો આ લેવલની કાર્યવાહી થઈ શકતી હોય તો રિપબ્લિકન સ્ટેટ્સમાં ૨૦ જાન્યુઆરી પછી શું થશે? તેની ચિંતા લોકોને સવાલ રહી છે. કેલિફોર્નિયામાં જે રેડ થઈ હતી તેવી કાર્યવાહી છેલ્લા ઘણા વર્ષોમાં પહેલીવાર જોવા મળી છે પરંતુ આવનારા દિવસોમાં બીજા પણ સ્ટેટ્સમાં તેનું પુનરાવર્તન થઈ શકે છે તેવી આશંકા વચ્ચે હવે અનડોક્યુમેન્ટેડ લોકો માટે કામ કરતી સંસ્થાઓ જો તેમને પોલીસ કે ઈમિગ્રેશન ઓથોરિટી સાથે સંકળાયેલા એજન્ટ્સ દ્વારા અટકાવવામાં આવે તો શું કરવું તેની સમજ આપવામાં આવી રહી છે અને સોશિયલ મીડિયા દ્વારા પણ તેનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

## આવકવેરા વિભાગે ખોટા કલેમ થયેલા રૂા.૧૦૭૦ કરોડ કરદાતા પાસેથી વસુલી લીધા

### સુધારેલા આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની ૯૦૦૦૦થી વધુ કરદાતાને ફરજ પડી



નવી દિલ્હીઃ

દેશમાં આવકવેરા રીટર્નમાં ખોટી રીતે કલેમ થયેલી કરમુક્તિમાં સ્કુટીની બાદ આવકવેરા વિભાગ રૂા.૧૦૭૦ કરોડ પરત વસુલી લીધા છે.

આ રકમ રીફંડ તરીકે પણ કરદાતાને પરત થઈ હતી પણ ૯૦૦૦૦થી વધુ કરદાતાઓએ ખોટા કરમુક્તિ કલેમને રદ કરીને જે તે કરદાતા પાસેથી તે પરત વસુલી લીધી છે. આવકવેરા વિભાગે સ્કુટીનીમાં આ પ્રકારની કરમુક્તિ નકારી કરદાતાને સુધારેલા રિટર્ન ફાઈલ કરવા માટે ફરજ પાડી હતી. ખાસ કરીને કલમ ૮૦સી, ૮૦ડી, ૮૦ઈ અને ૮૦જી સહિતની કલમો હેઠળ આ કરમુક્તિ મેળવવામાં આવી હતી પણ કરદાતાને ખરેખર તે મુક્તિ મળી શકે નહી તે સ્થાપીત કરી જે તે કરકપાત રદ કરી હતી.


આ કરદાતામાં સરકારી ઉપરાંત ખાનગી કંપનીના કર્મચારીઓ અને સ્વરોજગાર ધરાવતા કરદાતા પણ સામેલ હતા. આવકવેરા વિભાગે હાલમાં જ ૩૧ ડિસેમ્બર સુધી સુધારેલું રીફંડ દાખલ કરવાની તક આપી હતી.

### અમદાવાદમાં કોલ્ડ પ્લેના કાર્યક્રમ માટે મુંબઈ-અમદાવાદ વચ્ચે ખાસ બે ટ્રેનો દોડાવાશે

અમદાવાદ,તા.૧૭

પશ્ચિમ રેલવે દ્વારા તા.૨૫ અને ૨૬ જાન્યુઆરીના મુંબઇ અને અમદાવાદ વચ્ચે ખાસ બે ટ્રેનો દોડાવાશે. અમદાવાદમાં કોલ્ડ પ્લેનો કોન્સર્ટ તા.૨૫ અને ૨૬ના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં યોજાવાનો છે તે સંદર્ભમાં બંને ટ્રેનો બાન્દ્રાથી તા.૨૫ અને ૨૬ને સવારે ૬-૧૫ કલાકે ઉપડશે અને બપોરે ૨-૦૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. આ ટ્રેન પરત જર્નીમાં બપોરે ૧ વાગ્યે અમદાવાદથી ઉપડશે અને બીજે દિવસે ૮-૪૦ બાન્દ્રા પહોંચશે. તા.૨૭ના રોજ વળતી જર્નીની ટ્રેન રાત્રિના ૧૨-૫૦ કલાકે અમદાવાદથી રવાના થશે અને ૮-૩૦ મુંબઇ પહોંચશે. જેનું બુકીંગ બુક માય શો દ્વારા થશે.

### દિલ્હીમાં આયુષ્યમાન ભારત યોજના હાલ લાગુ નહીં થાયઃ સુપ્રિમનો સ્ટે



નવી દિલ્હી, તા.૧૭

દેશભરમાં અમલી બનેલી પ્રધાન મંત્રી આયુષ્યમાન ભારત આરોગ્ય યોજના દિલ્હીમાં લાગુ કરવા સામે સુપ્રિમ કોર્ટે સ્ટે આપ્યો છે. અગાઉ દિલ્હી હાઇકોર્ટે આ યોજના લાગુ કરવા કેજરીવાલ સરકારને આદેશ આપ્યો હતો પરંતુ તેની સામે સરકારે સુપ્રિમમાં અપીલ કરી હતી અને એવી દલીલ કરી હતી કે આરોગ્ય એ રાજ્યનો વિષય છે અને દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર દ્વારા આવી જ યોજના અમલી બનાવાય છે તેથી કેન્દ્ર તેમાં દખલ કરી શકે નહીં.

### ભારત મોબીલીટી ગ્લોબલ એક્સપો-૨૦૨૫ને સંબોધન

## દેશમાં દર વર્ષે ૨.૫ કરોડ નવી કારોનું વેચાણ, અનેક દેશોની વસ્તી કરતાં પણ વધુઃ વડાપ્રધાન મોદી

### દેશમાં નવા મધ્યમ વર્ગને ધ્યાનમાં રાખી કાર ઉત્પાદન કરવા ઓટોમેટીવ ઉદ્યોગને અપીલ



નવી દિલ્હી, તા.૧૭

ભારતમાં આર્થિક વિકાસની ગતિનું સીધુ પ્રતિબિંબ દેશના ઓટો ઉદ્યોગ દ્વારા પાડવામાં આવી રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ઓટો ઉદ્યોગના વિકાસની પ્રશંસા કરતા જણાવ્યું કે દેશમાં દર વર્ષે ૨.૫ કરોડ કાર વેચાય છે જે અનેક દેશોની કુલ વસ્તી કરતા પણ વધુ કાર ભારતમાં વેચાય છે. તેઓએ જણાવ્યું કે મેઇક ઇન ઇન્ડિયા અને પ્રોડકશન લીંક ઇન્સેટીવ યોજનાને કારણે દેશમાં ઔદ્યોગીક ઉત્પાદનને વેગ મળી રહ્યો છે અને દર વર્ષે ૨.૫ કરોડ નવી કાર વેંચાય છે જેની સંખ્યા પણ સતત વધતી રહે છે. ભારત મોબીલીટી ગ્લોબલ એક્સપો-૨૦૨૫ને સંબોધન કરતાં મોદીએ ઓટોમેટીવ ઉદ્યોગને દેશના મધ્યમ વર્ગના વિશાળ વર્ગને ધ્યાનમાં રાખીને કારનું ઉત્પાદન કરવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું કે શહેરીકરણ વધી રહયું છે અને રોડ સહિતના ઇન્સ્ફાસ્ટ્રકચરની હાલત પણ સુધરી રહી છે.

સરકારે એક દસકામાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢયા છે અને તેઓ નવો મધ્યમ વર્ગ બન્યા છે અને તે વધુ સારા વાહનોની ખરીદી કરશે.

# રાજકોટમાં હિટ એન્ડ રનની બે ઘટનાઃ કાળમુખા ટ્રક હડફેટે બે પ્રૌઢના મોત

રાજકોટ તા.૧૭

શહેરમાં હિટ એન્ડ રનના બે બનાવ સામે આવ્યાં હતાં. બંને બનાવોમાં ટ્રક ચાલકે બાઈક સવારને અડફેટે લેતાં મોત નીપજ્યા હતા. રાજકોટમાં દિન પ્રતિદિન અકસ્માતના સતત બનાવો વધી રહ્યા છે. પુરઝડપે દોડી રહેલા વાહનો નિર્દોષ લોકોને મોતના મુખમાં ધકેલી રહ્યા છે. ત્યારે વધુ બે હિટ એન્ડ રનના બનાવ સામે આવ્યાં હતાં.લાપાસરી રોડ પર રહેતા અને પશુ પાલનનું કામ કરતાં વૈદરાજભાઈ માલાણી ખોળની ગુણી લઈ જઈ રહ્યા હતા તે દરમિયાન પુરઝડપે માતેલા સાંઢની જેમ આવી રહેલા ટ્રક ચાલકે બાઈકને અડફેટે લેતાં માલધારી યુવકનું મોત નિપજયું હતું. જ્યારે રૈયા રોડ પર આફ્રિકા કોલોનીમાં રહેતા રાજેશભાઈ શેઠ કામ અર્થે શાપર જતા હોય ત્યારે શાપર ખોડિયાર હોટલ પાસે ટ્રક ચાલકે ઠોકરે ચડાવતાં રાજેશભાઈનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યુ છે. પોલીસે બંને ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## પશુપાલકને ટ્રકે અડફેટે લેતાં ઘટના સ્થળે જ દમ તોડયો

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ લાપાસરી રોડ પર બેકબોન ભરડીયાની સામે રહેતાં અને માલઢોર ચરાવતા વૈદરાજભાઈ કાળુભાઈ માલાણી (ઉ.વ.૪૩) તેઓ ગઈ કાલ બપોરનાં ટુ વ્હીલર લઈને જતા હતા ત્યારે અઢી વાગ્યાની આસપાસ લાપાસરી રોડ પર ગૌશાળાની પાસે ટ્રક ચાલકે ઠોકરે ચડાવતાં વૈદરાજભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવ સ્થળે લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા. અને યુવકને લોહિ લુહાણ હાલતમાં તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો. બનાવની જાણ



આજીડેમ પોલીસને થતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. અને તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં મૃતક યુવકને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. તેઓ ત્રણ બહેન અને બે ભાઈમાં મોટાં હતાં. મૂળ ગોંડલ પંથકના વતની હતા. અને તે પશુપાલનનો વ્યવસાય કરતા હતા. ગઈ કાલ બપોરે પશુ માટેનો ખોળની ગુણી લઈ ઘરે જતાં હોય ત્યારે ટ્રક ચાલકે બાઈક સવાર વૈદરાજભાઈને અડફેટે લેતાં તેઓ ફંગોળાયા હતા. અને ગંભીર ઇજાઓ પહોંચતા મોત નિપજ્યું હતું. બનાવ અંગે આજીડેમ પોલીસે અજાણ્યા ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

## શાપરમાં એકાઉન્ટન્ટ રાજેશભાઈ શેઠને ટ્રક ચાલકે ઉલાળ્યા

બનાવની વિગત મુજબ આજે સવારે શાપરમાં ખોડિયાર હોટલ પાસે ટ્રક ચાલકે બાઈક સવાર પ્રૌઢને ઠોકરે ચડાવતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચતા લોહી લુહાણ થઈ ગયા હતા. બનાવની જાણ ૧૦૮ને કરતાં તુરંત ૧૦૮ દોડી ગઈ હતી. અને પ્રૌઢને તાકિદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવારમાં ફરજ પરનાં તબીબે પ્રૌઢને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતાં પોલીસ તુરંત દોડી ગઈ હતી. અને જરૂરી કાગળો કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી હતી. જે તપાસમાં મૃત્યુ પામનાર રાજેશભાઈ જેન્તીલાલ શેઠ (ઉ.વ.૫૫) તેઓ રૈયા રોડ



પર આફ્રિકા કોલોનીમાં રહેતાં હોવાનું માલુમ પડ્યું હતું. તેઓ અલગ અલગ પેઢીનું એકાઉન્ટન્ટનું કામ કરતાં હતાં. તેઓ ચાર બહેનમાં એકના એક ભાઈ હતાં. તેને સંતાનમાં બે પુત્ર છે. તેઓ આજે સવારે એકટીવા લઈ કામ અર્થે શાપર જતાં હતાં. દરમિયાન શાપર ખોડીયાર હોટલ પાસે પહોચતા અજાણ્યા ટ્રક ચાલકે બાઈક સવાર રાજેશભાઈને અડફેટે લેતાં ફંગોળાયા હતા. અને તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર મળે તે પહેલા જ દમ તોડી દિધો હતો. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. અકસ્માત સર્જી નાસી છૂટેલા ટ્રક ચાલકની પોલીસે તપાસ હાથ ધરી છે.





## સિવિલ હોસ્પિટલનો વર્ષો જુનો ગેટ રીનોર્વેસન માટે બંધ, નવા બનેલ ગેટમાંથી પ્રવેશ

રાજકોટ સિવિલ હોસ્પિટલએ સમગ્ર સૌરાષ્ટ્રના દર્દી માટે આશીર્વાદ રૂપ છે. દરરોજ અનેક દર્દીઓ સારવાર મેળવે છે.ત્યારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પ્રવેશ માટેનો વર્ષો જુનો ગેટ છે તે હાલ રીનોર્વેસન માટે બંધ કરવામાં આવ્યો છે. સિવિલ હોસ્પિટલનો મેઇન ગેટ એસબીઆઈ સામે આવેલ છે. તે ગેટ હાલ બંધ કરવામાં આવ્યો છે. અને જામનગર રોડ પર બનાવેલ નવા ગેટ પરથી જ લોકો પ્રવેશ કરી શકશે. (તસ્વીરઃ પંકજ શીશાંગીયા)

## ગુજરાતમાં રફતારના રાક્ષસો બેફામ બન્યા! ૨૪ કલાકમાં ૫ અકસ્માત, ૮ ના મોત


### અમદાવાદ-ઈન્દોરને જોડતા હાઈવે પર ગાય સાથે કાર અથડાતા ૪ લોકના ઘટના સ્થળે મોત

### સુરતના ડાયમંડ બુર્સ પાસે ઓવર સ્પીડ કારએ ૧૬ વર્ષના કિશોરને અડફેટે લીધો

અમદાવાદ, તા.૧૭

ગુજરાતના રસ્તા જીવલેણ બન્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં ગુજરાતના અનેક શહેરોમાં ઢગલાબંધ અકસ્માતો સર્જાયા છે. જેમાં ૮ લોકોનાં ભોગ લેવાયા છે. જેમાં મળતી માહિતી મુજબ સુરતના ડાયમંડ બુર્સ પાસે કાર ઓવર સ્પીડ હોવાના કારણે અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં ૧૬ વર્ષીય કિશોરીનું મોત નિપજ્યું છે. અન્ય ૩ ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવાયા છે. જેને પગલે અલથાન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. તો બીજી તરફ, ભાવનગરના સિહોર તાલુકાના વળાવડ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે આવી રહેલી કારના ચાલકે બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બાઈકને અડફેટે લીધા બાત કાર પર દૂકાનમાં ઘૂસી ગઈ હતી. બાઈકમાં સવાર બાળકીનું મોત થયું હતું.

ગુજરાતમાં ફરી એકવાર રોડ પર રફતાર થી ચાલતી ગાડીઓ લોકો માટે જીવલેણ બની છે. સુરત રાજકોટ ભાવનગર, ખેડા સહિતના જિલ્લાઓમાં અકસ્માત સર્જાયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં ૫ અકસ્માત મા ૮ લોકના મોત



થયા છે. ભાવનગર શહેરના સિદસર રોડ લીલા સર્કલ નજીક અકસ્માત સર્જાયો હતો. લીલા સર્કલ નજીક બે એક્ટિવા સવારને અડફેટે લીધા હતા, આ અકસ્પાત થયા બાદ કાર મૂકી ચાલક ફરાર થયો હતો. અકસ્માતના પગલે લોકોના ટોળા એકત્ર થયા હતા. મહેસાણા-અમદાવાદ હાઈવે પર ભાસરિયા નજીક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર ઝાડ સાથે અથડાઈ ખાડામાં ખાબકી હતી. કારને અકસ્માતના પગલે ૨ લોકોના મોત નિપજ્યા. જ્યારે ૨ લોકો ઈજાગ્રસ્ત થયા.

ખેડામાં ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં કઠલાલ પાસેથી અમદાવાદ-ઈન્દોરને જોડતા હાઈવે પર ગતરોજ મોડીરાત્રે ઈકો કાર અને ગાય વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેથી ઈકો કાર ચાલકે કારના સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા આ કાર હાઈવેના ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને ત્યારબાદ લાઈટના લોખંડના પોલ સાથે અથડાઈ હતી.આ અકસ્માતમાં કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. ઘટનાને પગલે કઠલાલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

## મિત્ર માટે લીધેલ લોનનું વ્યાજ ભરપાઈ ન કરી શકતા મનીષ ભટ્ટીએ ઝેરી દવા પી લીધી

### ભગવતીપરા મેઇન રોડ પર પોતાની સલુનની દુકાનમાં જ ઝેરી દવા ગટગટાવીઃ સારવારમાંઃ પોલીસે તપાસ હાથ ધરી

રાજકોટ તા.૧૭

શહેરના ભગવતીપરા મેઇન રોડ પર ઝમ ઝમ બેકરીની સામે રહેતાં મનીષભાઈ ભટ્ટીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તેને મિત્ર માટે પોતાના નામે લોન ઉપાડી પૈસા મિત્રને આપ્યાં હતાં. પરંતુ મિત્ર લોનનું વ્યાજ



ભરતો ન હોય જેથી વ્યાજ મનીષભાઈ ભરતા હતા. વ્યાજની ભરપાઈ કરી ન શકતા કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું હતું.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ ભગવતીપરા મેઇન રોડ પર ઝમ ઝમ બેકરીની સામે રહેતાં મનીષભાઈ જેન્તીભાઈ ભટ્ટી (ઉ.વ.૪૫) નામના આધેડે ગઈ કાલ બપોરના બે વાગ્યાની આસપાસ પોતાની ભગવતીપરા મેઇન રોડ પર આવેલ ઓમ સાંઈ સલુનમાં કોઈ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેની જાણ પરિવારને થતાં તુરંત દોડી ગયા હતા. અને તાકિદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ તેઓની તબિયત વધુ નાજુક હોય જેથી ખાનગી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યાં હતાં.

બનાવ અંગે તેના પુત્રએ જણાવ્યુ હતું કે મનિષભાઈને ભગવતિ પરા મેઇન રોડ પર માધવ પાનની સામે સાઈ સલુન નામની દુકાન છે. મનીષભાઈના મિત્ર સુરેશ જોશી અને સંજય જોશીને સાબુની એજન્સી માટે મોટી રકમની જરૂર હોય જેથી તેનાં મિત્ર સુરેશ જોશી અને સંજય જોષીએ મનીષભાઈના નામે લોન લેવાની વાત કરી હતી. જેથી મનીષભાઈએ મિત્રતાના નાતે ફાઇનાન્સમાથી ૪૦ લાખની લોન લીધી હતી. અને પર્સનલ લોન સહિત અન્ય લોન કરી કુલ ૧ કરોડને ૧૦ લાખની લોન પોતાના નામે લિધી હતી. અને તે પૈસા તેના મિત્ર સુરેશ અને સંજયને આપ્યા હતા. પરંતુ લોનનું વ્યાજ તેના મિત્ર ભરતા ન હોય અને છેલ્લાં પાંચેક વર્ષથી મનીષભાઈ જ વ્યાજ ભરતા હતા. હવે વ્યાજના પૈસા ભરી ન શકતા મનીષભાઈએ કંટાળી પોતાની જ સલુનની દુકાનમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ તેઓ સદ્ભાવના હોસ્પિટલમાં સારવારમાં છે. તેઓને સંતાનમાં બે પુત્ર છે. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## લિઝના ધંધા ખારમાં મોટા મવાના વેપારીને ખૂનની ધમકી, કર્મચારીને કુવાડવાના શખ્સોએ મારમાર્યો

### વાંકાનેરના જામસરમાં ખાણ ખનીજના ધંધાર્થી રમેશભાઇ ઓડેદરાને લિઝ મળતા કુવાડવાના પ્રવિણ કરમુર અને તેના પુત્ર જીગર સહિતના શખ્સોએ ધમકી આપી મારામારી કરીઃ પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ તા. ૧૭

મોટા મવા કદંબ હાઇટ્સમાં રહેતાં રમેશભાઇ ચનાભાઇ ઓડેદરા (ઉ.વ.૪૮)ને વાંકાનેરના જામસર ખાતે ખાણની લીઝ મળી હોઇ આ બાબતે ધધાખાર રાખી કુવાડવાના જીગર નામના શખ્સે ફોન કરી ગાળો દઇ ધમકી દેતાં તાલુકા પોલીસમાં ફરિયાદ થઇ છે. સવારે આ બનાવ બાદ સાંજે રમેશભાઇની લીઝની ખાણ ખાતે કર્મચારી વાંકાનેરના પાડધરા ગામે રહેતા મહેશ દેવાભાઇ ઓડેદરા (ઉ.વ.૨૩) પર ત્રણ શખ્સોએ ઝઘડો કરી પથ્થર-બેલાથી જીવલેણ હુમલો કરતાં તેને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

બનાવ અંગે મોટા મવામાં કદંબ હાઈટ્સમાં રહેતાં રમેશભાઇ ઓડેદરાએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે કુવાડવાના જીગર પ્રવિણ કરમુરનું નામ આપી જણાવ્યું હતું કે, તે ખાણ ખનીજને લગતો વેપાર કરે છે. હાલમાં તેમને વાંકાનેરના જામસર ચોકડીએ બેલાની ખાણની લીઝ મળી છે. બપોરે ચારેક ફોન આવ્યા હતાં પરંતુ કામમાં હોઇ રિસીવ કર્યા નહોતાં. બાદમાં ઘરે આવતાં બીજા ત્રણ કોલ આવતાં સાંજે ફોન કરી કોણ બોલો છો? પુછતાં તેણે ગાળો દીધી હતી અને તું ક્યાં છે આજે તને મારી જ નાખવો







છે હું દસ જ મિનીટમાં તું જ્યાં હો ત્યાં આવુ છું કહી ધમકી દઇ ફોન કાપી નાખ્યો હતો. તપાસ કરતાં કુવાડવાના પ્રવિણ કરમુર કે તેઓ પણ ખાણખનીજને લગતું કામ કરતાં હોઇ તેના દિકરા જીગરે ધંધા ખારને કારણે ધમકી દીધાનું જણાતાં ફરિયાદ કરી હતી.

બીજી તરફ જામસરની રમેશભાઇની ખાણ ખાતે વાંકાનેરના પાઘડાર ગામે રહેતો મહેશ દેવાભાઇ ઓડેદરા (ઉ.વ.૨૩) નોકરી કરતો હોઇ તે બેલાની ખાણ ખાતે કેમેરા ફીટ કરાવતો હતો ત્યારે ત્રણ શખ્સોએ આવી માર મારી બેલા-પથ્થરથી ઇજા પહોંચાડતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફની પ્રાથમિક પુછતાછમાં પોતાને પ્રવિણ કરમુર, પ્રફુલ ભુવા અને પ્રદિપે માર માર્યાનું જણાવતાં તે મુજબની નોંધ સિવિલ ચોકીના સ્ટાફે વાંકાનેર તાલુકા પોલીસમાં કરાવી હતી.

## બાલાજી હોલ પાસે ઓટો રીક્ષામાંથી દારૂના જથ્થા સાથે બે શખ્સો ઝડપાયા

### પીસીબીની ટીમે ભાડલાના અફઝલશા પઠાણ અને રાજકોટના શાહરૂખને દબોચી રૂા.૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો





રાજકોટ, તા. ૧૭

૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલ બાલાજી હોલ પાસેથી ઓટો રીક્ષામાં દારૂની હેરાફેર કરવા નીકળેલા બે શખ્સોને પીસીબીની ટીમે દબોચી રૂા. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

દરોડાની વિગત મુજબ પીસીબી પીઆઇ એમ.આર.કુંડલીયાની રાહબરીમાં એએસઆઇ મહિપાલસિંહ, હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ અને હરદેવસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ પર બાલાજી હોલની સામેથી ઓટો રીક્ષામાં દારૂની હેરફેર કરતા અફઝલશા અનવરશા પઠાણ (રહે. ભાડલા, જસદણ) અને શાહરૂખ નુરા સરવદી (રહે. હૈદરી ચોક, દુધસાગર ચોક)ને પકડી પાડી રીક્ષામાંથી દારૂની ૩૬ બોટલ સહિત રૂા. ૧.૭૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી દારૂનો જથ્થો કયાંથી લાવ્યા અને કયાં સપ્લાય કરવાના હતા તે અંગે પુછતાછ હાથ ધરી હતી.

**ન્યુઝ ફ્લેશ**

## મોદી સુરક્ષા ચુકઃ ૨૫ સામે ધરપકડ વોરંટ



વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૦૨૨ની પંજાબ મુલાકાત સમયે જે રીતે તેમની સુરક્ષા સાથે ચેડા થયા હતા તે સંદર્ભમાં હવે પંજાબ પોલીસે ૨૫ લોકો કે જેઓએ વડાપ્રધાનના કાફલાને રોક્યો હતો તેની સામે ધરપકડ વોરંટ ઇસ્યુ કર્યું છે.

## રાજકોટ શહેર-જિલ્લામાં રેશનકાર્ડ E-KYCની હજૂ માત્ર ૩૮.૧૬ ટકા કામગીરી

### ૩૭૮૧૬૪૯ કાર્ડહોલ્ડરોમાંથી ૧૪૪૩૦૩૧ના રજિસ્ટ્રેશનઃ પુરવઠા વિભાગના સચીવની અધિકારીઓ સામે વિડીયો કોન્ફરન્સ

રાજકોટ તા.૧૭

રાજકોટ શહેર-જિલ્લામાં રેશનકાર્ડ E-KYCની હજૂ માત્ર ૩૮.૧૬ ટકા કામગીરી થવા પામી છે. જિલ્લામાં કુલ ૩૭૮૧૬૪૯ રેશનીંગ કાર્ડ હોલ્ડરોમાંથી ૧૪૪૩૦૩૧ કાર્ડ હોલ્ડરોએ રેશનકાર્ડ ઈ-કેવાયસી રજિસ્ટ્રેશન કરાવેલ છે.

જયારે ૨૩૩૮૬૧૪ રેશનીંગ કાર્ડ હોલ્ડરોના રેશનકાર્ડ ઈ-કેવાયસી રજિસ્ટ્રેશન કરવાના હજુ બાકી છે.

તેમજ એન.એફ.એસ.એ.ના ૧૩૩૯૦૪૨ કાર્ડ હોલ્ડરોમાંથી ૭૭,૬૫૯ કાર્ડ હોલ્ડરોએ ઈ-કેવાયસી રજિસ્ટ્રેશન કરાવેલ છે અને ૪.૬૧૩૮૩ કાર્ડ હોલ્ડરોના રજિસ્ટ્રેશન હજુ બાકી રહ્યા છે. રેશનકાર્ડ, ઈ-કેવાયસી રજિસ્ટ્રેશન રેશનીંગનો પુરવઠો મેળવવા માટે ફરજિયાત કરી દેવામાં આવેલ છે. જો કે આ રજિસ્ટ્રેશન માટેની મુદત લંબાવવામાં આવી છે. રાજયના પુરવઠા વિભાગના સચીવ દ્વારા આજે રાજકોટ સહિત રાજ્યના તમામ જિલ્લાઓના પુરવઠા અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજવામાં આવી હતી જેમાં કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રેશનકાર્ડ-ઈ-કેવાયસીની કામગીરીમાં ઝડપ લાવવા અધિકારીઓને આ કોન્ફરન્સમાં તાકીદ કરવામાં આવી હતી.

## કાલે કલેકટર કચેરીમાં યોજાશે ફરિયાદ અને સંકલન સમિતીની બેઠક

રાજકોટ,તા.૧૭

રાજકોટ જિલ્લાકક્ષાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક દર માસના ત્રીજા શનિવારે યોજવામાં આવે છે. જેના અનુસંધાને જાન્યુઆરી માસની જિલ્લા ફરિયાદ અને સંકલન બેઠક આવતીકાલે તા. ૧૮ જાન્યુઆરીના શનિવારે સવારે ૧૧ કલાકે જિલ્લા કલેક્ટર કચેરીના મુખ્ય સભા ખંડ ખાતે યોજવામાં આવશે, જેની સભ્યોએ નોંધ લેવા કલેક્ટર કચેરીની યાદીમાં જણાવાયું છે.

### જીએસટી કલેક્શનના ચોક્કસ આંકડા છૂપાવવા પાછળનું હેતુ શું છે?

## વધતું જતું ટેક્સ કલેક્શન પણ સરકારની ચિંતા! ખોટી છબી સર્જશે

### સીધા અને આડકતરા કરવેરામાં જંગી વધારો અને બીજી તરફ મોંઘવારી પણ વધતા મધ્યમ વર્ગને ખોટો સંદેશ જવાનો ભયઃ સરકાર વેરા વધારે છે પણ રાહત આપતી નથીઃ બજેટમાં મધ્યમ વર્ગની નારાજગી દૂર કરવા સરકાર ખાસ પ્રયાસ કરે તેવા સંકેત

નવી દિલ્હી, તા.૧૭

એક તરફ દિલ્હી વિધાનસભાની ચૂંટણી અને બીજી તરફ કેન્દ્રીય બજેટ બંનેમાં મોદી સરકાર ખાસ કરીને કર્મચારીથી લઇ મધ્યમ વર્ગની નારાજગી ન રહે તે ચિંતા કરશે. મોદી સરકાર ત્રીજી ટર્મ માટે સત્તામાં આવી છે અને બજેટ એવા સમયે રજુ થઇ રહ્યું છે કે જ્યારે દેશમાં લાંબા સમયથી મોંઘવારીનો માહોલ છે અને હજુ પણ વૈશ્વિક સ્થિતિ એવી છે કે આગામી સમયમાં ભાવ વધારો નવી ઉંચી સપાટીએ પહોંચી શકે છે. ખાસ કરીને અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન બાદ ટેરીફ વધારવા મુદ્દે જે નિર્ણય લેવાશે તે ભારતમાં આયાતને અસર કરી શકે છે.

આ ઉપરાંત અમેરિકાએ રશિયા પર જે ક્રુડતેલ પ્રતિબંધ નવેસરથી લાદયા છે તેની અસર માર્ચ મહિનાથી શરુ થઇ જશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવમાં વધારો શરુ થઇ ગયો છે. જે ઘરઆંગણે પણ પેટ્રોલ-ડીઝલ સહિતના ભાવવધારાને દબાણમાં રાખશે. દિલ્હી ચૂંટણીમાં જે રીતે ભાજપે કર્મચારી અને મધ્યમ વર્ગને રીઝવવા માટે જાહેરાતો કરી છે તેની અસર બજેટમાં પણ દેખાશે.



આ ઉપરાંત વિધાનસભા ચૂંટણીમાં રેવડી કલ્ચર વધી રહ્યું છે અને તેના કારણે રાજ્યના બજેટ ઉપર પણ મોટી અસર થશે.

સરકારે આ ઉપરાંત જીએસટી ડેટાની મહત્વની વિગતો જાહેર નહીં કરવાનું જે વલણ અપનાવ્યું છે તે પણ સૂચક છે કે સરકારનું ટેક્સ કલેક્શન આગામી દિવસોમાં વધશે. સરકારને ચિંતા છે કે વધતા જતા ટેક્સ ક્લેક્શનથી સામાન્ય લોકોમાં એવી છાપ પડશે કે સરકાર દર મહિને ટેક્સની આવક વધારી રહી છે પરંતુ લોકોને રાહત આપતી નથી. તમામ પ્રકારની કરવેરા આવકમાં વધારો એ લોકોના સેન્ટીમેન્ટ પર નેગેટીવ અસર કરી શકે છે અને લોકોનો જુસ્સો વધી શકે છે. મધ્યમ વર્ગની નારાજગી લાંબો સમય સુધી સરકાર માટે યોગ્ય ગણાય નહીં. દેશમાં ૩૫૦થી વધુ બેઠકો એવી છે કે જ્યાં મધ્યમ વર્ગ પ્રભાવિત છે અને તેથી જ બજેટમાં સરકાર મધ્યમ વર્ગ અને સેલેરી કલાસને કોઇ ખાસ રાહત આપે તેવી શક્યતા છે.

યુપીએ-૨ દરમ્યાન જે રીતે મોંઘવારી વધી અને લોકોનો આક્રોશનો ફાયદો ભાજપને મળ્યો તે સ્થિતિ ૨૦૨૪ની ચૂંટણીમાં થોડી ઘણી જોવા મળી હતી અને ભાજપને પોતાની બહુમતી ન મળી તેમજ ટેકાથી સરકાર ચાલે છે. આ ઉપરાંત વધતી જતી મોંઘવારી વિપક્ષને પણ નવા હથિયારો આપે છે. રેવડી કલ્ચર એ ચૂંટણી જીતાડી શકે તે સાબિત થતું જાય છે પણ રાજ્યના બજેટ પર તેની નેગેટીવ અસર એ લાંબા ગાળે સરકાર માટે પણ મુશ્કેલી સર્જી શકે છે.

# કાલે જનરલ બોર્ડ; ભાજપના સભ્યોના 'સરકારી' જેવા પ્રશ્નોની થશે ચર્ચા

## વિપક્ષે રહી રહીને છ પ્રશ્નો રજૂ કર્યા : કુલ ૧૮ કોર્પોરેટરના ૩૮ સવાલો : દ્વિમાસિક સભામાં ફરી રાજકીય તડાફડી બોલશે કે પ્રજાના પ્રશ્નોની તંદુરસ્ત ચર્ચા થશે?

રાજકોટ, તા. ૧૭

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનનું દ્વિમાસિક જનરલ બોર્ડ આવતીકાલ શનિવારે સવારે ૧૧ વાગ્યે મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને મળશે. આ બોર્ડના એજન્ડા પર ૯ દરખાસ્તો છે. તો ભાજપના ૧૬ કોર્પોરેટરોના પ્રશ્નો ક્રમમાં સૌથી ઉપર હોય, કાલની સભામાં પણ સરકારી માહિતીની આપ-લે જેવી જ ચર્ચા થાય તેવું લાગે છે. વિરોધ પક્ષ કોંગ્રેસે એજન્ડા પ્રસિધ્ધિના દિવસે સાંજે પ્રશ્નો મૂકયા હોય, બે કોર્પોરેટરોના ૬ પ્રશ્નોને ચર્ચામાં સમય નહીં મળે તે પણ નિશ્ચિત છે.

રાજય સરકારે મંજૂર કરેલા સભા સંચાલનના નવા નિયમ મુજબનું કાલે પ્રથમ બોર્ડ છે. મહિલા માર્શલ મૂકવા, પ્રેક્ષક ગેલેરીમાં પ્રવેશ સરળ કરવા, રોજકામ વાંચનની નવી ફી, અધ્યક્ષ સ્થાન વગેરે નવા નિયમ ગેઝેટમાં પ્રસિધ્ધ થયા હતા. કાલના બોર્ડમાં પ્રશ્નોત્તરીમાં સૌ પહેલો પ્રશ્ન ભાજપના કોર્પોરેટર હાર્દિક ગોહિલનો છે. ભાજપના કુલ ૧૬ અને કોંગ્રેસના બે સભ્યોએ કુલ ૩૮ પ્રશ્નો રજૂ કરી માહિતી માંગી છે. જેમાં મોટા ભાગે ગમે ત્યારે રેકર્ડ પર મળી જતી માહિતી જેવા જ પ્રશ્નો છે. કોંગ્રેસે ટીપી સ્કીમ જેવા સવાલ પૂછયા છે.

બોર્ડમાં પ્રથમ પ્રશ્નમાં મોટા મવા, માધાપર, મુંજકા, મનહરપુર ગામોમાં તંત્રએ કરેલી કામગીરી, બાંધકામ, ડ્રેનેજ, રોશની, વોટર વર્કસ શાખાની વોર્ડવાઇઝ કામગીરીની વિગતો માંગવામાં આવી છે. બીજા ક્રમે ઇએસઆર, જીએસઆર, નવા પમ્પીંગ સ્ટેશનના આયોજન, કોર્પો.ના બિલ્ડીંગો પર સોલાર રૂફટોપ પેનલથી વીજ ખર્ચ બચત, બાકી વેરા વસુલાત , મેલેરીયા શાખાની છ માસની કામગીરી પૂછવામાં આવી છે.

આ ઉપરાંત શહેરમાં કેટલા આરોગ્ય કેન્દ્રો, છ મહિનામાં કેટલા દર્દીઓએ લાભ લીધો, રોડ ડિવાઇડર વચ્ચે હોર્ડીંગ બોર્ડની મંજૂરી, છ માસમાં પ્રદ્યુમન પાર્ક અને રામવનના મુલાકાતી, સીટી બસની સંખ્યા, આવાસ ફાળવણી, મનપામાં ખાલી જગ્યાઓ, સિક્યુરીટી ગાર્ડના પોઇન્ટ, હોલ અને ઓડિટોરીયમના ભાડાની આવક, મનપાને મળેલા એવોર્ડ, પ્રોજેકટ શાખા હસ્તકની યોજના, સીટી બસમાં સીનીયરોને લાભ, દબાણ હટાવ, ઇલે. બસની માહિતીઓ માંગવામાં આવી છે.

જયારે ચાલુ વર્ષની બાકી વેરા વસુલાત, પાંચ લાખથી મોટા બાકીદારો, રાજકોટમાં ડ્રીકીંગ વોટરની બોટલના નોંધાયેલા ડિસ્ટ્રીબ્યુટર, એક વર્ષમાં લેવાયેલા સેમ્પલ, તેના નિયમો, મનપાને લગ્ન હોલ અને ઓડિટોરીયમના ભાડાની વિગતો પૂછવામાં આવી છે. રાજકોટમાં છ મહિનામાં કેટલી જગ્યાએ ફૂડ ચેકીંગ કરાયું, કેટલી વસ્તુનો કઇ રીતે નાશ કરાયો તે પૂછયું છે. પે એન્ડ પાર્ક અંગેની માહિતી પણ બોર્ડને પૂછવામાં આવી છે

### એજન્ડા પરની દરખાસ્તો

- વોર્ડ નં.૧૨ વાવડીની પ્રધાનમંત્રી આવાસ યોજનાનું મનસુખભાઇ છાપીયા ટાઉનશીપ નામકરણ, કોમ્યુનિટી હોલનું રંજનબેન રાવલ નામકરણ
- પર્યાવરણ સુધારા, ઝીરો એમીશન માટેના એકશન પ્લાનને મંજૂરી
- મણીયાર લાયબ્રેરીમાં કોર્પોરેટરની નિમણુંક
- ટીપી-૩ અટલ સ્માર્ટ સીટીમાં અટલ બિહારી વાજપેયીની પ્રતિમા મૂકવા
- વીર તાત્યાટોપે અને શહીદ રાજગુરૂ ટાઉનશીપના આવાસોની કિંમત નકકી કરવા
- રેસકોર્સની શીબીર અને નાઇટ મેરેથોન માટે વિનામૂલ્યે મેદાન આપવા
- વોર્ડ નં.૧૧ મવડી સ્મશાન પાસેના ચોકનું 'કલ્પેશ સાગઠીયા ચોક' નામકરણ

### નવનિયુકત કમિશ્નર તુષાર સુમેરાનું કાલે પ્રથમ બોર્ડ

રાજકોટ, તા. ૧૭

મ્યુનિ. કોર્પોરેશનના નવનિયુકત કમિશ્નર તુષાર સુમેરાનું કાલે પ્રથમ જનરલ બોર્ડ છે.

ગત મહિને ભરૂચ કલેકટર તરીકે કામ કરીને રાજકોટ નિયુકિત પામેલા તુષાર સુમેરાએ મહાપાલિકાનો ચાર્જ સંભાળ્યો હતો. તેઓએ અગાઉ જુનાગઢ મ્યુનિ. કમિશ્નર તરીકે પણ કામ કરેલું છે. પરંતુ રાજકોટમાં આઠ મહિના પહેલા ગેમ ઝોન અગ્નિકાંડ સર્જાયો હતો. તે બાદ કોર્પો.માં વહીવટ ઠપ્પ હોવાની ફરિયાદો છેક સરકાર સુધી પહોંચી હતી. કોર્પો.ના અનેક અધિકારીઓ આરોપીના પાંજરામાં છે. નવા બજેટની તૈયારીઓ શરૂ થઇ ગઇ છે. આવા પડકારો વચ્ચે નવનિયુકત કમિશ્નર કાલે મનપાના બોર્ડમાં પ્રથમ વખત સભ્યોના પ્રશ્નો અને પેટા પ્રશ્નોના જવાબો આપવાના છે.

### નગરસેવકોના પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૧ | હાર્દિકભાઇ ગોહિલ | ૨ |
| ૨ | રસિલાબેન સાકરીયા | ૨ |
| ૩ | અશ્વિનભાઇ પાંભર | ૨ |
| ૪ | ભારતીબેન પરસાણા | ૨ |
| ૫ | ચેતનભાઇ સુરેજા | ૨ |
| ૬ | કંચનબેન સિધ્ધપુરા | ૨ |
| ૭ | નીતિનભાઇ રામાણી | ૨ |
| ૮ | કિર્તિબા રાણા | ૨ |
| ૯ | જયાબેન ડાંગર | ૨ |
| ૧૦ | દિલીપભાઇ લુણાગરીયા | ૨ |
| ૧૧ | જયોત્સનાબેન ટીલાળા | ૨ |
| ૧૨ | મીનાબા જાડેજા | ૨ |
| ૧૩ | રાણાભાઇ સાગઠીયા | ૨ |
| ૧૪ | કુસુમબેન ટેકવાણી | ૨ |
| ૧૫ | વિનુભાઇ સોરઠીયા | ૨ |
| ૧૬ | ડો.અલ્પેશભાઇ મોરઝરીયા | ૨ |
| ૧૭ | ભાનુબેન સોરાણી | ૩ |
| ૧૮ | વશરામભાઇ સાગઠીયા | ૩ |

| | ભાજપ | કોંગ્રેસ | કુલ |
|---|---|---|---|
| કોર્પોરેટર | ૧૬ | ૦૨ | ૧૮ |
| પ્રશ્નો | ૩૨ | ૦૬ | ૩૮ |

# સંક્રાંતિએ પણ ફરવાનો ક્રેઝ : ઝૂમાં ૨૦,૮૩૪ પ્રવાસીઓ ફર્યા

### દિવાળી-જન્માષ્ટમીની જેમ ઉત્તરાયણે પણ લોકોની ભીડ : બે દિવસમાં મનપાને ટીકીટની ૪.૫૧ લાખની આવક





રાજકોટ, તા. ૧૭

મહાપાલિકાના લોકપ્રિય એવા પ્રદ્યુમન પાર્ક ઝુમાં સંક્રાંતિના તા.૧૪ અને ૧૫ બે દિવસમાં ૨૦ હજારથી વધુ લોકો મહાલ્યા હતા અને તહેવારમાં પ્રાણીઓને નિહાળીને આનંદ માણ્યો હતો.

જાહેર રજા તથા તહેવારોના દિવસો દરમિયાન ઝૂ ખાતે મોટી સંખ્યામાં મુલાકાતીઓ આવે છે. દર વર્ષે જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોમાં અંદાજિત ૧,૫૦,૦૦૦ મુલાકાતીઓ ઝૂની મુલાકાત લે છે. નિયમીત રીતે ઝૂ દર સોમવારનાં રોજ મુલાકાતીઓ માટે બંધ રાખવામાં આવે છે. ચાલુ વર્ષે મકરસંક્રાંતિનાં તહેવાર દરમિયાન પણ મુલાકાતી વધ્યા હતા. તા.૧૪નાં રોજ ૧૪,૮૧૦ અને તા.૧૫નાં રોજ ૬,૦૨૪ એમ બે દિવસમાં કુલ ૨૦,૮૩૪ સહેલાણીઓએ ઝુની મુલાકાત લીધી હતી જેથી મહાનગરપાલિકાને કુલ બે દિવસમાં કુલ રૂા.૪,૫૧,૧૫૦ની આવક થયેલ છે. તમામ મુલાકાતીઓ ગુલાબી ઠંડીની મજા માણવા સાથે કુદરતી પર્યાવરણ ધરાવતા પાંજરાઓમાં રાખવામાં આવેલ વન્યપ્રાણીઓને નિહાળી રોમાંચિત થયા હતા તેમ, મેયર નયનાબેન પેઢડિયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીનભાઈ ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા અને ઝૂ સમિતિનાં ચેરમેન સોનલબેન સેલારાએ જણાવ્યું હતું. હાલ રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે જુદી જુદી ૬૫ પ્રજાતિઓનાં કુલ ૫૫૮ વન્યપ્રાણી-પક્ષીઓ પ્રદર્શિત કરવામાં આવે છે. જેમાં એશિયાઇ સિંહ, સફેદ વાઘ, રોયલ બેંગાલ ટાઇગર, દિપડા, હિમાલયનાં રીંછ, સ્લોથ રીંછ, જળ બિલાડી, ચાર પ્રકારનાં શ્વાનકુળનાં પ્રાણીઓ, ચાર પ્રકારનાં વાંદરાઓ, વિવિધ પ્રજાતીઓનાં સાપ, બે પ્રકારની મગર, જુદી જુદી પ્રજાતીઓનાં હરણો તથા વિવિધ પ્રજાતિનાં પક્ષીઓ સામેલ છે. આ વન્ય પ્રાણી-પક્ષીઓનું સંરક્ષણ અને સંવર્ધન કરવામાં આવે છે. આ ઉપરાંત ઝૂ ખાતે એક વર્ષ પહેલા જન્મ થયેલ બે સફેદ વાઘ બાળને તેની માતા સાથે જોવાનો લ્હાવો છે.

### પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને તેના પત્ની જંગી રકમની ઉચાપતમાં દોષિત

# ઈમરાન ખાનને ૧૪ વર્ષ અને બુશરા બીબીને ૭ વર્ષની જેલ સજા

### હાલ જેલમાં રહેલા ઈમરાનને હવે પાકા કામના કેદી તરીકે ગણાવાશેઃ ચુકાદા બાદ તૂર્ત જ બુશરા બીબીને પણ પોલીસ કસ્ટડીમાં લેવાયાઃ જેલમાં મોકલી અપાશે

ઈસ્લામાબાદ, તા.૧૭

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન અને તેમના પત્ની બુશરાને હવે લાંબો સમય જેલમાં રહેવું પડશે. પાકની ભ્રષ્ટાચાર વિરોધી એજન્સી દ્વારા ઈમરાન ખાન અને તેના પત્ની પર અલ-કાદીર ટ્રસ્ટમાંથી ૧૯૦ મીલીયન પાઉન્ડની ઉચાપતમાં જે કેસ કર્યો હતો તેમાં અદાલતે ઈમરાન ખાનને ૧૪ વર્ષની અને તેના પત્ની બુશરાને ૭ વર્ષની જેલ સજા ફટકારી છે. આમ ઈમરાન ખાન



માટે હવે ફરી એક વખત પાકિસ્તાનના રાજકારણમાં સક્રિય થવું એ અશક્ય જેવું બની ગયું છે. અલ-કાદીર બુશરા ટ્રસ્ટએ વડાપ્રધાન સહિતના જે મહાનુભાવોને દેશ-વિદેશમાંથી ભેટો મળે છે તે જમા થાય છે અને તે સરકારની મીલ્કત ગણાય છે અને તેમાંથી જંગી રકમની ઉચાપત આ યુગલે કરી હોવાનું બહાર આવ્યું હતું. ચુકાદો જાહેર થતાં જ બુશરા બીબીને પોલીસ કસ્ટડીમાં લઇ જવાયા હતા અને તેમને જેલમાં મોકલી દેવામાં આવશે. ઈમરાન ખાન હાલમાં જ અન્ય આરોપમાં જેલમાં છે. હવે તેઓ ઉપલી અદાલતમાં અપીલ કરે ત્યારબાદ તેના ચુકાદા પર આ યુગલનું ભાવિ નક્કી થશે.

### મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો પોરબંદર પ્રવાસ રદઃ જે.પી. નડ્ડા સાથે રહેશે



આવતીકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો જે પોરબંદર પ્રવાસ અગાઉથી નિશ્ચિત થયો હતો તે રદ કરાયો છે. આવતીકાલે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ તથા કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા અમદાવાદમાં અનેકવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના છે તે સંદર્ભમાં સીએમનો પ્રવાસ રદ કરાયો હોય તેવું માનવામાં આવે છે.

# સોનીબજારમાં વધુ ૩ સહિત ૯ મિલ્કત સીલ

### આજે વેરા શાખાએ ૯ બાકીદારોને ત્યાં તાળા માર્યા : ૨૭.૯૨ લાખની રીકવરી

રાજકોટ, તા. ૧૭

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા આજે જુદા જુદા વિસ્તારમાં વધુ ૯ મિલ્કત વેરા બાકીદારોની પ્રોપર્ટીને સીલ મારવામાં આવ્યા હતા.

વોર્ડ નં.૭માં સોનીબજારમાં આવેલ કલકત્તા ચેમ્બરમાં બીજા અને ત્રીજા માળે આવેલી બે દુકાનો સીલ કરવામાં આવી હતી. આ વિસ્તારમાં જ આવેલ શ્રી રઘુવીર ટાવરમાં પણ એક મિલ્કતને સીલ મારવામાં આવ્યા હતા. જુના રાજકોટના ઘી કાંટા રોડ પર પણ બે મિલ્કતને સીલ કરાઇ હતી.

વોર્ડ નં.૫ના રણછોડનગર અને પટેલ પાર્કમાં રીકવરી થઇ હતી. વોર્ડ નં.૧૫ના શ્રી હરિ ઔદ્યોગિક વિસ્તારમાં રીકવરી અને નોટીસની કામગીરી કરવામાં આવી હતી. તો વોર્ડ નં.૧૮ના કોઠારીયા રોડ પર એક મિલ્કતમાં સીલની કાર્યવાહી કરતા રૂા. અર્ધો લાખનો ચેક જમા થયો હતો. આજે બપોર સુધીમાં ૧૧ મિલ્કતમાં રીકવરી અને ૯માં સીલની કાર્યવાહી થઇ હતી. આજે ૨૭.૯૨ લાખની રીકવરી સાથે વેરાની કુલ આવક ૩૩૮.૮૧ કરોડ પર પહોંચ્યાનું ટેકસ વિભાગે જણાવ્યું હતું.





# શેરબજારમાં મંદીનો આંચકો : ઈન્ફોસીસમાં ગાબડુ : સેન્સેકસમાં ૪૫૦ પોઈન્ટનો ઘટાડો

### નવા સપ્તાહમાં ટ્રમ્પની તાજપોશી બાદ અમેરિકી નીતિ પર નજર

રાજકોટ, તા. ૧૭

મુંબઇ શેરબજારમાં હેવીવેઇટ શેરોમાં આક્રમક વેચવાલીના દબાણથી મંદીનો આંચકો અનુભવાયો હતો. સેન્સેકમાં ૪૫૦ પોઇન્ટનું ગાબડુ હતું.

શેરબજારમાં આજે માનસ સાવચેતીનું હતું. વિદેશી નાણા સંસ્થાઓની એકધારી વેચવાલી, વૈશ્વિક અર્થતંત્ર વિશે વિશ્વ બેંકનો લાલબતી ધરતો રીપોર્ટ જેવા કારણોથી નવી લેવાલી ધીમી હતી. નફારૂપી વેચવાલીથી માર્કેટ દબાણ હેઠળ હતું. જાણીતા શેરબ્રોકરોના કહેવા પ્રમાણે નવા સપ્તાહમાં અમેરિકામાં ટ્રમ્પ સત્તારૂઢ થશે અને તેમના પ્રથમ સ્ટેટમેન્ટ તથા નીતિઓની વ્યાપક અસર થાય તેમ હોવાથી તેના પર મીટ મંડાતી હતી. આ સિવાય આગામી બજેટ સંબંધી અટકળો વ્યકત થવા લાગી હોવાથી તેના પર નજર હતી.

મુંબઇ શેરબજારમાં આજે ટાઇટન, અદાણી પોર્ટ, એશીયન પેઇન્ટસ, મારૂતિ, નેસ્લે, પાવર ગ્રીડ, રિલાયન્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ભારત પેટ્રોલીયમ, ઓલ ઇન્ડિયા, હિન્દાલકો જેવા શેરોમાં ઉછાળો હતો. જયારે ટીસીએસ, એકસીસ બેંક, બજાજ ફાયનાન્સ, ભારતી એરટેલ, એફડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ફોસીસ, કોટક બેંક, મહિન્દ્ર જેવા શેરોમાં ઘટાડો હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્ષ ૪૩૮ પોઇન્ટના ઘટાડાથી ૭૬૬૦૪ હતો જે ઉંચામાં ૭૭૦૬૯ તથા નીચામાં ૭૬૨૬૩ હતો. નેશનલ સ્ટોક એકસચેંજનો નિફટી ૧૧૭ પોઇન્ટ ઘટીને ૨૩૧૯૪ હતો જે ઉંચામાં ૨૩૨૯૨ તથા નીચામાં ૨૩૧૦૦ હતો.

કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો સતત દબાણ હેઠળ હતો. આજે વધુ ૭ પૈસાના ઘટાડાથી ૮૬.૬૨ સાંપડયો હતો.

# અમેરિકામાં વ્હાઈટ હાઉસ પર હુમલો કરનાર ભારતનાં 'માથા ફરેલ' છાત્રને ૮ વર્ષની કેદ

### યુવાન અમેરિકામાં ચૂંટાયેલી સરકાર પર નિયંત્રણ મેળવી નાઝીનું સરમુખત્યાર શાસન લાવવા માગતો હતો

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકામાં એક ભારતીયને વ્હાઇટ હાઉસ પર હુમલો કરવાનો પ્રયાસ કરવા બદલ આઠ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. ગુરુવારે, એક યુએસ કોર્ટે સાઈ વર્ષિત કંડુલાને હુમલાનો દોષી ઠેરવ્યો હતો. વીસ વર્ષના સાઈએ ૨૨ મે ૨૦૨૩ ના રોજ આ હુમલો કરવાનો પ્રયાસ કર્યો. યુએસ જસ્ટિસ ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે આ હુમલાનો ઉદ્દેશ્ય લોકશાહી રીતે ચૂંટાયેલી યુએસ સરકારને ઉથલાવી પાડવાનો હતો જેથી તેની જગ્યાએ નાઝી વિચારધારાથી પ્રેરિત સરમુખત્યારશાહી શાસન આવે તેવો હતો.



માહિતી અનુસાર, સાઈ કંડુલાએ બાદમાં અમેરિકન સંપત્તિને ઈરાદાપૂર્વક નુકસાન પહોંચાડવા અને તોડફોડ કરવાના આરોપો સ્વીકાર્યા હતો. તે 'ગ્રીન કાર્ડ' ધરાવતો યુનાઇટેડ સ્ટેટ્સનો કાયદેસર કાયમી નિવાસી છે. કોર્ટના દસ્તાવેજો અનુસાર, સાઈ ૨૨ મે, ૨૦૨૩ ના રોજ બપોરે સેન્ટ લુઇસ, મિઝોરીથી વોશિંગ્ટન જવા રવાના થયો હતો અને લગભગ ૫:૨૦ વાગ્યે ડલ્સ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચ્યો હતા. અહીં તેણે એક ટ્રક ભાડે લીધી અને હુમલો કર્યો.

તેણે વ્હાઇટ હાઉસ અને પ્રેસિડેન્ટ પાર્કની સુરક્ષા કરતા બેરિકેડમાં ટ્રકને અથડાવી દીધી. તેણે ટ્રક ફૂટપાથ પર હંકારી દીધી, જેના કારણે ત્યાં હાજર લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. ઘટનાને અંજામ આપ્યા પછી, સાઈ ટ્રકમાંથી બહાર નીકળી ગયો અને પાછળ ગયો. અહીં તેણે પોતાની બેગમાંથી નાઝી ધ્વજ કાઢ્યો અને તેને લહેરાવ્યો. ન્યાય વિભાગે જણાવ્યું હતું કે યુએસ પાર્ક પોલીસ અને યુએસ સિક્રેટ સર્વિસના અધિકારીઓએ ઘટનાસ્થળેથી કંડુલાની ધરપકડ કરી હતી અને તેને કસ્ટડીમાં લીધો હતો. પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે તે સરકાર પર નિયંત્રણ મેળવીને રાષ્ટ્રપતિ જો બાઈડનની હત્યા કરવા માંગતો હતો. આ માટે ૬ મહિનાથી પ્લાનિંગ કરી રહ્યો હતો. ભારતના ચંદનગરમાં જન્મેલો કંડુલા અમેરિકાનો કાયમી નિવાસી હતો અને તેની પાસે ગ્રીન કાર્ડ હતું.

# દેશના જુદા જુદા સ્થળે બદલાતો મોસમનો મિજાજઃ દિલ્હીમાં ગાઢ ધુમ્મસ, પહાડો પર બરફવર્ષા, મેદાનોમાં શિત લહેર

### રાજસ્થાનમાં ઠેર ઠેર હળવાથી ભારે વરસાદ સાથે કડકડતી ઠંડીઃ હવામાન ખાતાનું અનેક રાજયોમાં ગાઢ ધુમ્મસને લઈને એલર્ટ, ટ્રેનો-ફ્લાઈટ્સને અસરઃ આગામી દિવસોમાં તાપમાનમાં હળવો ફેરફાર થઈ શકે

નવી દિલ્હી, તા.૧૭

એનસીઆર સહિત દેશભરના અનેક રાજ્યોમાં હવામાન અનેક રંગો બદલ્યા છે, પૂરા ઉત્તર ભારતમાં શીતલહેરનો દોર ચાલુ છે. દરમિયાન વરસાદ પણ ઠંડી લાવવામાં નિમિત્તે બને છે. વરસાદ, શીતલહેર અને ધુમ્મસ પરેશાનીઓ વધારી રહ્યા છે. જ્યારે આજે દિલ્હી-એનસીઆર સહિત યુપી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ગાઢ ધુમ્મસ છવાયું હતું. દરમિયાન હવામાન વિભાગે દિલ્હી સહિત અનેક રાજ્યોમાં ગાઢ ધુમ્મસનું એલર્ટ જાહેર કર્યું છે.

**સીમલા-કાશ્મીરમાં બરફવર્ષા**

કાશ્મીર-સીમલા સહિત અનેક ઉંચા વિસ્તારોમાં ગુરુવારે ફરીથી બરફવર્ષા શરૂ થઇ છે. સીમલામાં ૧.૬ સેન્ટીમીટર સ્નોફોલ નોંધાયો છે. હવામાન વિભાગ મુજબ કાશ્મીરમાં ૨૨ અને ૨૩મી જાન્યુઆરીએ હળવાથી મધ્યમ બરફ વર્ષાની આગાહી છે. શ્રીનગરમાં બુધવારે રાત્રે ન્યુનત્તમ તાપમાન માઇનસ ૨.૫ ડિગ્રી નોંધાયું હતું.

**હળવા વરસાદ સાથે રાજસ્થાનમાં કડકડતી ઠંડી**

છેલ્લા બે દિવસોમાં રાજસ્થાનના અનેક વિસ્તારોમાં વરસાદ બાદ ઠંડી વધુ તેજ થઇ ગઇ છે. છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વી રાજસ્થાનના અનેક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. આજે સવારે રાજ્યમાં ગાઢ ધુમ્મસ રહ્યું હતું.

**ટ્રેન અને હવાઇ યાત્રાને અસર**

દિલ્હીમાં ધુમ્મસ અને ખરાબ હવામાનના કારણે વિઝિબીલીટી શૂન્ય થઇ ગઇ હતી, જેના કારણે ટ્રેનો અને



**કાશ્મીર-સીમલામાં બરફવર્ષા, ઉત્તર ભારત ઠુંઠવાયું**

કાશ્મીર અને સીમલા સહિત અનેક ઉંચાણ વાળા વિસ્તારોમાં ગઈકાલે ફરીથી બરફ વર્ષા થઈ હતી. સીમલામાં ૧.૬ સેન્ટીમીટર સ્નોફોલ નોંધાયો હતો. હવામાન વિભાગ અનુસાર કાશ્મીરમાં ૨૨ અને ૨૩ જાન્યુઆરીએ ફરી હળવાથી મધ્યમ બરફવર્ષાનું અનુમાન છે. શ્રીનગરમાં બુધવારે રાત્રે ન્યુનતમ તાપમાન શુન્યથી ૨.૫ ડિગ્રી સેલ્સીયસ નીચે નોંધાયું હતું. મેદાની અને નીચેના વિસ્તારોમાં ગુરૂવારે શીતલહેર અને યલો એલર્ટ જાહેર કરાયું છે. પંજાબ અને હરિયાણામાં ઠંડીનો પ્રહાર યથાવત છે. આજે બન્ને રાજ્યોમાં કેટલાક સ્થળે ૭.૫ ડિગ્રી સેલ્સીયસ તાપમાન નોંધાયું હતું.

# અમદાવાદમાં ખોટા વીમા દાવાના કેસમાં આરોપીઓને ૧૭.૨ લાખનો દંડ ફટકારાયો

### સીબીઆઈ કોર્ટનો ફેસલોઃ દંડ સાથે પાંચ વર્ષની સખ્ત સજા પણ ફટકારાઈ


અમદાવાદ,તા.૧૭

CBI કેસોના વિશેષ ન્યાયાધીશે અમદાવાદની કોર્ટમાં છેતરપિંડીવાળા વીમા દાવાના મામલે ૨ વ્યક્તિઓ SRJ એસોસિએટ્સ મેસર્સ માર્ક્સ કેમિકલ અને મેસર્સ SRJ એસોસિએટ્સના ભાગીદારના પાર્ટનર હસન અબુ સોની અને અને સર્વેયર/લોસ મૂલ્યાનંકાર સંજય રમેશ ચિત્રેને કુલ રૂ. ૧૭.૨ લાખના દંડની સાથે પાંચ વર્ષની સખત કેદ (આરઆઈ)ની સજા ફટકારવામાં આવી છે.

સીબીઆઈએ ૩૦-૦૧-૨૦૦૩ના રોજ ન્યુ ઈન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડ (NIACL), ડિવિઝનલ ઓફિસ, નવસારીના તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજર, ઉપરોક્ત દોષિત વ્યક્તિઓ અને અન્ય લોકો સામે કેસ નોંધ્યો હતો. એવો આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપી તત્કાલીન સિનિયર ડિવિઝનલ મેનેજરે ગુનાહિત કાવતરું ઘડ્યું હતું અને ખાનગી વ્યકિતઓ/આરોપીઓ સાથે મળીને બનાવટી દસ્તાવેજોના આધારે વીમા દાવા મંજૂર કર્યા હતા, જેના કારણે ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લિમિટેડને બે પોલિસીમાં રૂ. ૪,૪૧,૧૪૫ અને રૂ. ૪,૯૪,૭૧૨નું નુકસાન થયું હતું. તપાસ પૂર્ણ થયા પછી સીબીઆઈએ દોષિત આરોપીઓ સહિત અન્ય લોકો સામે ૨૪.૦૬.૨૦૦૫ના રોજ ચાર્જશીટ દાખલ કરી હતી. ટ્રાયલ દરમિયાન ફરિયાદી પક્ષના ૩૮ સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી અને આરોપી વ્યક્તિઓ વિરૂદ્ધ ગુનાહિત કાવતરું, છેતરપિંડી, છેતરપિંડીના હેતુથી બનાવટી બનાવવા અને વીમા દાવા મેળવવા માટે બનાવટી દસ્તાવેજોનો અસલી તરીકે ઉપયોગ કરવાના કેસમાં આરોપીઓ સામેના આરોપોના સમર્થનમાં ૨૫૫ દસ્તાવેજો/પ્રદર્શનો પર આધાર રાખવામાં આવ્યો હતો. ટ્રાયલ પછી કોર્ટે ઉપરોક્ત આરોપીઓને દોષિત ઠેરવ્યા અને તેમને સજા ફટકારી છે. આરોપી તત્કાલીન જાહેર સેવક સામેના આરોપો રદ કરવામાં આવ્યા હતા કારણ કે તેનું ટ્રાયલ દરમિયાન મૃત્યુ થયું હતું.

### રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૪૩૦-૨૪૮૦ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૪૫-૨૧૯૫ |
| પામોલીયન તેલ | ૨૧૬૦-૨૧૬૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૧૯૦-૨૨૧૦ |
| સનફ્લાવર તેલ | ૨૧૧૦-૨૧૪૦ |
| મકાઇ તેલ | ૧૯૭૦-૧૯૯૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૧૦-૨૨૪૦ |
| કોપરેલ | ૩૩૯૦-૩૪૫૦ |
| દિવેલ | ૨૨૦૦-૨૨૧૦ |



### સોનુ-ચાંદી

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૮૧,૮૫૦(+૪૫૦) |

| ચાંદી |
|---|
| ૯૪૦૦૦(-૫૦૦) |

### આજે બગદાણાના ગુરુ આશ્રમ ખાતે વિવિધ કાર્યક્રમોના આયોજનો

# પૂ.બજરંગદાસ બાપાની પુણ્યતિથિ મહોત્સવમાં દોઢ લાખ ભકતો ઉમટ્યા

### સવારે ધજાપૂજન, નગરયાત્રા યોજાઇ : સવારના ૧૦ થી ભોજન પ્રસાદ શરૂ: બાપા સીતારામનો ગગનભેદી નાદ ગુંજી ઉઠ્યો







(વિપુલ હિરાણી)

ભાવનગર, તા.૧૭

ગોહિલવાડના સુપ્રસિદ્ધ તીર્થસ્થળ બગદાણા ખાતે આજે પોષ વદ બીજ, ને શુક્રવારના રોજ પૂ બજરંગદાસ બાપાની ૪૮મી પુણ્યતિથિ મહોત્સવ ભક્તિમય વાતાવરણમાં અને ધામધૂમ પૂર્વક યોજાશે. જેમાં એક થી દોઢ લાખ ભાવિક ભકતજનો સામેલ થયા છે.

ગુરૂઆશ્રમ ખાતેના સર્વે ટ્રસ્ટી મંડળના માર્ગદર્શન નીચે મોટી સંખ્યામાં સ્વયંસેવક ભાઈઓ બહેનો સેવા આપશે અને વ્યવસ્થા સંભાળશે. આ માટે અહીં વિવિધ વિભાગોની રચના કરવામાં આવી છે. જેમાં સ્વયસેવકો પોતાની ફરજ બજાવી રહ્યા છે.

૪૮મી પુણ્યતિથિ નિમિત્તે આ વર્ષના ઘોષિત થયેલા કાર્યક્રમ મુજબ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, સવારે ૭ કલાકે ધજા પૂજન, સવારે ૮ કલાકે ગુરુ પૂજન તેમજ સવારે ૧૦ કલાકે નગરયાત્રા યોજાઇ હતી. ભોજન પ્રસાદ વિતરણ પણ સવારના ૧૦ કલાકથી અવિરત શરૂ થયેલ છે.

અહીના મસમોટા રસોડા વિભાગમાં શુદ્ધ ઘીના લાડુ, ગાંઠિયા તેમજ અન્ય ભોજન પ્રસાદ સામગ્રી હજારો કિલોગ્રામના હિસાબે તૈયાર કરવામાં આવી છે. અહીં સૌ દર્શનાર્થીઓને પંગતમાં બેસીને પરંપરા મુજબ પ્રસાદ પીરસવામાં આવશે. વ્યવસ્થા ખાતર ગોપાલગ્રામ માં ભાઈઓ માટે તેમજ નવી ભોજનશાળા ખાતે બહેનો માટે પ્રસાદ વિતરણ વ્યવસ્થા રાખી છે. આજે શુક્રવારના ૪૮મી પુણ્યતિથિ મહોત્સવ માં પ્રતિવર્ષની જેમ બગદાણાની ચારે તરફના માર્ગો તરફથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુજનો બગદાણા આવીને સદગુરુ બાપાના ચરણોમાં શીશ ઝૂકાવશે. ભાવનગર એસટી વિભાગ દ્વારા બગદાણા આવાગમન માટે તળાજા, પાલીતાણા, મહુવા તેમજ ભાવનગર થી એક્સટ્રા ૨૦ એસટી બસો દોડાવવામાં આવશે, તેમજ અહીં પોલીસ વિભાગનો ચુસ્ત બંદોબસ્ત રહેશે.

આજના દિવસના વહેલી સવારથી મંગળા આરતીથી કાર્યક્રમોની શરૂઆત થશે. તેમજ ધ્વજા પૂ. ધ્વજા આરોહણ, ગુરુપૂજન થશે. ત્યારબાદ દર વર્ષની જેમ યાત્રાળુ ભાઈઓ બહેનોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર બનતી પૂ.બાપાની નગર યાત્રામાં બાપા સીતારામ....બાપા સીતારામ.....ના નાદ સાથે મોટી સંખ્યામાં લોકો જોડાશે. બજરંગદાસ બાપાના રામ, રોટલો અને રાષ્ટ્રભક્તિના સૂત્રને સાર્થક કરી રહેલા બાપાના હજારો સ્વયંસેવકો નિસ્વાર્થ ભાવે અહીં ખડે પગે સેવા બજાવશે.





# વીરદાદા જશરાજજીના શૌર્ય દિન નિમિત્તે કાલે રઘુવંશી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભવ્ય બાઈક રેલી

### આજે સાંજે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટની મહિલા સમિતિ દ્વારા ભજન સંધ્યાનો કાર્યક્રમ યોજાશે

**બાઈક રેલી જાગનાથ મંદિર ચોકથી નીકળી શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરશે:રઘુવંશી યુવાધનને ઉમટી પડવા ટ્રસ્ટની હાંકલ**

રાજકોટ, તા.૧૭

રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા લોહાણા સમાજના કુલદેવતા વીરદાદા જશરાજજીના શોર્ય દિન નિમિત્તે તા.૨૨ ને બુધવારે સમસ્ત લોહાણા જ્ઞાતિ ભોજન નુ આયોજન કરવામા આવેલ છે. ત્યારે શનિવારે રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાઈક રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે આ બાઈક રેલી જાગનાથ મંદિર ચોકથી બપોરે ૨ કલાકે પ્રસ્થાન કરશે. જે રાજકોટના વિવિધ રાજમાર્ગો પર ફરશે. આ રેલીમાં સમસ્ત લોહાણા જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા અને જ્ઞાતિ ગંગાના દર્શન માટે આમંત્રણ પાઠવવામાં આવે છે. બાઈક રેલી પૂર્ણ થયા બાદ ભોજન પ્રસાદનું પણ આયોજન કરવામા આવેલ છે. આ બાઈક રેલીમાં યુવાધનને ઉમટી પડવા રઘુવંશી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટના આગેવાનોએ હાંકલ કરી છે.

જ્યારે આજે સાંજે મહિલા સમિતિ દ્વારા સાંજે ૬ થી ૮ કલાક ભજન સંધ્યાનું આયોજન કરવામા આવેલ છે. જેમાં ગાયક ભદ્રેશભાઈ માણેક, રશ્મિબેન માણેક, પરેશભાઈ પંડ્યા, પૂજાબેન દવે ભક્તોને ભજન સંધ્યાનું રસપાન કરાવશે. જ્યારે કિશનભાઈ મીરાણી, મનોજભાઈ લાખાણી, જતીનભાઈ જીવરાજાની સંગીતના સૂરો રેલાવશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ભોજનપ્રસાદ રાખેલ છે.

આ આયોજન અંતગર્ત કૌશિક mansata, મયંક પાઉં, અશ્વિન જોબનપુત્રા, ઉમેશ સેદાની , જતીન દક્ષિણી, ધવલ પાબારી, કાના ભાઈ સોનછાત્રા, મહેંદ્ર જીવરાણી કેજસ વિઠ્ઠલાણી, જગદીશ ઘેલાણી પિયુષ કુંડલીયા કેવલ તન્ના નિરવ ગણાત્રા બ્રિજ નથવાણી મેહુલ નથવાણી કલ્પેશ તન્ના ,યશ અજાબિયા આનંદ જોબનપુત્રા, રાજુ તન્ના વિપુલ કારિયા નિરવ રાયચૂરા, વિમલ પારેખ એ સાંજ સમાચાર ની મુલાકાત લીધી હતી.



## રાજકોટ સીટી પોલીસ અને એહસાસ ટ્રસ્ટ દ્વારા આયોજીત ૧૩મી ઓપન ગુજરાત ફૂટબોલ ટુર્નામેન્ટ સંપન્ન

રાજકોટ સીટી પોલીસ અને એહસાસ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે અને રાજકોટ મ્યુનિસીપલ કોર્પોરેશનના સહયોગથી રાજકોટની પ્રતિષ્ઠિત કંપની જયોતિ સી.એન.સી ના અનુદાનથી આયોજીત ૧૩મી ઓપન ગુજરાત ફૂટબોલ ડે એન્ડ નાઈટ ટુર્નામેન્ટમાં કુલ ૨૪ ટીમોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટ દરમિયાન ફાઇનલ રાઉન્ડ સહિતના કુલ ૨૩ મુકાબલાઓ યોજાયા હતા. જેમાં એ.આર.એફસી અમદાવાદની ટીમનો ૧-૦ સ્કોર સાથે ભવ્ય વિજય થયો હતો જયારે આર.બી.આઈ ''ની ટીમ રનર અપ રહી હતી.



## મધુરમ કલબ દ્વારા ૧૯મીએ શ્રીનાથજીની ઝાંખીનો અદભુત કાર્યક્રમ યોજાશે

### પ્લેબેક સિંગર મયુર બુદ્ધદેવ અને તેમની ટીમ ભક્તિરસ વહાવશે

રાજકોટ, તા.૧૭

મધુરમ કલબ ( એ ફેમિલી કલબ) દ્વારા આગામી તા. ૧૯ જાન્યુઆરીએ શ્રીનાથજીની ઝાંખીના અદભુત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રૈયા રોડ ઉપર આવેલા પ્રમુખ સ્વામી ઓડીટોરીયમ ખાતે રાત્રે ૯ વાગ્યે યોજાનારા આ કાર્યક્રમમાં મયુર બુદ્ધદેવ અને તેમની ટીમ ભક્તિ રસ વહાવશે.

આ કાર્યક્રમમાં અતિથિવિશેષ મનોરથી તરીકે સુરેશભાઈ કનેરિયા, મૌલેશભાઈ ઉકાણી, કિરીટભાઈ પટેલ, પ્રભુદાસભાઈ બથીયા, જીતુભાઈ ચંદારાણા, અરવિંદભાઈ રાણપરા, યોગેશભાઈ પુજારા, ગુણવંતભાઈ ડેલાવાળા, કેયુરભાઈ રૂપારેલ, કલ્પેશભાઈ પલાણ, મનોજભાઈ અનડકટ, ચત્રભુજભાઈ વિઠલાણી, દીપકભાઈ રાજાણી, જીતુભાઈ કોટેચા, ધર્મેશભાઈ જીવાણી, નરેન્દ્રભાઈ પાલા, ડાયાભાઇ ડેલાવાળા, ભાવેશભાઈ પટેલ, જયંતભાઈ સેજપાલ, ચમનભાઈ લોઢીયા, નીતિનભાઈ પટેલ, જયંતભાઈ પાલા, રાજુભાઈ પોબારુ, રાજુભાઈ ધારૈયા અને ડો. એમ.વી.વેકરિયા,અમિતભાઇ રૂપારેલિયા, કિરીટભાઈ ઘેલાણી, નરેન્દ્રભાઈ પાલા, ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમનું આયોજન મધુરમ કલબના ચેરમેન ડો. હેમાંગ વસાવડા, વાઈસ ચેરમેન મિલન કોઠારી, પ્રમુખ હર્ષદ રૂપારેલીયા, ઉપપ્રમુખ પરેશુભાઈ વાઘાણી, સેક્રેટરી આશિષ મહેતા અને અમિત ભીન્ડે તથા ખજાનચી સંદીપ કલ્યાણી વગેરે કરી રહ્યા છે.

## બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ

રાજકોટ,તા.૧૭

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ તારીખ: ૧૯/૦૧/૨૦૫ ને રવિવારના સાંજે: ૬ થી ૭ સુધી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડમાં કરવામાં આવશે. દર્દીઓ જે દવા હાલમાં લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ સુગર ટેસ્ટ, તથા બી.પી. ફી માપી આપવામાં આવશે.'

## ફેબ્રુઆરીમાં સંસ્કૃત સપ્તાહનું આયોજન

રાજકોટ,તા.૧૭

સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, રાજકોટ સંચાલિત પ્રિન્સિપાલ ડી. પી. જોશી પબ્લિક લાયબ્રેરીના ઉપક્રમે સંસ્કૃત ભાષાના પ્રચાર અને પ્રસારના ઉદ્દેશથી સમગ્ર રાજકોટ શહેરના બાલમંદિર, પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે તા. ૧ થી તા. ૭ ફેબ્રુઆરી સુધી સંસ્કૃત સપ્તાહનું આયોજન કરેલ છે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત પ્રવેશપત્રો ગ્રંથપાલ, પ્રિન્સિપાલ ડી. પી. જોશી પબ્લિક લાઈબ્રેરી, સી/ઓ સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩-બાલમુકુંદ પ્લોટ્સ, રાજકોટ પાસેથી મળી શકશે. ફોર્મ ભરવાની છેલ્લી તા.૨૫ જાન્યુઆરી છે.

## ગુજરાત નોટરી એસોસીએશનમાં નોટરી જયંત ગાંગાણીની નિમણુંક



નોટરી એસો. ઓફ ગુજરાતની સામાન્ય સભા તા.૧૨/૧/૨૦૨૫ને રવિવારના રોજ ભારત રત્ન મોરારજી દેસાઈ ઓડીટોરીયમ નેશનલ હાઈવે નં.૪૮, કિલ્લા પારડી, જી. વલસાડ મુકામે રાખવામાં આવેલ હતી. આ મીટીંગમાં નોટરી એસો.ના પાંચસો નોટરીઓ હાજર હતા. જેમાં નોટરી એડવોકેટ પી.ડી. પટેલ પ્રમુખ તરીકે બીનહરીફ વરણી થયેલ છે. તથા સૌરાષ્ટ્ર ઝોનમાં રાજકોટના સીનીયર નોટરી જયંતકુમાર વી. ગાંગાણીની ગુજરાત નોટરી એસો.માં કમીટી મેમ્બર તરીકે નિમણુંક થયેલ છે. તેઓ છેલ્લા પંદર વર્ષથી ગુજરાત નોટરી એસો.માં એકઝીકયુટીવ કમીટી મેમ્બર તરીકે સેવા આપી રહેલ છે. તેઓના પુત્ર તેજસ ગાંગાણી રેવન્યુ એડવોકેટ છે. સીનીયર જુનીયર વકીલો નોટીરી જયંતકુમાર ગાંગાણીને શુભેચ્છા પાઠવી રહ્યા છે.

## ૮માં પગારપંચની રચનાને આવકારતું ભારતીય મજદૂર સંઘ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૮માં પગારપંચની રચના માટે સ્વીકૃતિની જાહેરાત અશ્વિની વૈષ્ણવએ મીડિયા સમક્ષ કરી છે. આ ભારત સરકાર અને તેના નેતાઓની શ્રમિકો પ્રત્યેની પ્રતિબધ્ધતાને દર્શાવે છે. મીડિયા સાથે વાત કરતા મંત્રીએ સરકારની સમયાનુસાર પગાર પંચની રચના અને પગારપંચની ભલામણોના સમયસર અમલીકરણ પર પણ ભાર મૂક્યો છે. ભારતીય મજદૂર સંઘ ઘણા સમયથી ૮માં પગારપંચની રચનાની માંગ કરી રહ્યું છે. યોગ્ય માંગણીઓનો સ્વીકાર અને ત્વરિત રૂપથી ૮માં પગારપંચની રચનાની પ્રધાનમંત્રીની સ્વીકાર્યતા માટે ભારતીય મજદૂર સંઘ પ્રધાનમંત્રી, નાણામંત્રી અને મુખ્ય આર્થિક સલાહકારને અભિનંદન પાઠવે છે.

## આત્મીય યુનિવર્સિટી ખાતે પંચમ દીક્ષાંત સમારોહ યોજાશે

### ૧,૯૫૯ વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે : ૩૯ ઉત્કૃષ્ટ વ્યકિતઓને સુવર્ણ ચંદ્રકો આપી પ્રોત્સાહિત કરાશે

રાજકોટ, તા.૧૭

આવતીકાલે શનિવારના રોજ આત્મીય યુનિવર્સિટી ખાતે પંચમ દીક્ષાંત સમારોહ યોજાશે. જેમાં કુલ ૧,૯૫૯ વિદ્યાર્થીઓને પદવી એનાયત થશે. જેમાં ૧,૨૦૪ અંડરગ્રેજયુએટ, ૫૬૬ અનુસ્નાતક, ૧૬૯ ડિપ્લોમા વિદ્યાર્થીઓ ઉપરાંત ૨૦ પીએચડી વિદ્યાર્થીઓને પથ્વી એનાયત કરવામાં આવશે. પથ્વીધારક વિદ્યાર્થીઓની આ સંખ્યા ગત વર્ષ કરતા આ વર્ષે ઘણી વધુ છે. આ કાર્યક્રમમાં ૩૯ ઉત્કૃષ્ટ વ્યક્તિઓને સુવર્ણ ચંદ્રકો સાથે પણ પ્રોત્સાહિત કરવામાં આવશે. જેમાં સુવર્ણા યોગેશ શાસ્ત્રીને માનદ ડોક્ટરેટે ની ડિગ્રી ચેતના વિકાસ મૂલ્ય શિક્ષા (જીવન વિધા) અંતર્ગત દીક્ષિત થશે.

આ પદવીદાન સમારોહ પરમ પૂજ્ય બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજ અને પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીના આશીર્વાદ સાથે આત્મીય યુનિવર્સિટીનાં પ્રેસિડેન્ટ પરમ પૂજય ત્યાગવલ્લભ સ્વામીજીની નિશ્રામાં યોજાશે. તેમજ તેઓ વિદ્યાર્થીઓને વિશેષ આશીર્વચન તેમજ શુભેચ્છાઓ પણ પાઠવશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનો તરીકે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાના ચેરમેન ડો. ઉપેન્દ્ર કુમાર સીંધની વિશેષ ઉપસ્થિતિ રહેશે. તેમજ આ પદવીદાન સમારોહમાં આત્મીય યુનિવર્સિટીના કૂલસચિવ ડો. દિવ્યાંગ વ્યાસ, ડો. આશિષ કોઠારી, સંશોધન નિદેશક, પરીક્ષા નિયંત્રક ડો. હિતેન્દ્ર દોંગાના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન થઈ રહ્યું છે.



## રાજકોટની અનેક સંસ્થાઓના દાતા શશીકાંતભાઈ બદાણી જૈન બોર્ડિંગની મુલાકાતે

૯૮ વર્ષ ની ઉંમર છતા યોગ્ય સંસ્થા મા દાન આપવા ની વાત આવે તો નવયુવાન ની જેમ જ આગળ આવે એવા પરમ શ્રધ્ધેય ધીરગુરુદેવ મહારાજ સાહેબ ના કૃપાપાત્ર શશીકાંતભાઈ બદાણી એ પુજ્ય ધીરગુરુદેવ ના અનુગ્રહ થી નુતનીકરણ આકાર લેતી ૧૧૫ વર્ષ જૂની જૈન બોર્ડિંગ ની મુલાકાત એ આવયા હતા. ૧૯૩૨ થી ૧૯૪૧ આ જ બોર્ડિંગ મા તેવો એ વિદ્યાર્થી હતા અને આજે ૯૦ વર્ષ બાદ શશીકાંતભાઈ આજ સંસ્થા ના અતિ આઘુનીક નુતન સંકુલ ના મુખ્ય દાતા છે. આજે પણ તેઓ સંસ્થા ની મુલાકાત દરમિયાન શૈશવ ના સંસ્મરણ વાગોળી અભીભુત થયા હતા.

## સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિતે આયોજિત શ્રેણીબદ્ધ કાર્યક્રમો સફળતાપૂર્વક સંપન્ન

વિવેકાનંદ યુથ કલબ દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ અને વિવેકાનંદ યુથ કલબના સ્થાપના દિવસ નિમિત્તે શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું તા. ૯ થી ૧૩ જાન્યુઆરી સુધી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ''દીકરાનું ઘર'' વૃદ્ધાશ્રમમા રહેતા તમામ વડીલો માટે સંગીત ખુરશી, લીંબુ-ચમચી જેવી સ્પર્ધાઓ યોજાઈ, સરકારી પ્રાથમિક શાળા નં.૨૦ અને રાજા રામમોહનરાય પ્રાથમિક શાળા નં. ૯૪માં વિવિધ સ્પર્ધાઓ યોજાઇ, સરકારી પ્રાથમિક શાળા નં. ૧૯, ૨૮ અને ૫૭ ના ૫૦૦ વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને પતંગ તેમજ તલ-મમરાના લાડવાનું વિતરણ તેમજ ૧૦૦ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ધાબળા વિતરણ કરવામાં આવેલ.



## ડો. રાધિકા ગુપ્તા દ્વારા આંખ ચકાસણીનો કેમ્પ

સિવિલ હોસ્પિટલના આંખના સર્જન ડો. રાધિકા ગુપ્તા દ્વારા હોસ્પિટલ ચોક ખાતે આંખની ચકાસણી અંગેનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ખાસ કરીને રિક્ષા ચાલક માટે વિશેષ કેમ્પ હોય જેથી આ કેમ્પમાં ૮૫ થી ૯૦ રિક્ષા ચાલકે કેમ્પનો લાભ લીધો હતો. ડો. ગુપ્તા દ્વારા આંખની જાળવણી અંગે માહિતગાર કર્યા હતા.

## પંચકુડીય ગાયત્રી યજ્ઞ અને સરસ્વતી પૂજનનો કાર્યક્રમ

આગામી સમયમાં સ્કુલ, કોલેજની આવનાર પરિક્ષામાં દરેક બાળકો નિડર થઈને પરિક્ષા આપે, સારૂ રીઝલ્ટ આવે અને બાળકોની ખુબ જ સારી પ્રગતિ થાય એ ઉદ્દેશ્યથી દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ ગાયત્રી પરિવાર, ગોપાલનગર શાખા દ્વારા પંચકુંડીય ગાયત્રી યજ્ઞ તેમજ સરસ્વતી પૂજનનો કાર્યક્રમ તા.૧૯-૦૧ રવિવાર સવારે ૮ થી ૧૨ સુધી બુટ ભવાની કૃપા, ગોપાલનગર શેરી નં. ૧, ઢેબર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

## હેપી બર્થ ડે દર્શ



દર્શ જયદીપ સુતરીયાનો આજે જન્મદિવસ છે. તેમના જન્મદિવસ નિમિત્તે તેમના મમ્મી ફનીબેન, પપ્પા જયદીપભાઇ, નાના જયંતીભાઈ હિરપરા, નાની ગીતાબેન, મામા અમનભાઈ સહિત સુતરીયા પરિવારના સભ્યો દર્શને આશીર્વાદ આપી રહ્યા છે.



## નવલનગરમા આયોજીત રામકથા કલાકાર તુલસીદાસ ગોંડલીયાએ સંતવાણીની રમઝટ બોલાવી

મવડી મેઈન રોડ, નવલનગર શેરી નં.૩ ખાતે રામચરિત માનસજ્ઞાન યજ્ઞનું સ્વ.મકનદાસબાપુ ગોંડલીયા (બાવાજી દલાલ) પરિવાર આયોજીત રામકથા સુપ્રસિદ્ધ પ્રવકતા લાલદાસબાપુ દેસાણીના વ્યાસસ્થાને યોજેલ હતી. કથામાં શિવ વિવાહ, રામ જન્મ, રામ-સીતા વિવાહ, કેવટ, ભરત, શબરી, હનુમાનજી મહારાજ તેમજ વિવિધ પ્રસંગો ધામ-ધૂમે, વાજતે-ગાજતે ઉજવાયેલ હતો. આ ધર્મોત્સવમાં રાજકોટના સુપ્રસિદ્ધ લોકમેળા ફેઈમ કલાકાર, પત્રકાર લોક સાહિત્ય, હાસ્ય, મીમીક્રી આર્ટીસ્ટ તુલસીદાસ ગોંડલીયા એ આધ્યાત્મીક, ધાર્મિક, માર્મિક હાસ્ય રસ પીરસેલ તેમજ સ્ટેજ સંચાલન તથા રાત્રીના સંતવાણીમાં પોતાની વિવિધ શૈલીમાં કલાનો સદઉપયોગ કરીને દિવસ-૯ સેવા આપેલ હતી.




## પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા ઝૂંપડપટ્ટીના બાળકોને પતંગ, ચીકી તથા અડદિયાનું વિતરણ

પુજીત રૂપાણી મેમોરિયલ ટ્રસ્ટના ઉપક્રમે ઉતરાયણના તહેવાર નિમિત્તે શહેરની ઝૂંપડપટ્ટીઓ તથા પછાત વિસ્તારોમાં વસતા બાળકોને ચીકી, પતંગો તથા આદડિયાનું વિતરણ કરાયું હતું.આ તકે ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલીબેન રૂપાણીએ તમામ લાભાર્થી બાળકો તથા ટ્રસ્ટના કાર્યકર્તાઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોને મકરસંક્રાંતિ નિમિતે શુભેચ્છાઓ પાઠવી હતી. બાળકોના હાથમાં પતંગો, ચીકી તથા અડદિયા આવવાથી તેઓ હર્ષની ચિચિયારિઓ કરી ઉઠ્યા હતા તથા ઉતરાયણની મોજ માણી હતી.

## પ્રશાંતભાઈ સિંધવનો જન્મદિવસ

રાજકોટ શહેર ભાજપ કિશાન મોરચાના મંત્રી રાજેશભાઈ સિંધવના પુત્ર



પ્રશાંતભાઈ સિંધવનો આજે જન્મ દિવસ છે. તેઓ ૩૪ વર્ષ પૂરા કરી ૩૫માં વર્ષમાં મંગલ પ્રવેશ કરશે. આજે તેમના જન્મદિને મો.નં. ૯૯૦૪૦ ૮૬૭૦૭ પર શુભકામના મળી રહી છે.



## એ.એમ.પી. સરકારી લો કોલેજ ખાતે મૂટકોર્ટ સ્પર્ધાનું આયોજન

રાજકોટ, તા. ૧૭

એ. એમ. પી. સરકારી લો કોલેજ, રાજકોટ દ્વારા મૂટકોર્ટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ સપ્તધરા પ્રકલ્પ હેઠળ આયોજન કરવામાં આવેલ. કાયદાનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે મૂટકોર્ટનું ખુબ જ મહત્વ છે. ૮ ટીમ દ્વારા ભાગ લેવામાં આવેલ. પ્રાસંગિક સંબોધન આચાર્ય ડો. કૃપાબેન પંડયા દ્વારા આપવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે એડીશનલ ડીસ્ટ્રીક જજ પી. જે. તમાકુવાલા, મુખ્ય સિનિયર સિવિલ જજ સી.વી. રાણા ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત વરિષ્ઠ પ્રાધ્યાપક ડો.અરુંધતીબેન દાસાણી દ્વારા કરવામાં આવ્યું. સ્પર્ધાનાં પ્રથમ રાઉન્ડમાં નિર્ણાયક તરીકે વરિષ્ઠ ધારાશાસ્ત્રી રાજેશભાઈ ધ્રુવ હાજર રહેલ. ફાઇનલ રાઉન્ડમાં નિર્ણાયક તરીકે નિવૃત પ્રિન્સિપલ ડીસ્ટ્રીક જજ એમ. જે. મહેતા હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતમાં બેસ્ટ ટીમ, બેસ્ટ રિસર્ચર અને બેસ્ટ સ્પીકરની શ્રેણી મુજબ પરિણામ જાહેર કર્યા હતા. આભાર વિધિ પ્રા. જૈમિન જોશી દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન ડો.નિરજ મણીયાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિ.ની પરીક્ષા પદ્ધતિ સુદ્રઢ-પારદર્શક બનાવો: કુલપતિની અધિકારીઓને ટકોર

## મહત્તમ પ્રક્રિયા ડીજીટલાઈઝેડ કરવા અને ટેકનોલોજી સાથે સંલગ્ન થવા તાકીદ: કુલપતિનો ચાર્જ સંભાળ્યા બાદ અધિકારીઓ સાથે પ્રથમ સંકલન બેઠક યોજતા કુલપતિ



રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ તરીકે પ્રોફે.ઉત્પલભાઈ જોશીએ ચાર્જ સંભાળ્યા બાદ આજે યુનિ.ના વિભાગીય અધિકારીઓની સંકલન બેઠક યોજી રાજય સરકારના નવા એકટ અને સ્ટેચ્યુટસનો અમલ કરી સુવ્યવસ્થિત રીતે કામગીરી કરવા માર્ગદર્શન પુરૂ પાડેલ હતું.કુલપતિ ઉત્પલ જોશીએ સૌરાષ્ટ્ર યુનિ.ની પરીક્ષા પધ્ધતિ સુદ્રઢ અને પારદર્શક બનાવવા અનુરોધ કર્યો હતો તેની સાથો સાથ નવા આયામો સિધ્ધકરી સૌરાષ્ટ્ર યુનિ.પુનઃ સિધ્ધિ મેળવે તે માટે સંયુકત પ્રયાસો કરવા તેમજ કાર્યની અગત્યતા, ચોકસાઈ, નિયમોનું પાલન અને વિદ્યાર્થીઓની અગ્રીમતા સાથે યુનિ.ના તમામ વિભાગોને કાર્ય કરવા તાકીદ કરી હતી.તેની સાથોસાથ યુનિ.માં મહત્તમ પ્રક્રિયા ડીજીટલાઈઝડ કરવા અને ઈ-સમર્થનો અમલ કરવા તાકીદ કરી કુલપતિ ઉત્પલ જોશીએ યુનિ.ની વેબસાઈટને યુઝર ફ્રેન્ડલી બનાવી પુરતી માહિતી દર્શાવવા સરકારના CO-GENT પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવવા તેમજ ટેકનોલોજી સાથે સંલગ્ન થવા ઉપરાંત નવા આયાતો સિધ્ધ કરવા માટે અધિકારીઓને જણાવેલ હતું.આ બેઠકમાં કુલસચિવ ડો.રમેશભાઈ પરમાર, પરીક્ષા નિયામક ઓડીટર, મુખ્ય હિસાબી અધિકારી નાયબ કુલસચિવ તેમજ યુનિ.ના વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.


# યુનિ. દ્વારા પીએચડી રજિસ્ટ્રેશન કાલથી પાંચ દિવસ ખોલાશે

## યુ.જી.સી.નેટ-PET પાસ કરનારા જૂના વિદ્યાર્થીઓ માટે પ્રવેશની છેલ્લીતક

રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિ.દ્વારા પીએચડી-૨૦૨૪-૨૫ માટે ભૂતકાળ માં લેવાયેલ UGC- NET/GSET તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની PET પાસ તથા તાજેતરમાં ડિસેમ્બર-૨૦૨૪ માં GEST પાસ કરેલ હોય તેવા તમામ વિદ્યાર્થીઓને માટે આવતીકાલ તા.૧૮/૧ થી ૨૨/૧ સુધી યુનિવર્સિટી નું PH.D. રજિસ્ટ્રેશન પોર્ટલ છેલ્લી તક ના રૂપમાં ખોલવામાં આવશે. પ્રથમ રાઉન્ડ ના અંતે જે તે વિષયમાં જગ્યાઓ ખાલી છે તેના માટે જ રજિસ્ટ્રેશન કરી શકાશે. આ માટે આવતીકાલ સવારે ૧૦.૩૦ થી યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રવેશ માટે રજિસ્ટ્રેશન શરૂ થશે.

હવે પછીથી પીએચ.ડી. માં UGC ના નવા નિયમ પ્રમાણે NET પાસ કરેલ હોય તેને જ એડમિશન આપવામાં આવશે. PET માન્ય રહેશે નહીં.તેમ યુનિ દ્વારા જણાવાયું છે.





# ઢેઢુકી ગામે હુમલો કરનાર આરોપીઓને તત્કાલ પકડવા વકીલોની માંગ : એસપીને રજુઆત

## એડવોકેટ સંજયભાઈ સાંકળિયાના પિતા ઉપર જીવલેણ હુમલો થયેલો, બનાવના સપ્તાહ બાદ પણ આરોપી પોલીસ પકડથી દૂર

રાજકોટ, તા.૧૭

વિંછીયાના ઢેઢુકી ગામે હુમલો કરનાર આરોપીઓને તત્કાલ પકડવા વકીલોએ માંગ કરી છે. આ અંગે એસપીને રજુઆત કરાઈ છે. એડવોકેટ સંજયભાઈ સાંકળિયાના પિતા ઉપર જીવલેણ હુમલો થયેલો હતો. જેમાં બનાવના સપ્તાહ બાદ પણ આરોપી પોલીસ પકડથી દૂર છે. જેને લઈ વકીલોમાં રોષ જોવા મળ્યો છે.

આ અંગે ગઈકાલે સાંજે રાજકોટના વકીલો એસપીને રજુઆત કરવા ગયા હતા. જેમાં એડવોકેટ સંજય ચકુભાઈ સાંકળિયાએ જણાવ્યું કે, હું ઢેઢુકી ગામે પરિવાર સાથે રહું છું. રાજકોટમાં વકીલાત કરું છું. છ દિવસ પહેલા મારા પિતાએ વિંછીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં બીએનએસની કલમ ૩૩૧ (૬), ૭૬, ૧૧૫ (૨), ૧૧૮ (૧), ૧૧૭ (૨), ૩૫ તથા જીપી એક્ટની કલમ ૩૭ (૧) અને ૧૩૫ મુજબનો ગુનો તા.૯-૦૧-૨૦૨૫ ના રોજ દાખલ કરવામાં આવેલ. જેમાં આરોપી તરીકે વિશાલ સામત મેણીયા તથા તેની સાથે અજાણ્યા છ માણસોના નામ લખવામાં આવેલા છે. મારાં પિતા ઉપર જીવલેણ હુમલો થતા તેને પ્રથમ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે લાવવામાં આવેલા હતા ત્યાં અમારા પિતાનું પ્રાથમીક સારવાર તથા અન્ય કાર્યવાહી કરવામાં આવી ત્યારબાદ અમારા પિતાને વધારે સારવારની જરૂરીયાત ઉભી થતા રાજકોટની ક્રાઈસ્ટ હોસ્પિટલમાં રીફર કર્યાં હતા. અહીં હાલ તેઓ આઇસીયુમાં સારવાર હેઠળ છે. તેની હાલત અત્યંત ગંભીર છે. હું દરરોજ અમારા ગામથી રાજકોટ મુકામે વકીલાતનો વ્યવસાય કરવા મારાં ખાનગી વાહનમાં અપડાઉન કરું છું. જેથી આરોપીઓ દ્વારા મારાં પરિવાર અને મારાં ઉપર ફરી હુમલો થાય તેવી દહેશત છે. અમને અવાર-નવાર ધાક-ધમકીઓ આપવામાં આવી રહી છે. મારાં તથા મારા પરિવારના સભ્યોના જીવ જોખમમાં છે અને આરોપીઓ હજુ ફરાર છે. પોલીસ પકડથી દૂર છે. આરોપીઓ અમારા પર ફરીથી હુમલો કરશે તે વાતનો ભય સતાવે છે. જેથી તત્કાલ ધરપકડ કરવા માંગ છે.

# રઘુવીર યુવા સેના દ્વારા રાજકોટથી વીરપુરની પાવનકારી ૨૫મી પદયાત્રા યોજાશે: તૈયારી શરૂ



તસ્વીર: પંકજ શિશાંગીયા

રાજકોટ, તા.૧૭

સંત શિરોમણી ભકત શ્રી જલારામ બાપાની આગામી ૧૪૪ મી પૂણ્યતિથિ નિમિતે રઘુવીર યુવા સેના - રાજકોટ દ્વારા તા. ૧૫/૦૨/૨૦૨૫ ને શનિવારના રાજકોટ થી વીરપુરની પદયાત્રાની તૈયારીનો શુભારંભ થઈ ગયો છે.તા. ૨૬ જાન્યુઆરી-૨૦૦૧ માં ગુજરાતમાં થયેલા ગોજારા ભુકંપમાં અકાળે મૃત્યુ પામેલ વ્યકિતઓના આત્માની શાંતિ માટે શ્રધ્ધાંજલી રૂપે સૌ પ્રથમ પદયાત્રા રઘુવીર યુવા સેના રાજકોટ શહેર દ્વારા યોજવામાં આવેલ ત્યારથી અવિરત યોજાતી પદયાત્રામાં અસંખ્ય ભકતજન ભાઈઓ-બહેનો જોડાઈને પૂણ્યનું ભાથુ બાંધે છે.

આ પાવનકારી પદયાત્રામાં જોડાવા તા. ૨૧/૦૧/૨૫ ને મંગળવાર થી રજાના દિવસો સિવાય સાંજના ૪ થી ૭ દરમ્યાન પોતાના નામ ઘનશ્યામ સીલેકશન, ૫-કડીયાલેન, ધર્મેન્દ્ર રોડ ખાતે, દેવપુષ્પ મેડીકલ, મઢી ચોક, રૈયા રોડ અને ગાયત્રી ટ્રેડીંગ, પંચાયત ચોક, યુનિવર્સીટી રોડ ખાતે રાધીકા નોવેલ્ટી, વિશ્વેશ્વર મંદિર સામે, નવલનગર-૯, મવડી રોડ ખાતે અને પદયાત્રા ઈન્ચાર્જ હિમાંશુભાઈ વસંત મો. નં. ૯૮૯૮૮ ૪૬૪૫૬ નો સંપર્ક કરવો. આ આયોજન અંતર્ગત આયોજક ચિરાગ કુંડળીયા, ભૌતિક જીવરાજાની ,રાજુ તન્ના, નિલેશ પૂજારા, કેતન ઠકરાર, હિમાંશુ વસંત એ સાંજ સમાચારની મુલાકાત લીધી હતી.

# વોર્ડ નં.૧૩ની ટીપીમાં કોમ્યુનિટી હોલ માટે હેતુફેર મંજૂર કરાવવા રજૂઆત

## અનુ.જાતિ મોરચાના અગ્રણીનો કેબીનેટ મંત્રી ભાનુબેનને પત્ર

રાજકોટ, તા. ૧૭

મહાપાલિકાની ટીપી સ્કીમ નં.૪ મવડીમાં દ્વિતીય ફેરફાર માટેની કાર્યવાહી આગળ વધારવા સરકારમાં ભલામણ કરવા ભાજપ અનુ.જાતિ મોરચાના અગ્રણી વજુભાઇ લુણસીયાએ કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાને પત્રથી રજુઆત કરી છે. આ પત્રમાં તેમણે જણાવ્યું છે કે વોર્ડ નં.૧૩માં આવેલ આરોગ્ય કેન્દ્રની બચત જમીનમાંથી કોમ્યુનિટી હોલ બનાવી આપવામાં આવે તો નાના અને મધ્યમ વર્ગના તમામ સમાજને કામ આવે તેમ છે. ૨૦૧૬-૧૭ના બજેટમાં પણ આ માટે એક કરોડની જોગવાઇ રાખવામાં આવી હતી. આ બાબતે ગાંધીનગર ખાતે પણ કમિશ્નર દ્વારા અગાઉ રજુઆતો કરવામાં આવી હતી. છતાં આ જમીનમાં હેતુફેર મંજૂર કરાતો નથી જે અંગે લગત વિભાગમાં સુચના આપવા અનુરોધ કર્યો છે.

# હવે ગુજરાતમાં પણ પ્રથમ વખત બીચ ફેસ્ટિવલ યોજાશે: નવું પ્રવાસન આકર્ષણ



## સંઘ પ્રદેશ દિવને અડીને આવેલા અહેમદપુર માંડવી બીચ ખાતે તા.૨૪,૨૫ અને ૨૬ જાન્યુઆરીના રોજ ત્રિદિવસીય આયોજન : કલેકટર જાડેજાએ તમામ વિભાગો સાથે બીચ પર નિરીક્ષણ કર્યું

કોડીનાર તા.૧૭

સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ દીવ ને હવે ગીર નાં બીચો ટક્કર આપશે પ્રવાસન ઉદ્યોગને ગતિ મળે તેમ જ ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં પ્રવાસન ગતિ વિધિઓને અન્ય પ્રવાસીઓ ઓળખે તે માટે સંઘ પ્રદેશ દીવને અડીને આવેલા ગિરના અહેમદપુર માંડવી બીચ ઉપર પ્રથમ વખત ત્રણ દિવસના બીચ ફેસ્ટિવલ નું આયોજન થનાર છે. જેને લઇ સ્થાનિક કલેકટર ડી.ડી જાડેજા દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું.

સુંદર રમણીય અને નયન રમ્ય દેખાતા અને આંખો ને ટાઢક પડતાં તસવીર માં દેખાતા દ્રશ્યો ગોવા કે દીવ ના નહિ પરંતુ ગુજરાત ના ગીર નાં અહેમદપુર માંડવી બીચ ના છે.આ બીચ સંઘ પ્રદેશ દીવ ના ઘોઘલા ને અડી ને આવ્યો છે દીવ ની હદ પુરી થાય અને અહી થી ગુજરાત ના ગીર ની હદ શરૂ થાય છે.હવે આ બીચ પણ દેશ અને દુનિયાના પ્રવાસીઓ નું આકર્ષણ નું કેન્દ્ર બનવા જય રહ્યા છે કારણ કે અહી ગીર સોમનાથ કલેકટરે વીજીટ કર્યા બાદ સરકાર ને રજૂઆત કરવામાં.આવી હતી અને હવે આં બીચો ને ડેવલપ કરવાનું બીડું ગીર કલેકટર ડી.ડી જાડેજા એ ઉઠાવ્યું છે. જેને લઈ રાજ્ય નાં પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અહી ત્રણ દિવસ સુધી બીચ ફેસ્ટિવલ નું આયોજન કરવામાં.આવી રહ્યું છે આગામી ૨૪, ૨૫ અને ૨૬ જાન્યુઆરી ના આં બીચ ફેસ્ટિવલ રંગારંગ ભવ્ય રીતે ઉજવાશે જેને લઇ જિલ્લા કલેકટર તંત્રના તમામ વિભાગો સાથે રાખી સ્થળ નિરીક્ષણ કર્યું.સંઘપ્રદેશ દિવ થી એકદમ નજીક આવેલ ઉના તાલુકાના અહેમદપુર માંડવી બીચ પર વિવિધ આયોજન રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગિર સોમનાથ દ્વારા કરવામાં આવશે સંઘ પ્રદેશ દીવ ની નજીક આવેલો અહેમદપુર માંડવી બીચ આજે પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવતા બીચ તરીકે પણ ઓળખાય છે પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઈ પર્યટનને લઈને વિશાળ તકો ઉપલબ્ધ છે જેને ધ્યાને રાખીને રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા જાન્યુઆરી મહિનાની ૨૪,૨૫ અને ૨૬ તારીખે વિવિધ રમતોત્સવ ફૂડ ઝોન અને અન્ય ગતિવિધિ નું આયોજન કરાયું છે. ત્યારે ગીર સોમનાથ કલેક્ટર ડી ડી જાડેજાએ મીડિયા ને જણાવ્યું હતું કે અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઊભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઇન્ટ પણ છે વધુમાં અહેમદપુર માંડવી બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે જેને કારણે અહીં દરિયાઈ આધારિત વોટર સપોર્ટની પણ ખૂબ મોટી શકયતા છે વધુમાં આ વિસ્તારના ખારવા સમાજ અને તેમની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લો ની પરેડનું આયોજન પણ આગામી ત્રણ દિવસ થનાર છે વધુમાં રાત્રીના સમયે બીચ પર લાઈવ કોન્સર્ટ, લેઝર શોનું આયોજન પણ કરવામાં આવશે જેના થકી પ્રવાસીઓને અહીં આકર્ષિત કરી શકાય વધુમાં કોઈ પણ પ્રવાસન સ્થળને જીવંત રાખવા માટે ફુડઝોન ખૂબ જ મહત્વનું બને છે જેથી આ ત્રણ દિવસ દરમિયાન વિવિધ ફૂડ ઝોનને પણ પ્રવાસીઓની અનુકૂળતા મુજબ શરૂ કરવામાં આવશે રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચ ને પ્રવાસનના નવા સ્થળ તરીકે વિકસાવાનુ આયોજન પણ થયું છે જેને ધ્યાને રાખીને ખાસ ત્રણ દિવસનું વિશેષ આયોજન પણ કરવામાં આવશે.

# ગુજરાત વિજ્ઞાન સંમેલન -૨૦૨૫ નું રાજયભરમાં આયોજન: ૪૦ હજાર વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ભાગ લેશે



રાજકોટ, તા.૧૭

વિજ્ઞાન ગુર્જરી એ વિજ્ઞાન ભારતી (વિભા)નો ગુજરાત એકમ છે. વિજ્ઞાન ગુર્જરી ભારતીય વૈજ્ઞાનિકો, ભારતીય ગુરૂ-શિષ્ય પરંપરા તેમજ ભારતના ભવ્ય વૈજ્ઞાનિક વારસા વિશે લોકોમાં જાગૃતિ લાવવા માટે સતત પ્રયત્નશીલ છે. ''ગુજરાત વિજ્ઞાન સંમેલન (GVS) વિજ્ઞાન ગુર્જરી દ્વારા દર વર્ષે ગુજરાત વિજ્ઞાન સંમેલનનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે તા. ૧૫ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન ત્રસ્ટજ-૨૦૨૫ યોજાનાર છે. જે અંતર્ગત ગુજરાતભરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં કોન્ફરન્સ, વર્કશોપ તેમજ સેમિનારનું આયોજન થશે. જેમાં તા.૨૫ ના રોજ જ્ઞાનમંજરી ઇનોવેટિવ યુનિવર્સિટી, ભાવનગર ખાતે ક્લાઈમેટ ચેન્જ એન્ડ લાઈફ સ્ટાઈલ ફોર એન્વાયરમેન્ટ એન્ડ વોટર'' કોન્ફરન્સ, તા. ૨૨ ના રોજ નવયુગ સાયન્સ કોલેજ સુરત ખાતે ''ટીચર્સ સ્કીલ ડેવલપમેન્ટ એન્ડ ઇન્ડિયન નોલેજ સિસ્ટમ'' વિષય પર વર્કશોપ, સ્વતહ બાયો ઈનોવેશન દ્વારા બાયો સેન્સર ટેકનોલોજી પર તા. ૧૫ થી ૨૪ જાન્યુઆરી દરમિયાન બે સપ્તાહના ઓનલાઈન આંતરરાષ્ટ્રીય વર્કશોપ તેમજ એમ.એસ. યુનિવર્સિટી બરોડા ખાતે તા.૨૭ થી ૨૯ જાન્યુઆરી દરમિયાન ''પ્રોજેક્ટ ટુ પ્રોડક્ટ ૨૦૨૫'' નું આયોજન થશે. GVS-2025નો મુખ્ય કાર્યક્રમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ તેમજ વિજ્ઞાન ગુર્જરીના સંયુક્ત ઉપક્રમે તા. ૨૭ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિક શાસ્ત્ર ભવન ખાતે યોજાનાર છે, જે અંતર્ગત વેદવિજ્ઞાનમ્ (વેદ ઓર વિજ્ઞાન) શીર્ષક સાથે એક રાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સનું આયોજન થશે.

આ કોન્ફરન્સમાં કોસ્મોલોજી, આયુર્વેદ્ ગણિતશાસ્ત્ર, આર્ટિફિશિયલ ઈ-રેરિજન્સ વગેરે વિષયો આવરી લેવાશે. આ કોન્ફરન્સમાં વ્યાખ્યાનો, ચર્ચા સત્રો તેમજ પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં આર્ષ વિદ્યામંદિર રાજકોટના કાર્યકારી અધ્યક્ષ પ.પૂ.સ્વામીની ધ્યાનાનંદજી વેદ, ઉપનિષદ, ભગવત ગીતા અને પુરાણોમાં વિજ્ઞાન, ઈન્ડિયન પ્લેનેટરી સોસાયટી મુંબઈના અધ્યક્ષ ડો. જે. જે. રાવલ વેદોમાં ખગોળશાસ્ત્ર, તોલાણી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ આદિપુર (કચ્છ)ના એસોસીએટ પ્રો. મહેશભાઈ ઓઝા 'ભારતીય શાસ્ત્ર: વૈજ્ઞાનિક વર્લ્ડ માટે પ્રેરણા સ્ત્રોત' અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંસ્કૃત ભવનના પૂર્વ અધ્યક્ષ અને પ્રાધ્યાપક ડો. આર. એ. ચોટલીયા 'પૌરાણિક સાહિત્યમાં વિજ્ઞાન' વિષય પર વ્યાખ્યાન આપશે.

આ કોન્ફરન્સ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો) ઉત્પલ જોશી તેમજ વિજ્ઞાન ગુર્જરીના અધ્યક્ષ અને જી. બી. આર. સી.નાં ડિરેક્ટર પ્રો. (ડો) ચૈતન્ય જોશીના અધ્યક્ષ સ્થાને યોજાનાર છે. કાર્યક્રમને સફળ બનાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના જુદા જુદા ભવનોના સંશોધકો અને વિજ્ઞાન ગુર્જરી ના કાર્યકર્તાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

◆સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને વિજ્ઞાન ગુર્જરીના સંયુક્ત ઉપક્રમે વેદ અને વિજ્ઞાન પરિસવાંદ તા. ૨૭ એ કુલપતિની અધ્યક્ષતામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે યોજાશે

◆ઇન્ડિયન નોલેજ સિસ્ટમમાં વિજ્ઞાનના પ્રદાન સંદર્ભ તજજ્ઞોના વ્યાખ્યાનો અને પેપર પ્રેઝન્ટેશનની સ્પર્ધાનું આયોજન

◆અધ્યાપકો અને સંશોધકો ને ભાગ લેવા આમંત્રિત કરતા યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ઉત્પલભાઈ જોશી

◆સ્વામીની ધ્યાનાનંદજી, ખગોળશાસ્ત્રના વૈજ્ઞાનિક પ્રો.જે. જે. રાવલ, પ્રો.મહેશભાઈ ઓઝા અને પ્રોફેસર આર.એ. ચોટલીયા વેદ અને વિજ્ઞાનના વિવિધ વિષયો ઉપર જ્ઞાનપીરસ્સે

◆સવારે ૯ થી સાંજે ૬ સુધી આખા દિવસની કોન્ફરન્સનું નિઃશુલ્ક આયોજન

## આઈશ્રી ખોડિયાર મંદિર સેવકગણ પરિવાર દ્વારા

# રવિવારે સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન: ૧૦ યુગલોના પ્રભુતામાં પગલા




રાજકોટ તા.૧૭

આઈશ્રી ખોડિયાર મંદિર સેવકગણ પરિવાર દ્વારા તા.૧૯મીના રવિવારે સાંજે ૩-૩૦ કલાકે લકકીરાજ પાર્ટી પ્લોટ, ભાવનગર હાઈવે, આજી ડેમથી આગળ, માંડા ડુંગર પાસે ૩૦માં સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગેની માહિતી આપવા આઈશ્રી ખોડિયાર મંદિરના પરસોતમભાઈ દોંગા, મોહનભાઈ ગોહેલ, નાથાભાઈ ટીંબડીયા તથા તેજસ ગરાચ વગેરે 'સાંજ સમાચાર' કાર્યાલય પર આવેલા હતા.



૩૦માં સમૂહ લગ્નોત્સવમાં અત્યંત ગરીબ પરિવારની ૧૦ દિકરીઓ પ્રભુતામાં પગલા માંડશે. દરેક દીકરીને ૨૦૦થી વધુ કરિયાવરની વસ્તુઓ આપવામાં આવશે. ૨૦૦૦ વ્યકિતઓ ભોજન પ્રસાદનો લાભ લેશે.

વોલન્ટરી બ્લડ બેંકના સહયોગથી લગ્ન સ્થળે સાંજે પથી ૮ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

સમસ્ત સેવકગણ પરિવારના ગોપી પરસોતમભાઈ દોંગા, આકાશ પરસોતમભાઈ દોંગા, કિશોરભાઈ એમ. લીંબાસીયા, અશ્વીનભાઈ બી. રામાણી, જયસુખભાઈ પટોળીયા, હરેશભાઈ મોણપરા, દામજીભાઈ વેકરીયા, હિતેષભાઈ આસોદરીયા, ગોબરભાઈ કે. દોંગા, સુરેશભાઈ કોટડીયા, રાજેશભાઈ બી. દોંગા, નાથાભાઈ બી. ટીંબડીયા રમેશભાઈ વીરડીયા, ધર્મેશભાઈ એલ. દોંગા, નીરવભાઈ પાટડીયા, મોહનભાઈ ગોહેલ, પ્રતિકભાઈ મોણપરા, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.





# આચાર્યશ્રી જયશેખરસૂરિજી મ.ની નિશ્રામાં નૂતન જિનાલયના ભૂમિ પૂજનનો લાભ લેતા એડવોકેટ જે.એમ. શાહ પરિવાર

કાલાવડ રોડ શ્વે.મૂ. જૈન તપગચ્છ સંઘ શ્રી જય ધર્મ કલ્યાણનિધિ ટ્રસ્ટ દ્વારા સદ્ભાવના વૃધ્ધાશ્રમ સંકુલ, જામનગર-રાજકોટ હાઈવે રામપર રાજકોટ ખાતે આચાર્ય ભગવંત પૂ. શ્રી જયશેખરસૂરિજી મ. આદિની નિશ્રામાં આજે તા.૧૭ના 'શ્રી જય ગિરનાર ધામ' નૂતન જિનાલય તથા અંબિકા માતાના સંકુલનું ભૂમિ પૂજન કરવામાં આવેલ.

જિનાલયના ભૂમિ પૂજન તથા નવકારશીનો લાભ ચંદ્રાવતીબેન જશવંતરાય શાહ (જે.એમ. શાહ એડવોકેટ પરિવાર) હસ્તે કોમલબેન દિલેશભાઈ શાહ, હિત, પ્રિત વગેરેએ લીધો હતો. તેમ મહેશભાઈ મણિયાર, વિપુલભાઈ દોશી, નિતેશભાઈ શાહે જણાવેલ છે. ઉપરોકત તસ્વીરમાં જિનાલયના ભૂમિ પૂજનનો લાભ લેતા એડવોકેટ જે.એમ. શાહ પરિવારના દિલેશભાઈ, કોમલબેન, હિત તથા પ્રિત જોવા મળે છે ઈન્સેટમાં એડવોકેટ જે.એમ. શાહ નજરે પડે છે.



# જશાપરમાં પૂ.ધીરજમુનિ મ.નું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું

## થોડું વાચવું, વધુ વિચારવું, થોડું બોલવું અને વધુ સાંભળવું: પૂ. ધીરજમુનિ મહારાજ

રાજકોટ તા.૧૭

શ્રી જશાપર ગામ સમાજ ખાતે પૂ.શ્રી ધીરગુરૂદેવ તથા પૂ. મીનાજી મહાસતીજી આદિ ઠાણાની પધરામણી પ્રસંગે આહીર અગ્રણી રાજશી સાંજવાના ઘરે નવકારશી બાદ સમસ્ત ગ્રામજનોએ દબદબાભર્યુ સ્વાગત કરેલ.

શ્રીમતી માલિની કિશોર સંઘવી પ્રાથમિક શાળામાં શ્રી ઉમેદભાઈ દોશી પ્રેરિત ૪ સ્માર્ટ બોર્ડની લોકાર્પણ વિધિ જગદીશ-રેણુ મહેતા, જયંત-રંજના કામદારના હસ્તે કરાતા જય નવકાર તને નમસ્કારની ધૂનથી હોલ ગુંજી ઉઠયો હતો.

સેવા સંકુલમાં ધર્મસભામાં ગુરૂદેવે જણાવેલ કે થોડું વાંચવું અને વધુ વિચારવું, તોડુ બોલવું અને વધુ સાંભળવું એ જ મહાન બનવાની જડીબુટ્ટી છે.

ધુંવાડાબંધ ગામ જમણના લાભાર્થી હરીબોલ પરિવારનું સન્માન કરાયું હતું. જગદીશ મહેતાએ દર વર્ષે ૧ લાખનું દાન જીવદયા યોજનામાં જાહેર કરતા ઉમં છવાયો હતો. શાળાના દીકરા-દીકરીઓએ પીરામીડ- રંગારંગ કાર્યક્રમ રજૂ કરતા તાળીઓથી સહુએ વધાવ્યા હતા. ડીવાઈન ટ્રસ્ટ પ્રેરિત દંતયજ્ઞ શિબિરમાં ૨૫ બત્રીસી વિનામૂલ્યે અર્પણ કરાશે. જાલંધર બંધ યોગનો ગ્રામજનોએ લાભ લીધેલ. તા.૧૮ના ધોરાજી અને તા.૧૯ના ગોંડલ ગુરૂદેવ પધારશે.

# ખાણીપીણી સહિતના ૫૪ ધંધાર્થી પાસેથી અઢી કિલો પ્લાસ્ટિક જપ્ત

## જાહેરમાં ગંદકી કરનારાઓને રૂા. ૧૨ હજાનો દંડ

રાજકોટ, તા. ૧૭

મહાપાલિકાની સોલીડ વેસ્ટ શાખાએ ગઇકાલે જુદા જુદા વિસ્તારમાંથી વધુ ૫૪ ધંધાર્થી પાસેથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો હતો.સેન્ટ્રલ ઝોનમાં ૨૦, વેસ્ટ ઝોનમાં ૨૦ અને ઇસ્ટ ઝોનમાં ૧૪ વેપારી પાસેથી કુલ અઢી કિલો પ્લાસ્ટિક કબ્જે કરવામાં આવ્યું હતું. ખાણીપીણીની દુકાનોમાં હજુ મોટા પ્રમાણમાં આવા પ્લાસ્ટિકનો ઉપયોગ થતો હોવાનું દેખાઇ રહ્યું છે. આ ઉપરાંત જાહેરમાં કચરો અને ગંદકી ફેંકતા આસામીઓને રૂા. ૧૨,૮૫૦નો દંડ કરવામાં આવ્યો છે.

### કેન્દ્રની હાલત પણ રેલ્વે જેવી, કર્મચારી કરતા પેન્શનરો વધુ

# કેન્દ્રીય કર્મચારીનો લઘુતમ પગાર રૂા.૫૧૦૦૦ થઈ જશે!

**આઠમા પગાર પંચની ભલામણો સાતમા પંચથી વધુ હશે તે નિશ્ચિતઃ પેન્શનરને પણ મહિને ૨૭૫૦૦ મળશેઃ બન્નેમાં મોંઘવારી ભથ્થા અલગથી ગણાશે**

**આગામી વર્ષના અંત સુધીમાં અમલઃ જાન્યુ.૨૦૨૬થી એરીયર્સ ગણાશેઃ દિલ્હી ચુંટણી સમયે જ કેન્દ્રનો દાવઃ સરકારી કર્મચારીઓના 'ઘર' જેવા પાટનગરમાં મત પર નજર**

નવી દિલ્હીઃ

૭મું વેતન પંચ વારસામાં મળ્યા બાદ કેન્દ્રની મોદી સરકારે આઠમાં વેતન પંચની રચના અંગે લાંબો સમય સુધી ઈન્કાર ભર્યુ વલણ રાખ્યુ હતું અને સંસદમાં પણ તે દર્શાવ્યુ હતું પણ અચાનક જ જે રીતે ગઈકાલે કેન્દ્રીય કેબીનેટ દ્વારા આઠમાં પગારપંચની રચનાની જાહેરાત કરી કેન્દ્ર સરકારના એક કરોડથી વધુ કર્મચારીઓને સુખદ આશ્ચર્ય આપ્યું અને પેન્શનરોને પણ ભવિષ્યના લાભની ગેરેન્ટી આપી તેનાથી અનેક રાજકીય અર્થ પણ તારવવામાં આવી રહ્યા છે. ખાસ કરીને દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી છે અને પાટનગર એ કેન્દ્રીય કર્મચારીઓનુ 'ઘર' છે જેથી અહીના વિશાળ કેન્દ્રીય કર્મચારીઓ અને તેના કુટુંબીજનો તથા પેન્શનર્સ-ફેમીલી તે સાથે રાખવા ભાજપે પ્રયાસ કર્યા છે. ચુંટણી અંતે દિલ્હીની ચુંટણી જાહેરાત સાથે જ આચારસંહિતા મુદે જાહેર કર્યુ હતું કે કેન્દ્ર કે દિલ્હી સરકાર હવે દિલ્હી સ્પેસીફીક કોઈ જાહેરાત કરી શકશે નહી અને મોદી સરકારે પુરા દેશને લાગુ પડે તેવી આ જાહેરાત સાથે દિલ્હીમાં પણ પોતાનો હેતુ સિદ્ધ કરી લીધો છે તો બીજી તરફ સાતમા પગાર પંચની મુદત આ વર્ષના અંતે પુરી થઈ રહી છે. હવે આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર આઠમા પગાર પંચના અધ્યક્ષ અને બે સભ્યોની જાહેરાત કરશે. તે બાદ આ પંચ કાર્યરત થશે અને આગામી વર્ષના અંત સુધીમાં તેની ભલામણો સુપ્રત કરી શકે છે. જો કે પંચની ભલામણો બાદ પણ તેને લાગુ કરવાની એક લાંબી પ્રક્રિયા છે પણ તે સાતમા પગાર પંચની સલામતીના બીજા માસથી અમલી બની જશે.

કર્મચારી-પેન્શનરોને તેમાં વિલંબના સમયગાળાનું એરીયર્સ મળશે અને બાદમાં ગુજરાત સહિતના રાજયોમાં પણ આ પગારપંચની



ભલામણોના અમલની માંગ થશે તે ગુજરાતમાં ૨૦૨૭ની ચુંટણી પુર્વે જ સ્વીકારાઈ જશે તે નિશ્ચિત છે.

**કઈ રીતે લાગુ થશે**

હાલ કેન્દ્રમાં ૪૯ લાખ કર્મચારીઓ છે અને ૬૫ લાખ પેન્શનરો છે. આમ કેન્દ્રની હાલત પણ રેલ્વે જેવી થતી જાય છે જયાં કર્મચારી કરતા પેન્શનરો વધુ છે. અગાઉ સાતમા પગાર પંચની ભલામણો ૧ જાન્યુઆરી ૨૦૧૬થી લાગુ થઈ હતી અને ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ સુધી તે અમલી રહેશે. આમ નવા વેતન આયોગની ભલામણો પણ ૧૦ વર્ષની હશે તે નિશ્ચિત છે મુખ્ય મુદો ફીટમેન્ટ ફેકટર છે જેમાં કર્મચારીઓના હાલના પગાર ભથ્થામાં કેટલો વધારો થાય તેનું માપદંડ છે. સાતમા પગારપંચ પાસે આ ફીટમેન્ટ ફેકટર ૩.૬૮ કરવાની માંગણી કર્મચારીઓ દ્વારા થઈ હતી જે વાટાઘાટો હડતાળના બાદ ૨.૫૭ સુધી મંજુર રહી હતી. જેના કારણે કેન્દ્રીય કર્મચારીઓના લઘુતમ પગાર રૂા.૭૫૦૦થી વધીને રૂા.૧૮૦૦૦ થઈ ગયો હતો અને મહતમ પગાર રૂા.૨.૫૦ લાખ થયો હતો. લઘુતમ પેન્શન રૂા.૩૫૦૦ હતુ તે વધીને રૂા.૯૦૦૦ થયુ હતુ જે મહતમ રૂા.૧.૨૫ લાખ થયુ હતું. હવે નવા વેતન આયોગ પાસે તેની આસપાસ પણ થોડી વધુ ૨.૮૬ સુધીના ફીટમેન્ટની અપેક્ષા કર્મચારીઓ રાખે છે. જેના કારણે કેન્દ્રીય કર્મચારીઓની લઘુતમ બેઝીક પગાર રૂા.૫૧૦૦૦ થઈ જશે અને પેન્શન રૂા.૨૭૫૦૦ થઈ જશે. ગત પંચ કરતા ઓછો વધારો કર્મચારી સંગઠન મંજુર રાખશે નહી તે નિશ્ચિત છે અને તેના આધારે પેન્શનરોને પણ ફાયદો થશે. જો કે દરેક રાજય આ તોતીંગ બોજો ઉઠાવી શકશે નહી તે નિશ્ચિત છે પણ જે તે રાજયમાં ચુંટણીઓ આવતા જ રાજય સરકારોને નમવું પડશે. સરકારી કર્મચારીઓની સંગઠીત તાકાત તેના માટે સૌથી મહત્વની છે. જો કે છતા મોદી સરકાર લેબર-લો અને ખાસ કરીને કેન્દ્રીય કર્મચારીઓની કાર્યક્ષમતા અંગે કોઈ માપદંડ લાવે છે કે કેમ તે પ્રશ્ન છે.

### ઉદ્યોગ બાદ સર્વિસ ક્ષેત્રે ગુજરાતને નંબર વન બનાવવા તૈયારી

# રાજયમાં હવે સર્વિસ કમીશનરેટ સ્થાપવા નિર્ણય

**અનેક ઉદ્યોગો સાથે જોડાયેલા સેવાક્ષેત્રનાં માટે ખાસ આયોજનઃ રોજગારીની નવી તકો સર્જાશે**

રાજકોટઃ ગુજરાતને ઉત્પાદન ક્ષેત્રે અનેક ઉદ્યોગોમાં 'હબ' બનાવ્યા બાદ રાજય સરકારે હવે સર્વિસ સેકટરમાં પણ રાજયમાં ઉદ્યોગોને નવી તક મળે તથા રોજગારી પણ સર્જાય તે રીતે ઔદ્યોગીક કમીશ્નરેટની માફક સર્વિસ કમીશ્નરેટની પણ રચના કરવા નિર્ણય લીધો છે અને રાજયના બજેટમાં તેની જાહેરાત થઈ શકે છે. ઉત્પાદન ક્ષેત્રે કમીશ્નરેટની કામગીરી મહત્વપૂર્ણ બની રહી છે જેના કારણે વિવિધ ક્ષેત્રની ઉત્પાદન કંપનીમાં ગુજરાતમાં આવી છે તો સર્વિસ ક્ષેત્ર જે દેશમાં નિકાસમાં પણ મહત્વનો ફાળો આપી રહ્યું છે. તેમાં કર્ણાટક, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, તામિલનાડુ જેવા રાજયો આગળ છે.



ગુજરાતની જીડીપીમાં સર્વિસ સેકટરનો ફાળો ૩૨.૪% છે અને તે વધારીને ૫૪% લઈ જવા સરકારનું આયોજન છે. આ માટે રાજય સરકાર અને તેના નાણા વિભાગે સર્વિસ કમિશ્નરેટનું માળખુ તૈયાર કરવા માટે જરૂરી મંજુરી આપી દીધી છે.

જો કે રાજય સરકાર કોવિડ કાળથી આ વિચારણા કરી રહી હતી. ખાસ કરીને સર્વિસ ક્ષેત્ર એ રોજગારી સર્જનનું નવું મહત્વનું માધ્યમ બની ગયુ છે પણ રાજયમાં સર્વિસ ક્ષેત્રને માટે ઓછા પ્રોત્સાહન કે ખાસ યોજનાઓ છે. ગુજરાત એક ઉત્પાદન રાજય હોવાથી સર્વિસ ક્ષેત્ર માટે પણ વિશાળ તક છે. આમ બન્ને મળીને ગુજરાતમાં રોજગાર સર્જનમાં નવા રેકોર્ડ બનાવી શકે છે. આઈટી, ટુરીઝમ, શિક્ષણ, આરોગ્ય, રીયલ એસ્ટેટ રીટેલ સહિતના ક્ષેત્રમાં સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ મહત્વનું યોગદાન આપી રહી છે પણ ઉત્પાદન ક્ષેત્રની સરખામણીમાં ગુજરાતમાં સર્વિસ ક્ષેત્રનો વિકાસ ખૂબ જ ઓછો થયો છે તે ખોટ હવે પુરાશે.

# હિંદુ મેરેજ એકટમાં પુરૂષની પુખ્ત ઉંમર ૧૮ કે ૨૧? : સુપ્રીમ નક્કી કરશે

નવી દિલ્હીઃ તા.૧૭

બાળ લગ્ન પ્રતિબંધ અધિનિયમ (PCMA) અને હિંદુ લગ્ન અધિનિયમ હેઠળ, સગીરને બહુમતી પ્રાપ્ત કર્યાના બે વર્ષમાં અરજી દાખલ કરવાનો અને તેના બાળ લગ્નને રદ કરવાની માંગ કરવાનો અધિકાર મળે છે. પરંતુ, આ કાયદા હેઠળ, કોઈપણ પુરૂષની બાલિક વય ૧૮ વર્ષ કે ૨૧ વર્ષ છે? સુપ્રીમ કોર્ટ હવે આ પ્રશ્નની કસોટી કરશે. જેને લઈ એક કેસ સુપ્રીમ કોર્ટમાં આવ્યો છે. એક છોકરો પરણ્યો હતો. ૨૩ વર્ષની ઉંમરે તેણે તેના લગ્નને રદ કરવા માટે અરજી કરી હતી. તેમની અરજી પર હાઈકોર્ટે લગ્નને અમાન્ય જાહેર કર્યા હતા. હવે તે છોકરાની પત્ની સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. પત્નીએ સવાલો ઉઠાવ્યા છે કે પતિએ બાલિક અટલે કે ૧૮ વર્ષની અંદર ૨ વર્ષ દરમિયાન બાળ લગ્ન રદ કરવાની અરજી કરી ન હતી, આવી સ્થિતિમાં હાઈકોર્ટનો નિર્ણય ખોટો છે. યુવતીની અરજી પર સુપ્રીમ કોર્ટે નોટિસ જારી કરી છે. હવે આગામી સુનાવણી ૧૬ જાન્યુઆરીએ હાથ ધરાશે.



PCMA ની કલમ ૩(૩) મુજબ,કોઈપણ વ્યક્તિ જે તેના લગ્ન સમયે સગીર હતી તે બાલિક થયા પછી રદ કરવા માટે અરજી કરી શકે છે. જો કે, આ પિટિશન એ શરત સાથે આવે છે કે તેના માટેની અરજી બાલિક વય હાંસલ કર્યાના ૨ વર્ષની અંદર કરવામાં આવે. હાલના કિસ્સામાં, બાળ વિવાહ સમયે છોકરાની ઉંમર ૧૨ વર્ષ અને છોકરીની ઉંમર ૯ વર્ષની હતી. ૨૦૧૩ માં, જ્યારે પતિ ૨૩ વર્ષનો હતો, ત્યારે તેણે હિંદુ મેરેજ એક્ટ ૧૯૫૫ (HMA) ની કલમ ૧૨ (૨) હેઠળ લગ્ન રદ કરવા માટે અરજી દાખલ કરી હતી. ફેમિલી કોર્ટે આ કેસને ફગાવી દેતા કહ્યું હતું કે અરજી દાખલ કરતા પહેલા છોકરાએ HMAની કલમ ૧૩ હેઠળ છૂટાછેડાનો કેસ દાખલ કર્યો હતો, જે હાજર ન થવાને કારણે બરતરફ કરવામાં આવ્યો હતો. હાઈકોર્ટે છોકરાની તરફેણમાં ચુકાદો આપ્યો હતો.

**સુપ્રીમ કોર્ટમાં મહિલાની અરજીઃ**

અરજી દાખલ કરનાર યુવતી નું એવું કહેવુ છે કે હાઈકોર્ટના નિર્ણયે પુરુષો માટે લગ્ન રદ કરવાની વિનંતી કરવાની મર્યાદા ૨૩ વર્ષ સુધી વધારી દીધી હતી.

આ પીસીએમએના કાયદાકીય ઉદ્દેશ, બંધારણીય સિદ્ધાંતો અને રક્ષણાત્મક અભિગમની વિરુદ્ધ છે. છોકરીનું કહેવું છે કે તેના પતિની અરજી રદ કરવા માટે સમય મર્યાદા દ્વારા પ્રતિબંધિત કરવામાં આવી હતી કારણ કે તેને બહુમતી પ્રાપ્ત કર્યાના બે વર્ષમાં (૧૮ વર્ષ, ૨૦૧૦ માં) દાખલ કરવાની હતી.

# NEET - UG પરીક્ષા ફકત ઓએમઆર મોડમાં : એક દિવસ એક શિફટમાં પરીક્ષા લેવામાં આવશે

**દેશની સૌથી મોટી પ્રવેશ પરીક્ષા અત્યાર સુધી ઓફલાઈન યોજાતી રહી**

નવી દિલ્હી : દેશની સૌથી મોટી મેડિકલ પ્રવેશ પરીક્ષા NEET 2025 ફક્ત પેન અને પેપર મોડ એટલે કે ઓએમઆર આધારિત જ લેવામાં આવશે. નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ ગુરુવારે એક નોટિફિકેશન બહાર પાડીને જણાવ્યું છે કે મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની આ પરીક્ષા એક જ દિવસે અને એક જ શિફ્ટમાં લેવામાં આવશે. સરકારી સૂત્રોનું કહેવું છે કે એનએમસી, એનટીએ, શિક્ષણ મંત્રાલય અને આરોગ્ય મંત્રાલય સાથેની ચર્ચામાં સર્વાનુમતે એ વાત પર સહમતિ બની હતી કે વર્તમાન પેટર્ન અને પરીક્ષાની પદ્ધતિમાં કોઈપણ ફેરફાર કરતાં પહેલાં વિદ્યાર્થીઓને પૂરતો સમય આપવો જોઈએ.

**સિંગલ ડે શિફ્ટનો શું ફાયદો છે ? :-**

પરીક્ષા સિંગલ ડે અને સિંગલ શિફ્ટ ફોર્મ્યુલામાં લેવાતી હોવાથી નોર્મલાઇઝેશન પ્રક્રિયાની જરૂર નથી. મોટાભાગનાં વિદ્યાર્થીઓ ગણિઝ-અત્રદ્ઘ માટે અરજી કરે છે, જો કે, પરીક્ષા સુધારણા માટે રચાયેલી સમિતિની ભલામણો મુજબ, કમ્પ્યુટર આધારિત ટેસ્ટથી લઈને હાઇબ્રિડ મોડ સુધીની દરેક બાબતને પણ ધ્યાનમાં લેવામાં આવી હતી. આ પરીક્ષા આરોગ્ય મંત્રાલય હેઠળ નેશનલ મેડિકલ કમિશન એક્ટ ૨૦૧૯ હેઠળ અંડરગ્રેજ્યુએટ મેડિકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવામાં આવતી હોવાથી, એનએમસીનો અભિપ્રાય પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહ્યો છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આટલી મોટી પરીક્ષાને તાત્કાલિક સીબીટી અથવા હાઇબ્રિડ મોડમાં લાગું કરવાથી વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ વધી શકે છે અને તેને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવામાં આવ્યો છે કે NEET-UG પણ ઑફલાઇન રહેશે.

**હવે NEET-UG ઑફલાઇન, શું છે કારણ ? :-**

કોમન યુનિવર્સિટી એન્ટ્રન્સ ટેસ્ટ ૨૦૨૪ ગયાં વર્ષે હાઇબ્રિડ મોડમાં લેવામાં આવી હતી, પરંતુ એનટીએએ આ વર્ષે સીબીટી મોડમાં જ આ પરીક્ષા લેવાનું નક્કી કર્યું છે. તેવી જ રીતે, UGC NET પણ સીબીટી મોડમાં હાથ ધરવામાં આવે છે. JEE Main પહેલેથી જ સીબીટી મોડમાં છે. NEET UG ૨૦૨૫ અંગેની ગેરરીતિઓ અંગે ડો. રાધાકૃષ્ણનની કમિટીની ભલામણોને પગલે એનટીએમાં માનવબળની અછત દૂર કરવામાં આવી હતી. નવાં સ્ટાફની નિમણૂક કરવામાં આવી હતી અને ઘણી પરીક્ષાઓની પેટર્ન પણ બદલાઈ હતી. NEET-UG પરીક્ષા અંગેનો નિર્ણય માત્ર નેશનલ મેડિકલ કમિશનની સંમતિથી લેવાનો હતો અને આ વખતે એનએમસીએ પરીક્ષા ઑફલાઇન કરવા પર જ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. શિક્ષણ મંત્રાલય દ્વારા રચાયેલ રાધાકૃષ્ણન સમિતિએ પરીક્ષાનાં બંને મોડ માટે વિગતવાર SOPs અને ચેકપોઇન્ટ આપ્યાં છે. ગયાં વર્ષે, NEET-UGમાં ૨૪ લાખથી વધુ અરજીઓ કરવામાં આવી હતી અને જેમ જેમ મેડિકલ કોલેજો અને સંસ્થાઓની સંખ્યામાં વધારો થયો છે તેમ તેમ એમબીબીએસ બેઠકોમાં પણ વધારો થયો છે. તેને ધ્યાનમાં લેતાં આ સંખ્યા ૨૫ લાખથી વધુ થવાની ધારણા છે. આવી સ્થિતિમાં, સીબીટી મોડ સાથે પરીક્ષાને સામાન્ય બનાવવી એ એક મોટો પડકાર હશે. પરીક્ષાની પ્રક્રિયા અને વિવિધ શિફ્ટમાં નોર્મલાઇઝેશન પર પ્રશ્નો ઉભા થતાં રહે છે. સૂત્રોનું કહેવું છે કે NEET-UGની પેટર્ન બદલતાં પહેલાં એક મોટી યોજના ઘડવી પડશે. વિદ્યાર્થી સમુદાયના હિતમાં આ વર્ષે પરીક્ષાની પેટર્નમાં કોઈ ફેરફાર નહીં કરવાનો નિર્ણય લેવાયો હતો. કોઈપણ ફેરફારોની જાહેરાત કરતાં પહેલાં વિદ્યાર્થીઓને પૂરતો સમય આપવામાં આવશે.

**એનટીએનું શૈક્ષણિક કેલેન્ડર આગામી થોડાં દિવસોમાં આવશે**

**શૈક્ષણિક કેલેન્ડર ક્યારે આવશે ? :-**

શિક્ષણ મંત્રાલયનાં સૂત્રોનું કહેવું છે કે ઉચ્ચ સ્તરીય સમિતિની ભલામણો અનુસાર પરીક્ષા કેન્દ્રો પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. એનટીએ દ્વારા શૈક્ષણિક કેલેન્ડર બહાર પાડવામાં આવશે, જેમાં દરેક પરીક્ષાનાં રજિસ્ટ્રેશનથી લઈને પરિણામ સુધીની સંભવિત તારીખો જાહેર કરવામાં આવશે. પરીક્ષા સુધારણા સમિતિએ ભલામણ કરી છે કે શક્ય તેટલા વધુ કેન્દ્રો હોવા જોઈએ, જ્યારે વિદ્યાર્થીએ તેનાં રજીસ્ટ્રેશન ફોર્મમાં પરીક્ષા કેન્દ્રનો વિકલ્પ આપ્યો હોય તેવા જિલ્લાઓમાં કેન્દ્રો ફાળવવાના પ્રયાસો કરવા પડશે. જો કોઈ કારણોસર તે જિલ્લાઓમાં કોઈ કેન્દ્ર ન હોય, તો તે કિસ્સામાં પણ કેન્દ્ર ૨૦૦ કિલોમીટરથી વધુના અંતરે ન હોવું જોઈએ. ઉપરાંત, વિદ્યાર્થીને પરીક્ષાનાં ઘણાં દિવસો પહેલાં કેન્દ્ર વિશે જાણ કરવાની રહેશે જેથી તે તે મુજબ તૈયારી કરી શકે. એનટીએએ ભલામણો પર ધ્યાન આપવું પડશે.

**એનટીએ વિદ્યાર્થીઓની સુવિધા માટે તમામ જરૂરી પગલાં લેશે**

**વિદ્યાર્થીઓની પસંદગીનાં જિલ્લાઓમાં પરીક્ષા કેન્દ્રોને પ્રાધાન્ય મળશે**

**NEET UG પરીક્ષા કેટલા મોટા સ્તરે લેવામાં આવે છે ? :-**

મોટાભાગનાં ઉમેદવારો NEET UG માટે અરજી કરે છે, જેનાં આધારે એમબીબીએસ, આયુર્વેદિક, હોમિયોપેથિક અને અન્ય અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવામાં આવે છે. વર્તમાન પ્રથા મુજબ, નોંધણી ફેબ્રુઆરીની શરૂઆતમાં શરૂ થાય છે અને પરીક્ષાઓ મેના પ્રથમ રવિવારે લેવામાં આવે છે.

હવે એનટીએનું શિડ્યુલ આવ્યાં બાદ તારીખો નક્કી કરવામાં આવશે. એનટીએ કેટલાક વિદેશી શહેરોમાં પણ આ પરીક્ષાનું આયોજન કરે છે. ૨૦૨૪ માં NEET - UG પરીક્ષા માટે ૨૪.૦૬ લાખ નોંધણીનો રેકોર્ડ હતો અને ૯૭ ટકાથી વધુ એટલે કે ૨૩.૩૩ લાખ લોકોએ પરીક્ષા આપી હતી.

### મેટ્રિમોનિયલ સાઈટ પર સાત ગરણે ગાળીને પાણી પીજો

# શું આપ મેટ્રિમોનિયલ સાઈટ પર જીવનસાથી શોધો છો? તો સરકારની એડવાઈઝરી ખાસ વાંચશો

**મેટ્રિમોનિયલ સાઈટ પર ઠગાઈના અનેક કેસો આવતા સરકારે એડવાઈઝરી જાહેર કરી**

નવીદિલ્હી તા.૧૬

દેશમાં મેટ્રિમોનિયલ (લગ્ન સંબંધી) સાઈટ્સ પર છેતરપિંડીના મામલા સતત વધી રહ્યા છે. જેથી અનેક લોકો ઠગાઈના ભોગ બની રહ્યા છે. આ મામલે ગૃહ મંત્રાલયે એક એડવાઈઝરી જાહેર કરી વેરિફાઈડ વેબસાઈટ પસંદ કરવા અને અંગત જાણકારી શેર ન કરવા અને એનઆરઆઈ પ્રોફાઈલથી સાવધાન રહેવાની સલાહ આપવામાં આવે છે.



**વેરીફાઈડ મેટ્રિમોનિયલ સાઈટ જ પસંદ કરો**

મેટ્રિમોનિયલ એપ અને વેબસાઈટ પર રજિસ્ટ્રેશન પહેલા તેને રજિસ્ટ્રેશન પહેલા તેને વેરીફાઈ કરો. રિવ્યુ જુઓ.

**ઈ-મેલ આઈડી નવું બનાવો**

મેટ્રિમોનિયલ સાઈટ બનાવતી વખતે નવી કે પછી જો ઈ-મેલ આઈડીનો ઉપયોગ ન કરો, જેથી આપની યુપીઆઈ લિંક ન થાય. વાતચીત માટે સાચી રીત અપનાવો. આપનું સરનામુ, આપનો ફોટો, યુપીઆઈથી લિંક મોબાઈલ નંબર શેર ન કરો.

**બેક ગ્રાઉન્ડ જરૂર તપાસો**

જો મળીને અને વાતચીત કરવાથી આપને બધુ ઠીક લાગતું હોય ત્યારે પણ સંબંધ નકકી કરતા પહેલા વર કે વધુના બારામાં બધી જાણકારીઓ મેળવો. તેની ઓફિસ, દોસ્ત, પરિવાર, સંબંધી, પડોશી સાથે જરૂર વાત કરો.

**પરિવારને હંમેશા અને પૂરી જાણકારી આપો**

મેટ્રિમોનિયલ વેબસાઈટ પર થયેલા કોઈ મેચીંગના બારામાં પરિવારને જરૂર બતાવો, જેથી પરિવારના સ્તર પર સંભવિત મેચીંગના બારામાં પૂરી માહીતી મેળવી શકાય.

**પરિવારને મુલાકાતના બારામાં બતાવો**

મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મળેલ ભવિષ્યના જીવનસાથે સાથે હંમેશા જાહેર સ્થળે જ મળો. આ બારામાં પરિવાર અને મિત્રોને મળો.

**ખૂબ જ સવાલ પૂછો**

મેટ્રિમોનિયલ વેબસાઈટ પર મળેલ વ્યકિત સાથે વાતચીત દરમિયાન ખૂબ જ સવાલ પૂરો જેથી સંભવિત પાર્ટનરને બહેતર જાણી શકશો.

**પૈસા માગે તો મનાઈ કરી દો**

મેટ્રિમોનિયલ સાઈટ પર મળેલ સંભવિત પાર્ટનર ઈમરજન્સીનો હવાલો આપીને પૈસા માગે તો સ્પષ્ટ ભાષામાં ના પાડી દો. જો તે વારંવાર પૈસા માગે તો સતર્ક થઈ જવું.

**એનઆરઆઈ પ્રોફાઈલ સાથે વાત કરતા સાવધ રહો**

એનઆરઆઈ પ્રોફાઈલ સાથે વાતચીત કરતી વખતે વધુ સજાગ રહો. સામ-સામા મળ્યા વિના લગ્ન માટે બિલકુલ હા ન કહો.

**કેવી રીતે ઓળખશો**

જો કોઈ વ્યકિત વીડિયો જેટ પર આવવાનો કે સામસામા મળવાનો ઈનકાર કરે તો તે ઠગ હોઈ શકે છે. સોશિયલ મીડિયા પર ઓછા મિત્ર હોય કે પોસ્ટ હોય તો પણ એલર્ટ થઈ જાઓ. શરૂઆતી વાતચીતમાં કેટલા કમાવ છો. કેટલા બચાવો છો, એકાઉન્ટમાં કેટલા પૈસા છે જેવા વાતો પૂછો.

**ફ્રોડ થવા પર શું કરશો**

જો આપની સાથે કોઈ છેતરપિંડી થાય કોઈ સાયબર અપરાધ થાય તો તેની માહીતી નજીકના પોલીસ સ્ટેશનને કે ડાયલ ૧૦૦ પર આપો. સાથે સાથે નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટીંગ પોર્ટલ www.cybercrime.gov.in અથવા @cyberDost પર પણ જાણ કરી શકો છે.

# રાજયમાં ૨૪૭૦૦ શિક્ષકોના સિલેકશન અંગે શિક્ષણમંત્રી બોલ્યાઃ ભરતી તબકકાવાર થશે

**ભરતી પારદર્શક અને ઓનલાઈન થશે એટલે ગેરરીતિનો કોઈ પ્રશ્ન નથીઃ ડિંડોર**

ગાંધીનગર,તા.૧૭

આજે ગુજરાતમાં નેશનલ સ્ટાર્ટ અપ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર, પ્રફુલ પાનશેરીયા સહીત અગ્રણીઓએ હાજરી આપી હતી. અને આ જ કાર્યક્રમ બાદ શિક્ષકોની ભરતીને લઈને શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક મહિનાઓ પહેલા જ શિક્ષકોની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ૨૪,૭૦૦ જેટલી શિક્ષકોની ભરતી કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવેલી. આજે આ મામલે શિક્ષણ મંત્રીએ જવાબ આપ્યો હતો.

શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કહ્યું હતું કે, અમે શિક્ષકોની ભારતીને લઈને તૈયારીઓ કરી જ રહ્યા છીએ. ભરતીની જાહેરાત



બાદ તેમાં વિલંબ થયો છે. તબક્કાવાર બધી ભરતીઓ કરવામાં આવશે. ભરતી પારદર્શક હશે, ઓનલાઇન હશે એટલે કોઈ ગેરરીતિ થવાના કે કોઈ તકલીફ થવાના કોઈ પ્રશ્નો ઉભા થશે નહિ. સાથે જ આગામી એક જ મહિનામાં આ સમગ્ર ભરતી પૂરી કરવાં આવશે. તેવું એલાન પણ શિક્ષણમંત્રી કુબેર ડિંડોરે કર્યું હતું.

### કેનેડાની સરકારે નવા નિયમો દાખલ કર્યા

# કેનેડામાં વર્ષના માસ્ટર્સ પ્રોગ્રામનો કોર્સ કરતા છાત્રોને પત્નીને બોલાવવા પર રોક

ટોરંટો(કેનેડા),તા.૧૭

કેનેડાની સરકાર હવે ૧૨ માસના માસ્ટર્સના પ્રોગ્રામમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમની પત્નીને કેનેડા બોલાવી જ ન શકે તેવા નિયમો લાગુ કર્યા છે. આગામી ૨૧મી જાન્યુઆરીથી આ નિયમો લાગુ પડશે. જોકે, ૧૬ માસથી લાંબા ગાળાના માસ્ટર્સના પ્રોગ્રામ સાથે સંકડાયેલા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ તેમની પત્નીને કે પછી કાયદાકીય ભાગીદારને જ માત્ર બોલાવી શકશે. તેનાથી ઓછા ગાળાના અભ્યાસક્રમ સાથે સકળાયેલા વિદ્યાર્થિઓને આ લાભ મળશે જ નહીં. ઈમિગ્રેશન, રેફ્યુઝીસ એન્ડ સિટિઝનશીપ કેનેડાએ આ નિર્ણય લીધો છે. અત્યારે તેઓ કેનેડાની કોઈને કોઈ સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ જોગવાઈ લાગુ



કરવામાં આવી છે.

કેનેડાના વિઝાના એક્સપર્ટ પંકજ પટેલના જણાવ્યાનુસાર, 'કેનેડાની સરકારે લાગુ કરેલી આ નવતર જોગવાઈ ૧૬ મહિના કે તેનાથી લાંબા ગાળાના માસ્ટર્સના અભ્યાસક્રમ સાથે જોડાયેલા કે પછી ડોક્ટરેટની ડિગ્રી માટેના અભ્યાસ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓ અને તેમના પરિવારના સભ્યોને પણ લાગુ પડશે. બાર માસથી ઓછા ગાળાના માસ્ટર્સના પ્રોગ્રામ કરનારા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ પર તેની અવળી અસર પડશે.' અગાઉ માસ્ટર્સની ડિગ્રી મેળવવા માટે ૧૬ માસ કે તેનાથી વધુ સમયગાળાના કાર્યક્રમોની સંખ્યા મર્યાદિત હતી. તેથી જ અરજદારો મુશ્કેલી અનુભવી રહ્યા હતા.

નેચરલ અને એપ્લાઈડ સાયન્સ, કન્સ્ટ્રક્શન, હેલ્થકેર, કુદરતી સ્ત્રોત, શિક્ષણ, રમતગમત, લશ્કરી ક્ષેત્ર સહિતના ક્ષેત્રમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને નવી જોગવાઈ લાગુ કરવામાં આવશે. કયા કયા સેક્ટરના વિદ્યાર્થીઓને માટે આ જોગવાઈ લાગુ કરવામાં આવશે તેની યાદી ૨૧મી જાન્યુઆરીએ બહાર પાડવામાં આવશે. ઓપન વર્ક પરમિટ પરિવારના સભ્યે કે પછી કોમન લો પાર્ટનર પૂરતી જ સીમિત થઈ જતી હતી.

# ચીનના હેકર્સનું પરાક્રમઃ અમેરિકી નાણામંત્રીનું કોમ્પ્યુટર હેક કર્યુંઃ ૫૦ ફાઈલોની ચોરી કરી

**હેકર્સે સોફ્ટવેરમાં ખામીનો ગેરલાભ ઉઠાવ્યો**

શાંઘાઈ(ચીન) તા.૧૭

ચીનના હેકર્સે અમેરિકાના નાણામંત્રી જેનેટ યેલેનના કોમ્પ્યુટર હેક કરી ડેટા ચોરી કરી ખળભળાટ મચાવી દીધો છે. રિપોર્ટ અનુસાર, ચીની હેકર્સે અમેરિકન સેનેટ સભ્ય અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના કોમ્પ્યુટરમાંથી ૫૦થી વધુ ફાઇલો ચોરી લીધી છે.

અહેવાલ મુજબ ડિસેમ્બરમાં ચીનના હેકર્સે ટ્રેઝરી વિભાગના ડેપ્યુટી સેક્રેટરી વાલે એડેયેમો અને કાર્યકારી અંડર સેક્રેટરી બ્રેડ સ્મિથના કોમ્પ્યુટર્સ સાથે ચેડાં કર્યા હતા. રિપોર્ટમાં દાવો કરાયો છે કે ચીની હેકર્સે નાણામંત્રી અને ટ્રેઝરી સેક્રેટરી જેનેટ યેલેનના કોમ્પ્યુટરમાંથી લગભગ ૫૦ ફાઇલો એક્સેસ કરી છે અને ટ્રેઝરી વિભાગના કામ, ગુપ્ત અને આંતરરાષ્ટ્રીય બાબતો સંબંધિત માહિતી ચોરી લીધી છે.

આ સિવાય એક રિપોર્ટમાં એવો દાવો કરાયો છે કે હેકર્સે ટ્રેઝરી વિભાગના ૪૦૦થી વધુ પર્સનલ કોમ્પ્યુટર્સ અને પર્સનલ ડિવાઇસમાં સંગ્રહી રાખેલી ૩,૦૦૦થી વધુ ફાઇલો એક્સેસ કરી હતી. આ ઉપરાંત હેકર્સે અમેરિકામાં વિદેશી રોકાણ સમિતિ સંબંધિત માહિતી પણ મેળવી છે. આ સમિતિ વિદેશી રોકાણના સુરક્ષા પરિણામોની સમીક્ષા કરે છે. રિપોર્ટ અનુસાર, હેકર્સે થર્ડ-પાર્ટી સાયબર સિક્યુરિટી સર્વિસ પ્રોવાઇડર બિયોન્ડ ટ્રસ્ટ કોર્પોરેશનના સોફ્ટવેરમાં ખામીનો ફાયદો ઉઠાવ્યો હતો. સાયબર સુરક્ષા સેવા પ્રોવાઈડરે ગયા મહિને ૮ ડિસેમ્બરે આ માહિતી આપી હતી. ટ્રેઝરી વિભાગે સાયબર સિક્યુરિટી એજન્સી, એફબીઆઈ અને અન્ય ગુપ્તચર એજન્સીઓને આ અંગે જાણ કરી. ટ્રેઝરી સ્ટાફે આ અઠવાડિયે કોંગ્રેસના સહાયકો અને કાયદા નિર્માતાઓને ઘટના વિશે માહિતી આપી હતી.

# મહાકુંભમાં છ દિવસમાં સાત કરોડ ભક્તોએ સ્નાન કરવાનો રેકોર્ડ

## ત્રણ દિવસમાં લગભગ ૧૦ લાખ ભક્તોએ અયોધ્યા, ૭.૪૧ લાખ ભક્તોએ કાશી વિશ્વનાથ મંદિર, ૫ લાખ લોકોએ વિંધ્યવાસિની ધામની મુલાકાત લીધી



પ્રયાગરાજ, તા.૧૭

જીવનદાતા ગંગા, શ્યામ યમુના અને અદ્રશ્ય સરસ્વતીના પવિત્ર સંગમમાં શ્રદ્ધામાં ઓતપ્રોત સંતો, ભક્તો, કલ્પવાસીઓ, સ્નાન કરનારાઓ અને ગૃહસ્થોનું સ્નાન માટે નવા રેકોર્ડ સર્જી રહ્યું છે. ૧૧ થી ૧૬ જાન્યુઆરી વચ્ચેના માત્ર છ દિવસમાં સાત કરોડથી વધુ લોકોએ સંગમ અને અન્ય ઘાટો પર આસ્થા ની ડૂબકી લગાવી હતી. આ વખતે ૪૫ કરોડથી વધુ લોકો મહાકુંભમાં પવિત્ર સ્નાન કરશે.

૧૧ જાન્યુઆરીએ લગભગ ૪૫ લાખ લોકોએ સ્નાન કર્યું અને ૧૨ જાન્યુઆરીએ ૬૫ લાખ લોકોએ સ્નાન કરવાનો રેકોર્ડ બનાવ્યો. આ રીતે મહાકુંભના માત્ર બે દિવસ પહેલા જ રેકોર્ડ સંખ્યામાં એક કરોડથી વધુ લોકોએ સ્નાન કર્યું હતું. મહાકુંભના પ્રથમ દિવસે, પોષ પૂર્ણિમા સ્નાન ઉત્સવ પર, ૧.૭૦ કરોડ લોકોએ સ્નાન કરીને રેકોર્ડ બનાવ્યો. બીજા દિવસે, મકરસંક્રાંતિના અમૃત સ્નાનના અવસરે, ૩.૫૦ કરોડ લોકોએ સંગમમાં સ્નાન કર્યું. આ રીતે, મહાકુંભના પ્રથમ બે દિવસમાં ૫.૨૦ કરોડથી વધુ લોકોએ આસ્થાપૂર્વક સ્નાન કર્યું હતું.

આ ઉપરાંત ૧૫ જાન્યુઆરીએ મહાકુંભના ત્રીજા દિવસે ૪૦ લાખ લોકોએ સ્નાન કર્યું હતું. ગુરુવારે પણ ૩૦ લાખથી વધુ લોકોએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું અને પુણ્ય પ્રાપ્ત કર્યું. સ્નાન કર્યા બાદ પ્રયાગરાજથી ભક્તો શ્રીંગવરપુર, ચિત્રકૂટ, વારાણસી, મા વિંધ્યવાસિની ધામ, નૈમિષારણ્ય, અયોધ્યા પણ પહોંચી રહ્યા છે. આ વિસ્તારો સુધી પહોંચવાથી સ્થાનિક રોજગારમાં પણ મોટો વધારો થઈ રહ્યો છે. ૧૩, ૧૪ અને ૧૫ જાન્યુઆરીએ તેઓ દર્શન અને પૂજા માટે શ્રિંગવરપુર, ચિત્રકૂટ, વારાણસી, મા વિંધ્યવાસિની ધામ, નૈમિષારણ્ય અને અયોધ્યા પહોંચ્યા. ત્રણ દિવસમાં લગભગ ૧૦ લાખ ભક્તોએ અયોધ્યાની મુલાકાત લીધી, ૭.૪૧ લાખ ભક્તોએ કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લીધી, ૫ લાખ લોકો એ વિંધ્યવાસિની ધામની મુલાકાત લીધી અને એક લાખથી વધુ નૈમિષારણ્ય ધામ, સીતાપુરની મુલાકાત લીધી.

આ મહાકુંભ સમગ્ર વિશ્વને એકતા, સૌહાર્દ અને માનવતાનો મોટો સંદેશ આપી રહ્યો છે. ન તો જાતિ નથી, સંપ્રદાય નથી કે અસ્પૃશ્યતા નથી. આ ઉપરાંત, અન્નક્ષેત્રમાં ચાલતા ભંડારામા અમીર હોય કે ગરીબ દરેકને એક જ કતારમાં ઊભા રહી ને અન્નનો પ્રસાદ મળે છે. જાતિ અને ધર્મનો કોઈ ભેદ નથી.

આસ્થાની સાથે સાથે મહાકુંભ રાજ્ય અને દેશની અર્થવ્યવસ્થાને પણ મજબૂત કરી રહ્યો છે. ધાર્મિક પ્રવાસનને પણ પ્રોત

સાહન આપવામાં આવ્યું છે. મહાકુંભ માટે આવતા અન્ય રાજ્યો અને વિદેશના ભક્તો અને પ્રવાસીઓ પણ અયોધ્યા, વારાણસી, નૈમિષારણ્ય, ચિત્રકૂટ, વિંધ્યાચલ અને મથુરા જઈ રહ્યા છે. રેલવે અને ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનની સાથે ટુર એન્ડ ટ્રાવેલ્સ, હોટેલ અને રેસ્ટોરન્ટ સેક્ટરને તેનો ફાયદો મળી રહ્યો છે. ત્રણ દિવસમાં ૭.૪૧ લાખથી વધુ ભક્તોએ કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત લીધી હતી. ૧૩ જાન્યુઆરીએ ૨.૧૯ લાખથી વધુ લોકો, ૧૪ જાન્યુઆરીએ ૨.૩૧ લાખ અને ૧૫ જાન્યુઆરીએ ૨.૯૦ લાખથી વધુ લોકો દર્શન માટે આવ્યા હતા. પાંચ લાખ ભક્તોએ વિંધ્યવાસિની ધામની મુલાકાત લીધી હતી અને એક લાખથી વધુ ભક્તોએ નૈમિષારણ્ય ધામની મુલાકાત લીધી હતી. પ્રયાગરાજથી અયોધ્યા પહોંચતા ભક્તોનો અવિરત પ્રવાહ રામનગરી પહોંચી રહ્યો છે. જય શ્રી રામના નારા સાથે અયોધ્યા પહોંચેલા ભક્તોની આસ્થાથી સમગ્ર શહેર ભરાઈ ગયું છે. સીએમ યોગી આદિત્યનાથની સૂચના પર જિલ્લા વહીવટીતંત્ર મુલાકાતીઓ માટે તમામ વ્યવસ્થા ઉપલબ્ધ કરી રહ્યું છે. ત્રણ દિવસમાં ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચ્યા છે.

## આ મહાકુંભ માત્ર આસ્થાનો તહેવાર નથી, પણ એક રંગીન મેળો પણ છે જ્યાં બાબાઓનો પોતાનો અનોખો પ્રભાવ હોય છે

# મહાકુંભ

## આ બાબાઓની ચર્ચા દરેક જગ્યાએ થાય છે



**પ્રયાગરાજ : પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભમાં અમૃતસ્નાનની શરૂઆત થઈ ત્યારથી માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં તેની ચર્ચા થઈ રહી છે. સમાજનાં દરેક ખૂણેથી ભક્તો આ ભવ્ય કાર્યક્રમમાં ભાગ લેવા આવી રહ્યાં છે. જો કે, તે માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી પરંતુ તે મેળાવડામાં હાજરી આપતી વિવિધ અને રસપ્રદ વ્યક્તિત્વોનું જીવંત પ્રદર્શન પણ છે. આમાંનાં કેટલાક બાબાઓ તેમની આઉટ ઓફ ધ બોક્સ પસંદગીઓ અને અનોખી મુસાફરી માટે અલગ છે. કેટલાક ઋષિઓ હાર્લી ડેવિડસન પર સવારી કરે છે અને કેટલાક આઈઆઈટી ગ્રેજ્યુએટ છે. આ અહેવાલમાં આજે આપણે આવાં જ કેટલાક પ્રખ્યાત બાબાઓ વિશે વાત કરીશું.**

### અનુયાયીઓને બે વૃક્ષો વાવવાનો સંદેશ આપતા પર્યાવરણ બાબા



પર્યાવરણ બાબા અથવા આચાર્ય મહામંડલેશ્વર અરૂણા ગિરી, એવાં બાબાઓમાંના એક છે જેમનાં મહાકુંભ મેળામાં આગમનથી લોકોનું ધ્યાન ખેંચાયું છે. ઓગસ્ટ ૨૦૧૬ માં, બાબાએ વૈષ્ણોદેવીથી કન્યાકુમારી સુધી ૨૭ લાખ રોપાઓનું વિતરણ કર્યું અને ત્યારથી, તેઓ તેમનાં અનુયાયીઓને બે વૃક્ષો વાવવા માટે પ્રોત્સાહિત કરી રહ્યાં છે કે એક વૃક્ષ અંતિમ સંસ્કાર માટે લગાવો અને એક પીપળનું વૃક્ષ ઓક્સિજન માટે લગાવો. તેમણે અત્યાર સુધીમાં ૮૨ અનુષ્ઠાન કર્યા છે. તે કહે છે કે લગભગ ૩૦ દેશોનાં મારાં ભક્તોએ આપણાં દેશમાં ૧ કરોડથી વધુ વૃક્ષો વાવવાનો સંકલ્પ કર્યો છે. ૨૦૧૬ માં, વૈષ્ણોદેવીથી કન્યાકુમારી સુધીની અમારી યાત્રા દરમિયાન, અમે ૨૭ રાજ્યોમાં વૃક્ષારોપણ કર્યા હતાં. ત્યારથી ભક્તો મને પર્યાવરણ બાબા કહેવા લાગ્યાં છે.


### અમેરિકન બાબાએ મહાકુંભમાં સનાતન ધર્મનો પ્રચાર કર્યો



મોક્ષપુરી બાબા તરીકે જાણીતાં આ અમેરિકન બાબાનો જન્મ અને ઉછેર અમેરિકામાં થયો હતો. તે સામાન્ય જીવન જીવતાં હતાં, પરંતુ એક દિવસ તેને આધ્યાત્મિક માર્ગ તરફ ઊંડો ઝોક લાગ્યો. આ શોધે તેમને ભારત તરફ આકર્ષ્યા. અહીં આવીને તેમણે સનાતન ધર્મનો અભ્યાસ કર્યો અને સાધુનું જીવન અપનાવ્યું. હવે, તે મહાકુંભ ૨૦૨૫માં પોતાનું જ્ઞાન અને અનુભવ શેર કરી રહ્યો છે. સનાતન ધર્મના શાશ્વત સંદેશનો ફેલાવો કરી રહ્યાં છે. વેદ, ઉપનિષદ અને ભગવદ ગીતાનાં તેમનાં ઊંડા જ્ઞાને તેમને ઘણાં લોકો માટે પ્રિય બનાવ્યાં છે, જેઓ તેમનાં પ્રવચનો સાંભળવા અને તેમની પાસેથી માર્ગદર્શન મેળવવા આતુર છે.

### અમેરિકન સૈનિકથી મોક્ષપુરી બાબા

એક સમયે અમેરિકન આર્મીના સૈનિક માઈકલને હવે બાબા મોક્ષપુરી કહેવામાં આવે છે. બાબા પહેલીવાર ૨૦૦૦માં પત્ની અને પુત્ર સાથે ભારત આવ્યાં હતાં. તેમનાં પુત્રનાં અકાળ મૃત્યુ પછી તેમનાં જીવનમાં વળાંક આવ્યો. જ્યારે તેને સમજાયું કે જીવનમાં કશું જ કાયમી નથી. આ અનુભવે તેને જીવનનો સાચો સાર અને દરેક વસ્તુની ક્ષણભંગુરતા સમજાવી. ધ્યાન તેમનો સહારો બની ગયો, જેનાથી તે જે ચિંતા સાથે સંઘર્ષ કરી રહ્યાં હતાં તેને દૂર કરવામાં મદદ કરી હતી.




### ૨૦ કિલોની ચાવીઓ સાથે ચાલે છે ચાવીવાળા બાબા

પ્રયાગરાજના સંગમની રેતીમાં પહોંચેલાં હરિશ્ચંદ્ર વિશ્વકર્મા કબીરા નામનાં બાબા ચર્ચાનું કેન્દ્ર બન્યાં છે. લોકો તેમને ચાવી વાલે બાબાના નામથી ઓળખે છે અને બોલાવે છે. વાસ્તવમાં બાબા પોતાની સાથે ૨૦ કિલોની ચાવી રાખે છે. તેણે તેને રામ નામની ચાવી કહી છે. યુપીનાં રાયબરેલીના રહેવાસી બાબાએ ૧૬ વર્ષની ઉંમરે પોતાનું ઘર છોડી દીધું હતું. તેમણે કહ્યું કે 'મારા માતા-પિતા સંત હતાં. તેમણે મારું નામ હરિશ્ચંદ્ર રાખ્યું, એ નામ પ્રમાણે જીવવા માટે મેં મારી યાત્રા શરૂ કરી. બાબાએ કહ્યું કે સમાજમાં ફેલાયેલી ખરાબીઓ અને નફરત સામે લડવા માટે તેણે પોતાનું ઘર છોડ્યું છે. તે કહે છે, 'મેં ઘણી પદયાત્રા કરી છે. અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ હું સત્યના માર્ગ પર ચાલી રહ્યો છું.



### એરોસ્પેસ એન્જિનિયરિંગની પૃષ્ઠભૂમિમાંથી આઈઆઈટીયન બાબા

અભય સિંહ ઉર્ફે આઇઆઇટીયન બાબાએ મહાકુંભના પહેલાં જ દિવસે ભક્તો અને સોશિયલ મીડિયાનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. સિંહે, એરોસ્પેસ એન્જિનિયરિંગની પૃષ્ઠભૂમિ સાથે આઇઆઇટી બોમ્બેના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે જેઓએ, આધ્યાત્મિક માર્ગને અનુસરવા માટે તેમની આશાસ્પદ વૈજ્ઞાનિક કારકિર્દી છોડી દીધી હતી. તે લોકોને કહે છે કે તમે જીવનનો અર્થ શોધો. જ્યારે હું એન્જિનિયરિંગનો અભ્યાસ કરતો હતો ત્યારે પણ જીવનનો અર્થ સમજવા માટે મેં પોસ્ટ મોડર્નિઝમ, સોક્રેટીસ, પ્લેટો વગેરે જેવાં ફિલોસોફીના અભ્યાસક્રમોનો અભ્યાસ કર્યો હતો. હવે મને સમજાયું કે આ વાસ્તવિક જ્ઞાન છે. જો તમારે મન અથવા માનસિક સ્વાસ્થ્યને સમજવું હોય, તો તમે તે આધ્યાત્મિકતા દ્વારા કરી શકો છો.



### ૪૧ વર્ષથી મૌનવ્રત પર છે ચા વાળા બાબા

સંગમ શહેર પ્રયાગરાજમાં મહાકુંભમાં આવેલાં ચાઈવાલા બાબા ઘણી ચર્ચાનું કારણ બની ગયાં છે. તેમનાં વિશે સૌથી રસપ્રદ વાત એ છે કે બાબા છેલ્લાં ૪૧ વર્ષથી ભોજન અને પાણીનું સેવન નથી કરી રહ્યાં અને માત્ર ચાના આધારે પોતાનું જીવન જીવી રહ્યાં છે. જ્યારથી બાબાએ જીવનની શરૂઆત માત્ર ચા પર કરી છે ત્યારથી તેમણે મૌન જાળવી રાખ્યું છે. તમામ વિશેષતાઓ સાથે આ બાબા ઉત્તર પ્રદેશનાં ચિત્રકૂટ ધામથી આવ્યાં છે. તેનું નામ દિનેશ સ્વરૂપ બ્રહ્મચારી છે. ૪૧ વર્ષ સુધી મૌન વ્રત રાખવા અને ચાની મદદથી પોતાનાં જીવનને આગળ વધારવા પાછળનું કારણ બાબાનો હઠયોગ છે. આ હઠયોગ દ્વારા તેઓ એક અનોખી સાધના કરી રહ્યાં છે. ખાસ વાત એ છે કે બાબા છેલ્લાં ચાર દાયકાથી મૌન વ્રત રાખતા હોવા છતાં તેઓ લોકોનાં દરેક સવાલના જવાબ આપે છે. બાબાની જવાબ આપવાની રીત અનોખી છે. મૌની બાબા દરેક વાતનો જવાબ લેખિતમાં આપે છે. તે તેનાં ડાબા હાથથી લખે છે.

#### તેઓ વિદ્યાર્થીઓને અધિકારીઓ બનાવે છે

તેઓએ ૪૧ વર્ષથી ક્યારેય મોં ખોલ્યું નથી. બાબાની ઓળખ માત્ર આટલી જ નથી, પરંતુ તે એક શિક્ષકની જેમ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં ઉમેદવારોને શીખવે છે. નોંધો તૈયાર કરી અને તેમને આપે છે. તે વિદ્યાર્થીઓની શંકાઓનું નિરાકરણ તેનાં મોબાઈલ ફોન પર ટાઈપ કરીને મોકલે છે. એવો દાવો કરવામાં આવે છે કે દિનેશ સ્વરૂપ બ્રહ્મચારી પાસેથી શિક્ષણ મેળવનાર તમામ ઉમેદવારોએ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવી છે અને અધિકારી બન્યાં છે. લગભગ એક ડઝન જેટલાં સ્પર્ધક વિદ્યાર્થીઓ અહીં મહાકુંભમાં સતત રહીને તેમની પાસેથી સફળતાના મંત્રો લઈ રહ્યાં છે.

#### તેઓ અંગ્રેજી અને ગણિત જેવાં વિષયોમાં નિષ્ણાંત છે

સન્યાસ લેતાં પહેલાં, દિનેશ સ્વરૂપ બ્રહ્મચારી શિક્ષક હતાં. તે અંગ્રેજી અને ગણિત જેવાં વિષયોમાં નિષ્ણાત છે અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં અન્ય વિદ્યાર્થીઓને અન્ય વિષયોની તૈયારી કરવામાં પણ મદદ કરે છે. તે પોતાનાં હાથે લખીને નોંધો તૈયાર કરે છે. તેમની ફાઇલો વિદ્યાર્થીઓને મોબાઇલ પર મોકલવામાં આવે છે અથવા ફોટોકોપી દ્વારા પ્રદાન કરવામાં આવે છે. તે કહે છે કે તે દરરોજ જ્ઞાનની ગંગામાં ડૂબકી મારે છે. તેમનો દરેક દિવસ શાહી સ્નાન જેવો છે.





### ૧૯૭૨થી એમ્બેસેડર કારમાં સવારી કરી રહ્યા એમ્બેસેડર બાબા

અનોખા બાબાની શ્રેણીમાં આગામી બાબા એમ્બેસેડર બાબા છે, જેઓ તેમની ભગવા રંગની એમ્બેસેડર કારમાં આવ્યાં બાદ મેળામાં ચર્ચાનો વિષય બન્યાં છે. ૫૦ વર્ષીય સંત, મૂળ ઈન્દોર, મધ્યપ્રદેશના છે, તે ચાર કુંભ મેળામાં હાજરી આપી ચૂક્યાં છે અને છેલ્લાં ૩૦ થી ૩૫ વર્ષથી તેમની પ્રતિષ્ઠિત ૧૯૭૨ ની એમ્બેસેડર કારમાં મુસાફરી કરી રહ્યાં છે. આ કાર તેમની આધ્યાત્મિક યાત્રા દરમિયાન તેમની વિશ્વાસુ સાથી રહી છે.

### આ બાબા ભક્તોને રબડી પીરસીને ચર્ચામાં છે

મહાકુંભમાં દરરોજ સવારે, શ્રી પંચાયતી અખાડા મહાનિર્વાણીના મહંત દેવગીરી તેમનાં દિવસની શરૂઆત દૂધની મલાઈવાળી મીઠી રબડી તૈયાર કરીને કરે છે, તેઓ આ રબડી ભક્તોને સવારે ૮ વાગ્યથી મોડી રાત સુધી પીરશે છે. તેમની આ અનોખી સેવાએ ઘણાં લોકોનાં દિલ જીતી લીધાં છે. તે કહે છે કે દરરોજ સવારે રબડી બનાવવા માટે તપેલી ગોઠવતાં પહેલાં, તે સ્નાન, ધ્યાન અને પ્રાર્થના સહિતની પોતાની દિનચર્યા પૂર્ણ કરે છે. તેમનું કહેવું છે કે પૂજા પ્રસિદ્ધિ માટે નથી, પરંતુ આત્માને પરમાત્મા સાથે અને પરમાત્માને પરમ સિંહાસન સાથે જોડવાની વાત છે.





## મહાકુંભમાં અમૃત સ્નાન સાથે જ હવે ધાર્મિક અનુષ્ઠાનો શરૂ થયા

પ્રયાગરાજ : મકરસંક્રાંતિના પ્રથમ અમૃતસ્નાન પછી ગુરુવારથી અખાડાઓમાં સંન્યાસી, વૈરાગી અને બ્રહ્મચારી બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ વિધિ એવી છે કે તે કુંભ દરમિયાન અને શાહી સ્નાન સાથે થાય છે. આ માટે સંતોએ લાંબો સમય રાહ જોવી પડશે. તમામ તેર અખાડાઓમાં આ માટેની તૈયારીઓ અગાઉથી શરૂ થઈ જાય છે. મૌની અમાવસ્યા સ્નાનની સાથે જ શૈવ અખાડાઓમાં ૮ હજારથી વધુ નાગા સંન્યાસીઓની પણ ભરતી કરવામાં આવશે. મકરસંક્રાંતિના અમૃતસ્નાન બાદ સેક્ટર ૧૮ સ્થિત નારાયણ સેવા આશ્રમ ટ્રસ્ટનાં કેમ્પમાં દેશનાં શહીદો માટે યજ્ઞનો પ્રારંભ થયો છે. મેળા વિસ્તારનાં સેક્ટર ૯ અને ૧૦ માં કલ્પવાસીઓની દુનિયા સ્થાયી થઈ ગઈ છે. તેમનાં શિબિરોમાં અમૃતના પ્રથમ સ્નાન સાથે જપ, તપસ્યા અને અનુષ્ઠાનનો પ્રારંભ થયો છે. બ્રહ્મ મુહૂર્તમાં જાગવાથી લઈને રાત્રે સૂવા સુધીની તેમની દિનચર્યા નિયમિત અને નિયંત્રિત થઈ છે. આખો મહિનો ચાલનારી આ ધાર્મિક વિધિઓ કલ્પના રહેવાસીઓમાં નવી ઉર્જાનો સંચાર કરશે.



દેશભરમાંથી ગૃહસ્થો દીક્ષા લેવા માટે મેળા વિસ્તારમાં પહોંચી રહ્યાં છે. મકરસંક્રાંતિ પછી ધાર્મિક ગુરુઓની શિબિરોમાં દીક્ષા સંસ્કાર માટે કતારો લાગે છે. કુંભની દીક્ષા ખૂબ જ શુભ માનવામાં આવે છે. સંગમ સ્નાનની સાથે-સાથે ગૃહસ્થો અહીં દીક્ષા લેવા આતુર છે. મલૂક પીઠાધીશ્વર રાજેન્દ્ર દાસજી મહારાજ પાસેથી દીક્ષા લેવા માટે સેક્ટર ૨૦ સ્થિત પહાડી બાબા ખાલસા નગર ખાતે સો થી વધુ ગૃહસ્થો પહોંચ્યાં છે. આ જ ક્ષેત્રમાં, ઘણાં શહેરોનાં ગૃહસ્થો પણ દીક્ષા લેવા માટે ડો.રામકમલ દાસ વેદાંતી મહારાજની શિબિરમાં પહોંચ્યાં છે વચ્ચે વચ્ચે જૂથો બનાવીને દીક્ષા સંસ્કારનું આયોજન કરવામાં આવી રહ્યું છે. હરિયાણા અને પંજાબનાં ગૃહસ્થોનું એક જૂથ પણ દીક્ષા માટે દાંડી સન્યાસી નગર પહોંચ્યું છે.

#### ગંગા અને યમુના આરતીનો પ્રારંભ :-

પ્રથમ અમૃતસ્નાનની સાથે સાથે મહાકુંભ મેળા વિસ્તારમાં આરતીઓનો ક્રમ પણ શરૂ થયો છે. પરમાર્થ નિકેતનના અરૈલ સ્થિત શિબિરની બહાર સાંજે ગંગા આરતી માટે લોકોની ભીડ ઉમટી રહી છે. આ આરતીમાં ભાગ લેવા માટે અનેક પ્રતિષ્ઠિત લોકો પણ આવી રહ્યાં છે. દાંડી સન્યાસી નગરમાં પણ દરરોજ સાંજે ઘંટના નાદ સાથે આરતી થાય છે.

### આ શૈવ અખાડામાં ન તો નાગા સન્યાસીઓ છે કે ન તો ધૂની

સનાતન સંસ્કૃતિ અને પરંપરાનો ધ્વજ ઉઠાવનાર અખાડાઓની પણ એક વિચિત્ર દુનિયા છે. અખાડા મોટાભાગે નાગા સન્યાસીઓ અને ધૂનીઓ દ્વારા ઓળખાય છે, જ્યારે આ ફક્ત શૈવ અખાડાઓમાં જ થાય છે. જો કે, ત્યાં એક શૈવ અખાડો છે જેમાં ન તો નાગા સન્યાસી છે કે ન તો ધૂની છે. તેનાથી વિપરિત, આ અખાડામાં હવનની પરંપરા છે અને તેમાં ફક્ત બિનસાંપ્રદાયિક બ્રહ્મચારીઓ જ જોવા મળે છે. પ્રાચીન કાળથી આ અખાડામાં બ્રાહ્મણ બ્રહ્મચારીઓની ભરતી કરવાની પરંપરા છે. જો કે હવે અન્ય જ્ઞાતિનાં બ્રહ્મચારીઓને પણ તેમાં સામેલ કરવામાં આવી રહ્યાં છે.

સનાતન ધર્મનો સૌથી મોટો અખાડો જુના સાથે સંકળાયેલ શ્રી શંભુ પંચ અગ્નિ અખાડા ગાયત્રીની પૂજા કરે છે. જો કે આ પણ શૈવ અખાડા છે, તેમ છતાં અગ્નિ અખાડામાં નાગા સન્યાસીઓની ભરતી કરવામાં આવતી નથી. અગ્નિમાં માત્ર બ્રાહ્મણ બ્રહ્મચારીઓને પ્રાથમિકતાના ધોરણે સામેલ કરવામાં આવે છે. જો કે, હવે અન્ય જાતિનાં બ્રહ્મચારીઓને પણ તેમનાં આચરણ અને અન્ય પાસાઓને ધ્યાનમાં રાખીને સામેલ કરવામાં આવી રહ્યાં છે.

આ અખાડાની એક ખાસ વાત એ છે કે આ અખાડામાં ધૂની જોવા મળતી નથી. જે શૈવ અખાડાઓની મોટી ઓળખ છે. અખાડાના મહંત પૂર્ણાનંદ બ્રહ્મચારી કહે છે કે અગ્નિમાં કોઈ સાધુ નથી પણ બ્રહ્મચારી છે.

## મહાકુંભની વાયરલ સાધ્વી હર્ષાના પિતાએ કહ્યું કે તેઓ ટૂંક સમયમાં હર્ષાના લગ્ન કરશે

પ્રયાગરાજ :

મહાકુંભમાં પોતાની સુંદરતા અને ગ્લેમરના કારણે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી સાધ્વી હર્ષા રિછરિયાના માતા-પિતાનું કહેવું છે કે તેમની પુત્રીએ ગુરુ પાસેથી દીક્ષા લીધી છે અને સન્યાસ લીધો નથી. અમે તેનાં જલ્દી લગ્ન કરીશું. આ પહેલાં પણ હર્ષા રિછરીયાએ પણ સ્પષ્ટતા આપતાં કહ્યું હતું કે તેણે સન્યાસ લીધો નથી. તેમણે માત્ર મંત્ર દીક્ષા લીધી છે.

### બાળપણથી જ આધ્યાત્મિકતા તરફ ઝુકાવ હતો

સાધ્વી હર્ષા રિછારિયાના માતા-પિતાએ જણાવ્યું કે, હર્ષા બાળપણથી જ આધ્યાત્મિકતા તરફ ઝુકાવ ધરાવતી હતી. તે પુજા કર્યા વિના શાળાએ પણ જતી ન હતી. પૂજા કર્યા પછી જ તે નાસ્તો કરતી હતી. તે ૧૦-૧૧ વર્ષની ઉંમરથી આવું કરી રહી છે. સન્યાસ લેવાનાં પ્રશ્ન પર તેમણે કહ્યું કે તેણે ગુરુ પાસેથી દીક્ષા લીધી છે અને સન્યાસ લીધો નથી. બીજું, અધ્યાત્મ તરફ જવું એ દરેક વ્યક્તિનું કર્તવ્ય હોવું જોઈએ અને તેણે ત્યાં જવું પણ જોઈએ.



### કુંભમાં સ્નાન કર્યા પછી આધ્યાત્મિકતા તરફ ઝુકાવ વધ્યો

હર્ષાના માતા-પિતાએ વધુમાં જણાવ્યું કે ૨૦૦૪ માં અમે કુંભમાં સ્નાન કરવા ઉજ્જૈન ગયાં હતાં. આ સમય દરમિયાન ભોલેનાથની તેનાં પર કૃપા થઈ અને તે વધુ આધ્યાત્મિક બની ગઈ. તેઓ ઉજ્જૈન રોકાઈ ગયાં અને તેણે પોતાનો અભ્યાસ પણ અહીંથી જ કર્યો હતો. તેણે બીબીએ કર્યું છે. આ પછી, ૧૮-૧૯ વર્ષની ઉંમરે, તે એન્કરિંગના ક્ષેત્રમાં ગઈ હતી.

### લગ્નનાં પ્રશ્ન પર આ જવાબ આપ્યો

હર્ષાના માતા-પિતાએ કહ્યું કે તેનાં લગ્ન ૨૦૨૫માં નક્કી થઈ જશે. જો કોઈ કારણોસર તે ૨૦૨૫ માં ન થઈ શકે તો તે ૨૦૨૬ માં ચોક્કસપણે કરવામાં આવશે. તેમણે કહ્યું કે જ્યારે લોકો તેને ટ્રોલ કરે છે ત્યારે તેને ઘણું દુ:ખ થાય છે. તેણે સિરિયલોમાં કામ કર્યું છે અને એન્કરિંગ પણ કર્યું છે. એન્કરિંગમાં તમારે એ પ્રમાણે કપડાં પહેરવાનાં હોય છે.

## સૌર ઉર્જા માટે અવકાશમાં 'બેંક' બનાવવામાં આવશે

બેઈજિંગ :

સૌર ઉર્જા એકત્રિત કરવા માટે, સૌર પેનલ સામાન્ય રીતે છત પર અથવા વિશાળ ક્ષેત્રોમાં સ્થાપિત કરવામાં આવે છે, પરંતુ ચીને અવકાશમાં એક વિશાળ સોલાર પાવર સ્ટેશન બનાવવાની યોજના બનાવી છે. અહીં ભેગી થયેલી સૌર ઉર્જા પૃથ્વી પર મોકલવામાં આવશે.


#### રોકેટ મદદ કરશે

અંતરિક્ષમાં સૌર ઉર્જા એકત્રિત કરવા માટે સ્ટેશન બનાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે, જે પૃથ્વી પરથી વજન લઈ જવામાં મદદ કરશે.

#### ઉર્જાનો સંગ્રહ થશે

એક કિલોમીટરનાં વિસ્તારમાં બનેલાં આ સ્ટેશનમાં એક વર્ષમાં એટલી ઉર્જા સંગ્રહિત કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે જેટલું એક વર્ષ દરમિયાન પૃથ્વી પરથી તેલ કાઢવામાં આવે છે. તેને એટલી ઊંચાઈ પર બનાવવામાં આવશે જ્યાંથી સ્ટેશનમાં સૌર ઉર્જાનો સતત સંગ્રહ થતો રહેશે.






ગઇકાલે જ સ્ટારશીપ તુટી પડયું તો એલન મસ્કે પોતાના આ સાહસ ઉપર હળવાશથી કહ્યું કે, સ્પેસ સાહસમાં અનિશ્ચિતતા પણ છે

# સ્પેસ હગ... ટેસ્ટ પ્લેયરની એકાગ્રતા ટી-૨૦ની આક્રમકતા

**ગઇકાલે ઇન્ડિયન સ્પેસ રીચર્સ ઓર્ગેનાઇઝેશન એ અવકાશમાં બે ઉપગ્રહોનું સફળતાપૂર્વક ડોકીંગ કર્યુ તે ભવિષ્યમાં સ્પેસ ટેકનોલોજીમાં ભારતની આગેકૂચમાં મહત્વનું કદમ છે, યુરોપીયન સ્પેસ એજન્સી પણ જે હજુ સફળતા મેળવી શકી નથી તે ઇસરોએ મેળવી છે, બે ગતિવાન ઉપગ્રહોને એક જ ભ્રમણ કક્ષામાં લાવીને બંનેને એક બીજા સાથે જોડવાની કામગીરી અત્યંત જટીલ છે એટલું જ નહીં અનડોકીંગ પણ તેટલી જ કુશળતા માંગે છે અને ઇસરોના વૈજ્ઞાનિકોએ તે સાબિત કર્યુ છે કે તેઓ ટેસ્ટ પ્લેયરની જેમ પીચ પર ટકી શકે છે, રન પણ બનાવી શકે છે અને જરૂર પડે ટી-૨૦ની માફક ટાર્ગેટ પણ ચેઝ કરે છે**

**આ સ્પેસ ડોકીંગ અને અનડોકીંગની કામગીરી ચંદ્રયાન-૪ માટે મહત્વની બનશે જયારે ભારતે ચંદ્રની ધરતી પર ઉતરનાર લેન્ડરને માટી સહિતના નમુના સાથે ભૂમિ કેન્દ્ર પર પરત લાવવાનું છે, ઉપરાંત ગગનયાન અને ભારતના જે મહત્વકાંક્ષી સ્પેસ લેબ પ્રોગ્રામ છે તેમાં પણ આ પ્રથમ કદમ છે, મહત્વનું એ છે કે સ્પેસ ટેકનોલોજીમાં ડોકીંગ અને અનડોકીંગનું મહત્વ ત્યારે સમજાય છે કે જયારે સુનિતા વિલિયમ્સ છેલ્લા ત્રણ માસથી વધુ સમયથી સ્પેસ લેબમાં ફસાયા છે અને તેને પરત લાવવા માટે યોગ્ય ડોકીંગ શટલ પણ તૈયાર કરવામાં વિલંબ થઇ રહ્યો છે**

ઇસરો... આ નામ લેતા જ દરેક ભારતીયો માટે ગર્વ થવો જોઇએ કે ૨૦૨૫ના પ્રારંભમાં તેનો સ્કોરકાર્ડ ૯૯ એન્ડ નોટઆઉટ જેવો છે. ગઇકાલે જે રીતે ઇસરોએ પ્રોમીસ કર્યુ હતું તેમ આ નવા વર્ષના પ્રારંભે તેની વધુ એક સિધ્ધી દેશ સમક્ષ મુકી છે અને આ વર્ષને વધુ સિધ્ધિ ભણી લઇ જવા માટેની ખાતરી આપી છે. ભલે કદાચ સૈફ અલી ખાન પર હુમલા કે પછી અન્ય પોલીટીકલ ન્યુઝની આડે ઇસરોની આ સિધ્ધિને હેડલાઇનનું સ્થાન ન મળ્યું કદાચ ભારત માટે એવું કદમ છે જે આપણા વૈજ્ઞાનિકોના જુસ્સા અને ક્ષમતા બંનેનું પ્રદર્શન કરી જાય છે. રસપ્રદ બાબત એ છે કે ઇસરો પાસે ટેસ્ટ પ્લેયરનું ટેમ્પ્રામેન્ટ પણ છે અને ટી-૨૦ના ખેલાડીઓ જેવી આક્રમકતા પણ છે અને તેથી જ જેને આપણે સ્પેસ હગ તરીકે ઓળખાવી શકીએ તે બે ઉપગ્રહોનું ડોકીંગ પૃથ્વીની ભ્રમણ કક્ષામાં સફળતા કરીને આગામી દિવસોમાં ભારત માટે અવકાશ વિજ્ઞાન એ કેટલુ ખુલી ગયું છે તે ભાગ્યે જ કોઇ કલ્પના કરી શકે તેમ છે. બંને ઉપગ્રહોને સ્પેશ્યલી આ ટાસ્ક માટે જ નિર્માણ કરાયા હતા અને કદાચ બહુ સરળ લાગે પરંતુ અવકાશ વિજ્ઞાનમાં યુરોપીયન એજન્સીઓ પણ જે સિધ્ધિ મેળવી શકી નથી તે સિધ્ધિ ઇસરો હાંસલ કરી છે. વાસ્તવમાં ૨૦૨૪માં જ ઇસરોએ તેના ભવિષ્યના આયોજનને પણ એક નવો વિશ્વાસ આપી દીધો છે એટલું જ નહીં પરંતુ આગામી સમયના ચંદ્રયાન મિશન કે જેને ભારત હવે એક સ્પેસ શટલ તરીકે પણ

**સ્પોટ-લાઈટ**
કે.આર.
krisht555@gmail.com

ઉપયોગ કરવા માંગે છે તેના માટે પણ આ સિધ્ધિ મહત્વની છે અને ભવિષ્યના ગગનયાન પ્રોજેકટ કે જેમાં ભારત સમાનવ અવકાશયાન પૃથ્વીના ઓરબીટમાં મોકલશે તે સમયે પણ આ ક્ષમતા તેના માટે મહત્વની બની જાય છે.

સૌથી મહત્વનું એ છે કે ભારતીય વૈજ્ઞાનિકોએ સાબિત કરી દીધુ છે કે ટેકનોલોજી કોઇની ગુલામ નથી અને તમે તેને પેટન્ટ કરી શકો તો પણ તેના અન્ય માર્ગો છે કે જે આ ટેકનોલોજીને હાંસલ કરી શકાય છે. ભવિષ્યમાં સ્પેસ સ્ટેશન સ્થાપવાની ભારતની તૈયારીના માટે પણ આ એક મહત્વનું કદમ છે એટલું જ નહીં ડીપ સ્પેસ મીશન કે જેમાં ભારતે અગાઉ જ તેના સુર્ય યાન આદિત્યને સૂર્ય ભણી રવાના કર્યુ છે તે સંદર્ભમાં પણ આ ટેકનોલોજી મહત્વની છે અને સૌથી નજીક જો કોઇ આ સિધ્ધિ કામ લાગશે તો તે ચંદ્રયાન-૪ની છે કે જેમાં ભારત પ્રથમ વખત ચંદ્ર ઉપર જ લેન્ડર એટલે કે જે અવકાશ યાનનો એક ભાગ આપણા ઉપગ્રહની ધરતી પર ઉતારવાનો છે ત્યાંથી માટી સહિતના નમુના લઇને યાનને પરત પૃથ્વી ઉપર લાવવા માટે આ ડોકીંગ ટેકનોલોજી સૌથી મહત્વની સાબિત થશે. કારણ કે ચંદ્ર ઉપર જે લેન્ડર ઉતરશે તે પુન: ચંદ્રની આસપાસ ભ્રમણ કક્ષામાં રહેલા યાન સાથે જોડાઇ જશે અને તે પરત આવશે. આમ કદાચ આપણા માટે આ સમાચાર વન-ડે વંડર હોય પણ ઇસરો માટે તો ૨૦૨૫નો પ્રારંભ એ અત્યાર સુધીની તમામ સિધ્ધિઓનો સરવાળો કરવા જેવો છે. સૌથી મહત્વનું છે કે બે-બે ચંદ્રયાન નિષ્ફળ નિવડયા તે પછી પણ ઇસરોએ ચંદ્રયાન-૩ને પૃથ્વી ઉપરથી ચંદ્ર ઉપર સફળતાપૂર્વક મોકલ્યો અને તેના લેન્ડરે પણ પરફેકટ લેન્ડીંગ કરીને આ સિધ્ધિને સફળ બનાવી. ઇસરો માટે ગૌરવ એ લઇ શકીએ કે તેની સ્થાપનામાં ગુજરાતી વૈજ્ઞાનિક ડો. વિક્રમ સારાભાઇની જે ભૂમિકા રહી છે તે આજે પણ ઇસરો માટે એક મહત્વનું યોગદાન બની રહી છે.



**ગઇકાલે જ એલન મસ્કની સ્પેસ કંપનીનું એક સ્ટારશીપ રવાના થયાની મીનીટોમાં જ બ્લાસ્ટ થઇને હવામાં સળગી ગયું, અનેક સિધ્ધિઓ મેળવનાર અમેરિકી એજન્સી નાસા અને આ પ્રકારની ખાનગી સ્પેસ એજન્સીઓને પણ દરેક સાહસમાં જોખમ અને સિધ્ધિ વચ્ચે અટવાવું પડે છે જયારે ઇસરોએ આ સ્પેસ ડોકીંગથી એક સાથે અનેક ટેકનોલોજીને હાંસલ કરી છે, આ ડોકીંગ અને અનડોકીંગમાં નેવીગેશન અને કંટ્રોલ સિસ્ટમ મહત્વની છે. સાથોસાથ ઓટોમેટીક ગાઇડેડ સિસ્ટમ અને મેન્યુઅલ કંટ્રોલ આ બંને મહત્વના બની જાય છે. ડોકીંગ પાર્ટ અને હાર્ડવેર, સોફટવેર, સેન્સર કેમેરા, સંદેશા વ્યવહાર પ્રણાલી ડોકીંગ માટે બે અંતરીક્ષ યાનોને નિયંત્રીત કરવા પ્રોપાલ્શન અને થ્રસ્ટલસએ મેઇડ ઇન ઇન્ડિયા હતા**

રસપ્રદ બાબત એ છે કે સ્પેસ ટેકનોલોજીમાં અત્યારે અમેરિકા સૌથી આગળ છે અને તેમાં પણ અમેરિકાની ખાનગી કંપનીઓ પણ તેના સ્પેસ મિશનને સફળ બનાવી રહી છે. ગઇકાલે જ એલન મસ્કની કંપની સ્પેસ એકસને તેના સ્ટારશીપ રોકેટને લોન્ચ કર્યુ અને થોડી જ મીનીટમાં તેનો સંપર્ક તુટી ગયો અને અંતરીક્ષ યાન સ્ટારશીપ હવામાં જ ધડાકા સાથે નાશ પામ્યો તે સમયે આ કંપનીના માલિક એલન મસ્કે તેનો વિડીયો અપલોડ કરીને અત્યંત હળવાશથી લખ્યું કે સ્પેસ મીશનમાં સફળતા અનિશ્ચિત છે પરંતુ મનોરંજનની ગેરેંટી છે એટલે કે જે રીતે અનેક સફળ મિશનને અંજામ આપનાર અમેરિકી કંપની પણ જયારે આ પ્રકારે તેના ઉડયનમાં નિષ્ફળ નિવડતું હોય તો ઇસરોની જે સિધ્ધિ છે તે કદાચ તેની કિંમત દર્શાવી જાય છે. અવકાશ વિજ્ઞાન એ અનિશ્ચિતતાથી ભરપુર છે અને તેના કારણે પણ નિષ્ફળતા એ પીછેહઠ જેવી સ્થિતિ બનાવે છે. હાલમાં આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એક પોડકાસ્ટમાં પોતાના ચંદ્રયાન-૨ની નિષ્ફળતા સમયે તેઓ હાજર હતા તે પ્રસંગ વર્ણવતા કહ્યું કે ચારે તરફ જયારે નિરાશા હતી અને વૈજ્ઞાનિકો પણ વડાપ્રધાનની હાજરીમાં મળેલી નિષ્ફળતાથી ગમગીન હતા તે સમયે મેં તેઓને ભેટીને કહ્યું કે આ નિષ્ફળતામાં જ તમારી સફળતા છુપાયેલી છે અને ઇસરોએ તે સાબિત કરી દીધુ.

ગઇકાલે કેન્દ્રીય કેબીનેટે ઇસરો માટે રૂા. ૪ હજાર કરોડના ખર્ચે વધુ એક લોન્ચ પેડ માટે મંજૂરી આપી તે દર્શાવે છે કે આ નવી ક્ષમતા એ ભવિષ્યમાં નેકસ્ટ જનરેશન લોન્ચ વ્હીકલ માટે મહત્વની બની રહેશે અને ભારતે જે રીતે ગગનયાન અને મિશનોને પણ હાથ ધરવાના છે એને માટે આ સુવિધા મહત્વની બની જશે. રસપ્રદ બાબત એ છે કે સ્ટાર્ટઅપ કલ્ચરમાં પણ હવે સ્પેસ ટેકનોલોજીને મહત્વ મળવા લાગ્યું છે અને સરકારે પણ આ પ્રકારના સ્ટાર્ટઅપ માટે રૂા. એક હજાર કરોડનો વેન્ચર કેપીટલ ફંડ ઉભુ કર્યુ છે. અત્યારે દેશમાં ઓછામાં ઓછા ૨૪ જેટલા સ્ટાર્ટઅપ સ્પેસ ટેકનોલોજીમાં કામ કરી રહ્યા છે અને ભવિષ્યમાં ભારતમાંથી નવા એલન મસ્ક મળે તો આશ્ચર્ય થશે નહીં. એટલું જ નહીં માઇક્રો સોફ્ટ સહિતની કંપનીઓ પણ હવે ઇસરો સાથે હાલ મિલાવી રહી છે અને તે સ્ટાર્ટઅપ કલ્ચરને મહત્વ આપશે.

જે સ્પેસ ઉપગ્રહનું ડોકીંગ થયું તે એક ક્રિટીકલ ટેકનોલોજી હતી. હાલ જે રીતે સ્પેસ લેબમાં સુનિતા વિલિયમ્સ સહિતના બે અવકાશીયાત્રીઓ ફસાઇ પડયા છે અને તેમને પરત લાવવા માટે યોગ્ય સ્પેસશીપ તૈયાર કરી રહી છે તો ભવિષ્યમાં સલામતીની દ્રષ્ટિએ પણ ઇસરો માટે આ મિશન મહત્વનું બની ગયું છે. ઇસરોએ તેના બે ઉપગ્રહ એસડીએકસ-૦૧ અને એસડીએકસ-૦૨ને અવકાશમાં ડોકીંગ કરાવ્યા. આ કામગીરી અત્યંત સફળતાપૂર્વક પાર પ પાડવામાં લગભગ ૧૭ દિવસનો સમય લાગ્યો હતો. અંતરીક્ષમાં ડોકીંગ એ બે તેજ ગતિથી જતા અંતરીક્ષ યાનને એક બીજા સાથે એક જ ભ્રમણ કક્ષા પછી તેને જોડવાની જટીલ પ્રક્રિયા છે. ભવિષ્યમાં સ્પેસ મિશનમાં કટોકટી સમયે આ ડોકીંગ મહત્વનું બની જાય છે. એટલું જ સ્પેસ સ્ટેશન જરૂરી પુરવઠો પહોંચાડવા માટે ડોકીંગ કામ લાગે છે અને તેની સાથે અનડોકીંગ એટલે કે બંને જોડાયેલા અંતરીક્ષ યાનો અલગ થઇ જાય તે સિધ્ધિ પણ મહત્વની બની જશે. આ એક અત્યંત અઘરી ટેકનોલોજી છે. ભવિષ્યમાં ડોકીંગથી ઉપગ્રહોની મરામત થઇ શકશે અને સ્પેસ રોબોટીકમાં પણ આ કામગીરી મહત્વની બનશે. અમેરિકાએ ૧૯૬૦માં આ ટેકનોલોજી હાંસલ કરી હતી. આ ડોકીંગ અને અનડોકીંગમાં નેવીગેશન અને કંટ્રોલ સિસ્ટમ મહત્વની છે. સાથોસાથ ઓટોમેટીક ગાયડેડ સિસ્ટમ અને મેન્યુઅલ કંટ્રોલ આ બંને મહત્વના બની જાય છે. ડોકીંગ પાર્ટ અને હાર્ડવેર, સોફટવેર, સેન્સર કેમેરા, સંદેશા વ્યવહાર પ્રણાલી ડોકીંગ માટે બે અંતરીક્ષ યાનોને નિયંત્રીત કરવા પ્રોપાલ્શન અને થ્રસ્ટલસ આ તમામ બાબતો ઇસરો હાસલ કરી તે સૌથી મહત્વનું બની ગયું છે અને તેના માટે ઇસરો અને આપણે સૌ ગર્વ લઇ શકીએ છીએ.

---

ન્યુઝીલેન્ડ-ઓસ્ટ્રેલિયા સામે અત્યંત કંગાળ પ્રદર્શન બાદ ભારતીય ક્રિકેટ બોર્ડ એકશનમાં

# ક્રિકેટરોના 'સ્ટાર કલ્ચર' પર અંકુશ : ક્રિકેટ બોર્ડે સકંજો કસ્યો : ખેલાડીઓ માટે ૧૦ નિયમોની માર્ગદર્શિકા, ભંગ કરનાર સામે આકરા પગલા લેવાશે

## ક્રિકેટ શ્રેણી દરમ્યાન વિજ્ઞાપનના ફોટોશુટ પર પાબંદી

નવી દિલ્હી તા.૧૭

ભારતીય ક્રિકેટ ટીમના છેલ્લી બે સીરીઝમાં અત્યંત ખરાબ-કંગાળ પ્રદર્શનથી તીવ્ર પ્રત્યાઘાતો પડયા જ છે. હવે ક્રિકેટરોને શિસ્તમાં રાખવા તથા પરફોર્મન્સ પર જ ખેલાડીઓનું ફોકસ રહે તે સુનિશ્ચિત કરવા માટે ૧૦ મુદાઓની માર્ગદર્શિકા ક્રિકેટ બોર્ડે જારી કરી છે. આ ૧૦ નિયમોનુ પાલન ફરજીયાત બનાવ્યુ છે અને તેનો ભંગ કરવાના સંજોગોમાં 'અંજામ-પરિણામ ભોગવવાની' તૈયારી રાખવા પણ ખેલાડીઓને સાફ ચેતવણી આપવામાં આવી છે.



ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે ૦-૩ તથા ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં ૧-૩થી સીરીઝમાં કારમો પરાજય મળ્યા બાદ સ્તબ્ધ બનેલા ક્રિકેટ બોર્ડે ખેલાડીઓના 'સ્ટાર કલ્ચર'ને અંકુશમાં લેવાની વિચારણા શરૂ કરી જ દીધી હતી અને તેના ભાગરૂપે હવે ૧૦ નિયમો સાથેની માર્ગદર્શિકા જારી કરી દેવામાં આવી છે.

ભારતીય ક્રિકેટ બોર્ડે જારી કરેલા ૧૦ નિયમો અંતર્ગત ટીમ ઈન્ડિયાના ક્રિકેટરો માટે ઘરેલુ ક્રિકેટમાં રમવાનુ ફરજીયાત કરવામાં આવ્યુ છે જયારે વિદેશ પ્રવાસ વખતે પત્ની-પરિવાર તથા અંગત સ્ટાફને સાથે રાખવા પર નિયંત્રણો મુકવામાં આવ્યા છે. આ સિવાય પ્રવાસ દરમ્યાન વ્યક્તિગત વિજ્ઞાપન-બ્રાન્ડ-એન્ડોર્સમેન્ટ માટે ફોટોશુટ કરવા પર પાબંદી મુકવામાં આવી છે.

ભારતીય ટીમમાં આંતરિક વિખવાદ હોવાની પણ અટકળો થઈ રહી છે ત્યારે ટીમમાં 'શિસ્ત અને એકતા'ને ઉતેજન આપવા માટે આ કદમ ઉઠાવવામાં આવ્યા છે. આ નવા નિયમોનું પાલન નહીં કરનારા ખેલાડીઓ પર પ્રતિબંધ મુકવા જેવા એકશન લેવામાં આવશે. વેતનમાં કાપ, આઈપીએલમાં ભાગ લેવા પર પાબંદી જેવા એકશન પણ લેવાશે.

**ક્રિકેટ બોર્ડના સત્તાવાર કાર્યક્રમમાં હાજરી અનિવાર્ય**

ભારતીય ટીમના વિદેશ પ્રવાસ વખતે પત્ની-પરિવારના સભ્યોને માત્ર બે સપ્તાહ સુધી જ ખેલાડીની સાથે રહેવાની છુટ્ટ રહેશે. આ ઉપરાંત મેચ અથવા સીરીઝ વ્હેલી ખત્મ થઈ જાય તો ખેલાડીઓને વ્હેલા પરત ફરવા સામે પણ નિયંત્રણ રહેશે.

નવા નિયમો હેઠળ દરેક ખેલાડીએ



### આખી ટીમે એક સાથે પ્રવાસ કરવો પડશે

પ્રવાસમાં ટીમની સાથે જ એક સાથે જવું પડશે. અલગ રીતે અથવા પરિવારની સાથે જવું હોય તો ક્રિકેટ બોર્ડની પૂર્વ મંજૂરી મેળવવાનું ફરજીયાત કરવામાં આવ્યું છે. આ સિવાય ખેલાડીઓ નિયત કરતા વધુ સામાન પણ નહીં લઇ જઇ શકે, વધુ સામાન રહેવાના સંજોગોમાં ખેલાડીએ પોતે જ તેનો ખર્ચ ઉઠાવવો પડશે. પ્રેકટીસમાં પણ તમામ ખેલાડીઓએ ફરજીયાત ભાગ લેવો પડશે. એકથી બીજા સ્થાને પ્રવાસમાં પણ તમામે એક સાથે મુસાફરી કરવી પડશે. સીરીઝ દરમ્યાન ક્રિકેટ બોર્ડના કોઇપણ સત્તાવાર કાર્યક્રમ હોય તો તેમાં સામેલ થવાનું પણ ફરજીયાત કરવામાં

### વિદેશ પ્રવાસમાં પત્ની-પરિવારને માત્ર બે સપ્તાહ રાખી શકાશે

આવ્યું છે. ૧૦ નિયમોની માર્ગદર્શિકામાં એવી ચેતવણી પણ આપવામાં આવી છે કે નિયમ ભંગ બદલ ખેલાડી સામે એકશન લેવા ક્રિકેટ બોર્ડને સત્તા રહેશે. નિયમ ભંગ કરનારને આઇપીએલ સહિત કોઇપણ ટુર્નામેન્ટમાં સામેલ થવા પર પ્રતિબંધ મુકાઇ શકે છે. ઉપરાંત મેચ ફીમાં કાપ જેવા પગલા પણ લેવાશે.

### પ્રેકિટસમાં દરેક ખેલાડીની હાજરી ફરજીયાત

## ઈંગ્લેન્ડ સામેની શ્રેણી પૂર્વે ભારતીય ટીમ ૩ પ્રેક્ટિસ મેચ રમશે

નવી દિલ્હી તા.૧૭

ન્યુઝીલેન્ડ તથા ઓસ્ટ્રેલિયા સામેની શ્રેણીમાં શરમજનક પરાજય બાદ હવે પછીની ક્રિકેટ સીરીઝમાં ભારતીય ટીમનું પરફોર્મન્સ સુધરે તેવા આશયથી હવે પ્રેકટીસ મેચો પર જોર આપવાનુ નકકી થયુ છે. આગામી જુનમાં ઈંગ્લેન્ડ સામેની શ્રેણી પુર્વે ત્રણ પ્રેકટીસ મેચ રમવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઈંગ્લેન્ડ લાયન્સ સામે રમાનારા આ મેચની તરીખ તથા સ્થળ હવે પછી નકકી થશે.

ભારતમાં માર્ચથી આઈપીએલ શરૂ થશે. ૨૫ મે ના રોજ ફાઈનલ મુકાબલા બાદ ભારતીય ટીમ ઈંગ્લેન્ડના પ્રવાસે જવાની છે. ૨૦મી જૂને લીડઝમાં પ્રથમ ટેસ્ટ મેચ રમાવાનો છે. ભારતીય ક્રિકેટ બોર્ડ એમ માને છે કે ઈંગ્લેન્ડ સામેની ક્રિકેટ સીરીઝ પુર્વે ભારતીય ટીમે તૈયારીના ભાગરૂપે પ્રેકટીસ મેચ રમવા પડશે. ન્યુઝીલેન્ડ સામે કલીનસ્વીન તથા ઓસ્ટ્રેલિયા સામે ૧-૩થી શ્રેણી હાર બાદ ભારતીય ટીમનુ પરફોર્મન્સ સુધારવુ પડશે.

ક્રિકેટ બોર્ડના સૂત્રોએ કહ્યુ કે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી પુર્વે ઓસ્ટ્રેલિયામાં આવી જ ફોર્મ્યુલા અપનાવવામાં આવી હતી. આ પ્રકારના પ્રેકટીસ મેચોથી ભારતીય ખેલાડીઓ લય પકડી શકશે અને લાલ બોલથી રમવામાં મદદ મળશે.

---

## એક જ મોબાઈલ પર બે વોટ્સઅપ એકાઉન્ટ ચલાવો

રાજકોટ,તા.૧૬

વોટ્સએપે પોતે જ એક એવો વિકલ્પ રજૂ કર્યો છે, જેના દ્વારા તમે એક જ મોબાઈલમાં બે અલગ-અલગ નંબર પર એકાઉન્ટ ચલાવી શકો છો. આ માટે તમારે WhatsApp Business એપનો ઉપયોગ કરવો પડશે.

**કેવી રીતે સેટઅપ કરવું?**

**વોટ્સએપ મેસેન્જર:**

સૌ પ્રથમ, તમારા ફોનમાં સામાન્ય WhatsApp એપ ઈન્સ્ટોલ કરો.



તેને તમારા મુખ્ય નંબર સાથે રજીસ્ટર કરો અને તેનો ઉપયોગ શરૂ કરો.

**WhatsApp ìehkpe:** તમારા ફોનના Google Play Store અથવા App Store પરથી WhatsApp Business એપ્લિકેશન ડાઉનલોડ કરો.

તેને ખોલો અને બીજા મોબાઈલ નંબર સાથે નોંધણી કરો.

હવે તમે એક જ મોબાઈલમાં બે અલગ અલગ વોટ્સએપ નંબરનો ઉપયોગ કરી શકો છો.

**વોટ્સએપ બિઝનેસની વિશેષતાઓ**

આ એપ ખાસ વ્યવસાયિક ઉપયોગ માટે બનાવવામાં આવી છે. તેમાં ઓટો-રિપ્લાય અને કસ્ટમર મેનેજમેન્ટ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ એપ સામાન્ય વોટ્સએપની જેમ જ કામ કરે છે.

**ડ્યુઅલ સિમનો લાભ**

જો તમારા મોબાઈલમાં ડ્યુઅલ સિમની સુવિધા છે, તો તમે આ બંને નંબરનો સરળતાથી ઉપયોગ કરી શકો છો. WhatsApp Messenger પર

તમારા એક નંબર સાથે નોંધણી કરો અને બીજા નંબર સાથે WhatsApp બિઝનેસ રજીસ્ટર કરો. બંને એપનો અલગ-અલગ ઉપયોગ કરો.

એપ્સને કલોન કર્યા વિના, તમે WhatsApp Business એપની મદદથી એક જ મોબાઈલ પર બે અલગ-અલગ વોટ્સએપ નંબર ચલાવી શકો છો. આ માત્ર સલામત જ નથી પણ તમારા અંગત અને વ્યાવસાયિક જીવનને અલગ રાખવાની એક સરસ રીત પણ છે. તો પછી રાહ શેની જુઓ છો ? આજે આ વિકલ્પ અજમાવી જુઓ! ઉપરાંત, તમે અન્ય કોઈપણ એપની મદદ વગર ઠવફતિંઆાનો ઉપયોગ કરી શકો છો. આ તમારા માટે ખૂબ જ સારો વિકલ્પ સાબિત થઈ શકે છે

**આ સાવચેતીઓ પણ રાખો:**

બંને સંખ્યાઓને સક્રિય રાખવી મહત્વપૂર્ણ છે. ડેટા અને બેટરી વપરાશને ધ્યાનમાં રાખો. WhatsApp Business એપ્લિકેશનનો ઉપયોગ કરતી વખતે, ખાતરી કરો કે તમે તેનો ઉપયોગ યોગ્ય હેતુ માટે કરી રહ્યાં છો.

### પ્રજાના પ્રતિનિધિ કાંઈ અંગત નાણાં નથી વાપરતા, પ્રજાના પૈસા જ વાપરે છે...

# વિકાસ કામોનો યશ લેતા નેતાઓ તૂટેલા રસ્તાનો દોષ પણ સ્વીકારેઃ હાઈકોર્ટની ટીપ્પણી

**ધારાસભ્ય વિમલ ચુડાસમાની અરજીની સુનાવણીમાં સાફ ટકોરઃ તકતી-ફોટા હટાવવાના મામલે આદેશ કરવા ઈન્કાર**

અમદાવાદ, તા.૧૭

ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાની એક અરજીની સુનાવણી દરમિયાન ગુજરાત હાઈકોર્ટે ટકોર કરી હતી તે જો ધારાસભ્યો વિકાસના કામો માટે યશ લેતા હોય તો તેઓએ તૂટેલા રસ્તા તથા અન્ય બાબતો એ પણ પોતાની ઉપર દોષ લેવો જોઈએ. સરકારી ગ્રાન્ટમાંથી થતા વિકાસના કામો પ્રજાના પ્રતિનિધિઓ પોતાના ગજવામાંથી પૈસા કાઢીને કરતા નથી પરંતુ પ્રજાના પૈસે જ કરે છે આથી યશની સાથે અપયશ પણ માથે લેવો જોઈએ તેવો પણ મૌખિક અભિપ્રાય હાઈકોર્ટના ન્યાયમૂર્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો.



કેસની વિગતો મુજબ ગીર સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ જિલ્લાના આયોજન અધિકારી સહિતના અધિકારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવા માટે હાઈકોર્ટના દ્વાર ખટખટાવ્યા હતા.

ચુડાસમા દ્વારા એવો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે સરકાર દ્વારા તેમની ઉપર ભેદભાવ રાખવામાં આવે છે અને તેમનો હાથો જિલ્લાના અધિકારીઓ બનીને તેઓ વિરુદ્ધ કામગીરી કરી છે. સરકારી નિયમોની વિરુદ્ધ જઈને આ અધિકારીઓએ વિકાસના કામોમાં પોતાના નામ સાથે જે ફોટા આવે તેના બોર્ડ અને તકતી માંથી ફોટા હટાવી લેવાનું અને તેને નુકસાન કરવાનું કૃત્ય કરેલ છે. પોતાની સાથે જ આવું કૃત્ય કરવામાં આવે છે જ્યારે બીજા ધારાસભ્યો સાથે આવું કોઈ કૃત્ય કરવામાં આવું નથી. આથી સરકારી આદેશોને ઘોળીને પી જવા બદલ અને સરકારી આદેશોનો અનાદર કરવા બદલ તેમજ જાહેર મિલકતને નુકશાન પહોચાડવાનો ગુનો તેઓની સામે નોંધવો જોઈએ.

આ બાબતે વેરાવળમાં પોલીસ

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ખરાબ રસ્તા માટે બિનજામીન પાત્ર ગુનો દાખલ થાય : કોન્ટ્રાકટરો-એન્જીનીયરોને જેલ ભેગા કરવા જોઈએ

**કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરીની સાફ વાત**

નવી દિલ્હી, તા. ૧૭

કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ દેશના મોટા ભાગના ક્ષેત્રોમાં રસ્તાની ખરાબ હાલતને ધ્યાનમાં રાખીને એવી ગંભીર ટકોર કરી છે કે ખરાબ રસ્તા માટે બિનજામીન પાત્ર ગુનો નોંધાવવા જોઇએ.

ભારતીય ઉદ્યોગ સંગઠનના કાર્યક્રમમાં સામેલ થયેલા કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, માર્ગ દુર્ઘટના પાછળ મોટા ભાગે ક્ષતિયુકત ડીપીઆર અને ખરાબ રસ્તા હોય છે તેને બિનજામીન પાત્ર અપરાધ ગણાવવો જોઇએ. માર્ગ નિર્માણ કરતા કોન્ટ્રાકરો તથા એન્જીનીયરોને દુર્ઘટના માટે જવાબદાર ગણવા જોઇએ અને તેઓ સામે બિનજામીન પાત્ર ગુના નોંધીને જેલ ભેગા



કરવા જોઇએ અને તે સંજોગોમાં સારા રસ્તા શકય બનશે. માર્ગોના બ્લેક સ્પોટના સુધારા પાછળ ૪૦ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

તેમણે કહ્યું કે સરકારના તમામ પ્રયાસો છતાં માર્ગ દુર્ઘટનાઓ અને તેમાં ભોગ બનનારા લોકોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે. ૨૦૩૦ સુધીમાં માર્ગ દુર્ઘટનામાં ૫૦ ટકાનો ઘટાડો કરવાનો સરકારનો ટાર્ગેટ છે. પરંતુ દુર્ઘટનાઓ ઘટવાને બદલે વધી રહી છે. ૨૦૨૩માં ભારતમાં પાંચ લાખ માર્ગ અકસ્માતો થયા હતા. જેમાં ૧.૭૨ લાખ લોકોના મોત નિપજયા હતા. આમાંથી ૧.૧૪ લાખ લોકો ૧૮ થી ૪૫ વર્ષની

(અનુસંધાન છઠ્ઠા પાને)

# રાજકોટમાં વૃધ્ધ મહિલાઓને કેફી પીણું પીવડાવી લૂંટ ચલાવતી બંટી-બબલી સકંજામાં

**મોચીબજારમાંથી માધાપરના વૃધ્ધાને લચ્છી પીવડાવી રૂ.૧.૦૭ લાખના દાગીના, નાગરિક બેંક ચોક પાસેથી તિલક પ્લોટમાં રહેતાં વૃધ્ધાને ઠંડુ પીવડાવી રૂ.૮૦ હજારની મતા સેરવી લઈ નાસી છૂટ્યા 'તા**

**મવડીના વૃધ્ધાને સરકારી દવાખાનું દેખાડવાનું કહીં બંટી-બબલીએ સોડા પીવડાવી ફડાકા ઝીંકી લૂંટ ચલાવી 'તીઃ ગાંધીગ્રામ પોલીસ મથકના ગુનાનો ભેદ પણ ઉકેલાયોઃ તાલુકા પોલીસને મળી સફળતા**

રાજકોટ. તા.૧૭

રાજકોટ વૃધ્ધ મહિલાઓને કેફી પીણું પીવડાવી અર્ધ-બેભાન કરી ફડાકા ઝીંકી સોનાના દાગીનાની લૂંટ ચલાવી નાસી છૂટતી બંટી-બબલીને તાલુકા પોલીસની ટીમે સકંજામાં લઈ કાર્યવાહી કરી હતી.

**માધાપરના વૃધ્ધા ભોગ બન્યાં**

બનાવ અંગે માધાપર ગામ આંબેડકર નગર શેરી નં. ૦૧ માં રહેતાં નાથીબેન ડાયાભાઈ પરમાર (ઉ.વ.૬૩) એ એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણી મહિલા અને અજાણ્યાં પુરૂષનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ઘરકામ કરે છે અને તેના પતિ ગુજરી ગયેલ છે, તે તેના નાના બહેન અમૃતબેન પરમાર સાથે રહે છે.

ગઇ તા.૨૩/૧૨/૨૦૨૪ ના વિધવા સહાય અંગેનું પેન્સન બંધ થઇ ગયેલ હોય જેથી તેઓ સવાર ના દસેક વાગ્યે માધાપરથી રીક્ષામાં બેસી જુની કલેકટર કચેરી પર આવેલ અને ત્યાં કામ પુરૂ કરી ચાલતાં ચાલતાં મોચીબજારમાં આવેલ ચર્ચની સામે આવેલ કરિયાણાની દુકાન સામે પહોંચતા તેઓને ચકકર આવતા હનુમાનજીના મંદીર પાસે બેસી ગયેલ અને ત્યારે દિયર હીરાભાઈ સાથે ફોનમાં વાત કરતી હતી. દરમિયાન તેમની પાસે એક ભાઈ તથા એક બહેન આવેલા અને બહેને કહેલ ડોસીમાં તમને ચકકર આવતા હોય તો અહીં બેસો અને હું તમારા દીયર હીરાભાઈને ઓળખું છું એમ કહી વાતચીત કરવા લાગેલ અને તેઓ માટે નજીકની દુકાનમાં જઇ લચ્છી લઈ આવેલ અને લચ્છી આપતા તેઓએ લચ્છી પીધેલ, લચ્છી પીધા બાદ તેઓ અર્ધ બેભાન જેવા થઈ ગયેલ હતાં.

તે દરમિયાન અજાણ્યા બહેન કાનના પહેરેલ બુટીયા કાનમાંથી કાઢી લેવા માટે બળજબરી કરતા હોય જેથી તેને રોકી પ્રતિકાર કરતા અજાણ્યા બહેને ત્રણ ફડાકા મારી દીધેલ અને ત્યારબાદ તેઓ બેભાન થઇ ગયેલ હતાં. ત્યારબાદ તેઓ ચારથી પાંચ દીવસ બેભાન અવસ્થામાં રહેલ અને રાજકોટ સીવીલ હોસ્પીટલમાં ઇમરજન્સી વોર્ડમાં સારવારમાં રહેલ અને ત્યારબાદ ભાનમાં આવતાં જોયુ તો બંન્ને કાનમાં પહેરેલ સોનાના કોપ રૂ.૬૦ હજાર, બંન્ને કાનની નખશી, બંને પગના ચાંદીના સાંકળા અને એક મોબાઇલ મળી કુલ રૂ.૧,૦૭,૫૦૦ નો મુદામાલ જોવામાં આવેલ નહી.

**તીલક પ્લોટ શેરીમાં રહેતાં વૃધ્ધાને નિશાન બનાવ્યા**

જ્યારે મોચીબજાર તીલક પ્લોટ શેરી નં-૦૧ માં રહેતાં જાનાબેન હરીભાઈ ખીમસુરીયા (ઉ.વ.૬૫) એ એ. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા.૧૩ ના બપોરના દોઢેક વાગ્યાની આસપાસ તેઓ ઘરેથી જયુબેલી શાક માર્કેટમાં શાક બકાલુ લેવા માટે ગયેલ અને નાગરીક બેંક ચોક સામે રોડ ઉપર શાક બકાલુ ખરીદ કરતાં હતાં ત્યારે એક અજાણ્યા બહેન આવેલા અને કહેલ કે, તુ મારી દીકરી છે, તને મારે ઠંડુ પીવડાવવું છે, તેમ કહી લચ્છી તેમજ ગુલાબ સરબતમાં કંઇક પ્રવાહી ભેળવીને પીવડાવી દેતાં તેઓ અર્ધ-બેભાન થઈ ગયેલ હતાં.

ત્યારબાદ અજાણી બહેને તેઓએ કાનમાં પહેરેલ બુંટીયા બળજબરી પૂર્વક કાઢવા જતા તેમનો સામનો કરતા અજાણી બહેને ફડાકા મારવા લાગેલ અને ત્યાર બાદ તેઓ બેભાન થઈ ગયેલ હતાં. બાદમાં તેઓ સીવીલ હોસ્પીટલમાં ઈમરજન્સી વોર્ડમાં સારવારમાં રહેલ અને ત્યારબાદ ભાનમાં આવતા જોયુ તો કાનમાં પહેરેલ સોનાના બુંટીયા, કાનની સોનાની બૂંટીઓ રોકડ રૂપીયા મળી કુલ રૂ.૮૦૫૦૦ નો મુદામાલ જોવામાં આવેલ નહીં.

**લાલુભાઈ પારેખ ટાઉનશીપમાં રહેતાં વૃધ્ધાને પણ લૂંટી લીધાં**

ઉપરાંત મવડી-કણકોટ રોડ પર લાલુભાઈ પારેખ ટાઉનશીપમાં રહેતાં પુષ્પાબેન લાલજીભાઈ નકુમ (ઉ.વ.૬૨) એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા.૧૪ ના તેઓ મવડી-પાળ રોડ પર આવેલ રામધણ આશ્રમ દર્શન કરવા માટે ઘરેથી સવારના અગિયારેક વાગ્યે ચાલીને જવા નિકળેલ અને રામધણ આશ્રમ દર્શન કરી તેઓને દવાખાને જવું હોય જેથી ત્યાંથી નિકળી નજીકમાં આવેલ સાવન ચોક ખાતે બે મોટી ઉમરના બાપા બેઠા હોય તેઓને પુછેલ કે, મારે સરકારી

(અનુસંધાન છઠ્ઠા પાને)

# મહાકુંભની વિમાનયાત્રા બેન્કોકથી પણ મોંઘી!

લખનૌ તા.૧૭

મહાકુંભમાં મૌની અમાસે તા.૨૯મી જાન્યુઆરીએ બીજુ કુંભસ્નાન છે ત્યારે આ સ્નાન માટે પ્રયાગરાજ પહોંચવા દુનિયાભરમાંથી શ્રદ્ધાળુઓનો મહેરામણ ઉમટી રહ્યો છે. પરીસ્થિતિ એ છે કે લખનૌથી પ્રયાગરાજ જવા માટે વિમાનનું ભાડુ બેન્કોકના ભાડા કરતા પણ વધી ગયું છે. ૨૮ જાન્યુઆરીએ લખનૌથી પ્રયાગરાજની ફલાઈટના બુકીંગમાં ભાડુ ૧૦૭૪૨ રૂપિયા છે જયારે બેન્કોકનું ભાડુ ૧૦૪૩૫ રૂપિયા છે.

હાલ રાત્રે પણ પ્રયાગરાજમાં ઉતરી રહ્યા છે વિમાનઃ ૧૧ જાન્યુઆરીએ પ્રયાગરાજ એરપોર્ટ પર રાત્રે વિમાન લેન્ડ થયું હતું અને અહીંથી ઉડાન ભરી હતી. વર્ષ ૧૯૧૯માં બમરોલી એરપોર્ટ (તત્કાલીન અલાહાબાદ) બન્યુ અને અહીંથી ૧૯૩૨ સુધી લંડન માટે સીધી ફલાઈટ જતી હતી. ૧૯૪૧ થી ૨૦૦૩ સુધી એર સહારાએ ઉડાન શરૂ કરી હતી, જે ૨૦૦૫ સુધી ચાલી. કુંભ ૨૦૧૯ના આગમન સાથે અહીં સિવિલ એરપોર્ટની જરૂરિયાતને જોઈને નવું ટર્મિનલ બનાવાયું હતું. અત્યાર સુધી પ્રયાગરાજ એરપોર્ટથી ૨૬ શહેરો માટે ઉડાનો મોજૂદ છે.



**મહાકુંભના કારણે પ્રયાગરાજ, વારાણસીના વિમાનભાડામાં ચારગણો વધારોઃ પ્રથમ કુંભસ્નાને રેકોર્ડ બ્રેક વિમાન યાત્રાઓ થઈ**

પ્રથમ સ્નાન પર જ રેકોર્ડબ્રેક વિમાન યાત્રાઓઃ પ્રયાગરાજ એરપોર્ટ પર મકર

(અનુસંધાન છઠ્ઠા પાને)

# ઠંડા પવનોએ લોકોને ફરી ધ્રુજાવ્યા : ૬.૩ ડિગ્રી સાથે ગિરનાર પર્વત ટાઢોબોળ

**આજે ન્યુનતમ તાપમાન વધ્યું પરંતુ ઠાર યથાવત : ૬ ડિગ્રી સાથે નલિયા રાજયમાં સૌથી ઠંડુ : રાજકોટમાં ૧૦.૭, જામનગર ૧૩, ભુજ ૧૧.૪, અમરેલીમાં ૧૩.૮ ડિગ્રી**

રાજકોટ, તા. ૧૭

મકરસંક્રાંતિ બાદ સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનો જાણે નવો રાઉન્ડ શરૂ થયો હોય તેમ ટાઢોડુ છવાયેલુ રહ્યું છે. ગઇકાલે અમરેલી, રાજકોટમાં ઠંડીએ સપાટો બોલાવ્યા બાદ આજે ન્યુનતમ

(અનુસંધાન છઠ્ઠા પાને)



રાજકોટ સહિતના શહેરોમાં બર્ફીલા પવનો ફુંકાઇ રહ્યા છે, રસ્તા પર અને હોસ્પિટલ જેવી જગ્યાએ દર્દી સહિતના લોકો આ રીતે ઠુંઠવાતા જોવા મળ્યા હતા. (તસ્વીર : દેવેન અમરેલીયા)

### કાલે રાષ્ટ્રીય પ્રમુખ જે.પી.નડ્ડા ગુજરાતમાં

# ભાજપમાં જીલ્લા-મહાનગર પ્રમુખોની યાદીના વિલંબ પાછળ વિવાદો 'ઠંડા' પાડવાનો વ્યુહ

**એક બાદ એક રાષ્ટ્રીય નેતાઓ આવે છે- જાય છે હવે ભુપેન્દ્ર યાદવ પર નજરઃ જે.પી.નડ્ડાના આગમન-કાર્યક્રમમાં સૌ વ્યસ્ત**

રાજકોટ: ગુજરાત ભાજપમાં જીલ્લા-મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ મુદ્દે ગાંધીનગરમાં ગુચવાયેલો મામલો ફરી એક વખત દિલ્હી જાય તેવી શકયતા છે. ભાજપના બે વરિષ્ઠમ નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ અને પ્રદેશ પ્રમુખ તથા કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલ બન્નેને પ્રદેશના પદાધિકારીઓ દિલ્હી મળી આવ્યા હતા અને કમુરતા બાદ જાહેરાતની ચર્ચા હતી પણ હજું સુધી નામો જાહેર થયા નથી. આજે ભાજપના રાષ્ટ્રીયપ્રમુખ જે.પી.નડ્ડા પણ ગુજરાત આવી રહ્યા છે અને તેઓ કાલે પુરો દિવસ પક્ષ અને સતાવાર કાર્યક્રમમાં સામેલ થશે તે બાદ પ્રદેશ પ્રમુખ માટે નિયુક્ત થયેલા કેન્દ્રીય નિરીક્ષક તથા કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવ પણ બે દિવસના વિલંબ બાદ કાલે ગાંધીનગર પહોંચશે. આમ એક બાદ એક રાષ્ટ્રીય નેતાઓ ગુજરાત આવે છે પરંતુ હજુ સુધી જીલ્લા-મહાનગરોના પ્રમુખોની નિયુક્તિ મુદ્દે સસ્પેન્સ યથાવત છે. ગુજરાતના વધુ જીલ્લાઓમાં પણ આંતરિક મતભેદો હોવાનું જાહેર થયુ છે અને વિલંબનો એક હેતુ તમામને 'ઠંડા' પાડી દેવાનો હોય તે પણ શકય છે અને પછી પ્રદેશ પ્રમુખના નામ પર એક વખત ભાજપ મોવડીમંડળ નિર્ણય લે તે બાદ આ નામો જાહેર થઈ શકે છે.

# ઓયે અન્ના રેસ્ટોરેન્ટમાંથી વાસી બટેટા, બ્રેડનો જથ્થો મળી આવ્યો

**વેસ્ટ ગેટ બિલ્ડીંગના પાર્લરમાંથી ૬ કિલો માલનો નાશ : રેલનગરમાં ૨૨ ધંધાર્થીને ત્યાં ચેકીંગ : પાંચને નોટીસ**



રાજકોટ, તા. ૧૭

મનપાની ફુડ શાખાએ ૧૫૦ ફુટ રોડના વેસ્ટ ગેટ બિલ્ડીંગમાં આવેલ ઓયે અન્ના રેસ્ટોરન્ટમાંથી વાસી બટેટા અને બ્રેડ સહિત છ કિલો અખાદ્ય માલ પકડીને તેનો નાશ કર્યો હતો.

મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન વેસ્ટ ગેટ, ૧૫૦ ફૂટ રિંગ રોડ, રૈયા ચોકડી પાસે આવેલ ''ઓયે અન્ના રેસ્ટોરેન્ટ (સ્વેન્ડઝસ ફૂડ એલએલપી)માં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ વાસી પ્રિપેર્ડ ફૂડ, ચટણી, સડેલા બાફેલા બટેટા તથા એક્સપાયરી વીતી ગયેલ બ્રેડ સહિતનો કુલ છ કિલો અખાદ્ય જથ્થો મળી આવતા સ્થળ પર

(અનુસંધાન છઠ્ઠા પાને)






# રાજકોટમાં મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશઃ માસ્ટર સર્વર સાથે બુકી સ્મિત ફળદુ ઝબ્બે

**અંબિકા ટાઉનશીપ પાસે બુકી કારમાં બેસી લેપટોપ મારફત ક્રિકેટ અને લાઈવ કસીનોની ચાર માસ્ટર આઈડી વડે જુગારની ચેઈન ચલાવતો 'તોઃ રૂા.૨ લાખમાં સર્વર જ ખરીદી લીધું 'તું**



**પીસીબીની ટીમે દરોડો પાડી બુકીને દબોચી કાર, લેપટોપ સહિતનો મુદામાલ કબ્જે કર્યો, આઈડીમાં રમનારા પંટરો પણ હાથવેંતમાં**

રાજકોટ. તા.૧૭

રાજકોટમાં મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ થયો હતો અને માસ્ટર સર્વર ખરીદી તેમાં ચાર માસ્ટર આઈડી વડે જુગાર રમાડતો બુકી સ્મિત ફળદુને પીસીબીની ટીમે અંબિકા ટાઉનશીપ પાસેથી દબોચી રૂા.૨.૨૫ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આઈડીમાં રમનારા પંટરો પણ હાથવેંતમાં હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

દરોડાની વિગત મુજબ, પીસીબી પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરીમાં એએસઆઈ એમ.એમ.પલારીયા, કોન્સ્ટેબલ નગીન ડાંગર, હિરેન સોલંકી સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે સ્પિડવેલ પાર્ટી પ્લોટ આગળ સીલ્વર સ્ટોન એપાર્ટમેન્ટ પાસે આવતા બાતમી મળેલ કે, જીવરાજ પાર્ક, અંબિકા ટાઉનશીપ પાસે સીલ્વર સ્ટોન એપાર્ટમેન્ટની બાજુમાં સ્મિત ફળદુ નામનો શખ્સ કાર નં.જીજે ૧૬ બીએન ૮૧૭૦ માં અંદર બેસી ઓનલાઈન ક્રિકેટ મેચોમાં રન ફેરના સોદાઓ અને લાઇવ કસીનોની રમતમાં રૂપિયાની હારજીત માટે અન્ય લોકોને જુગાર રમવાની આઈ-ડી ફોરવર્ડ કરી જુગાર રમાડે છે, તેવી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી કારની ડ્રાઈવિંગ સીટ પર એક શખ્સ બેસેલ અને લેપટોપ ચાલું હાલતમાં જોવા મળતાં પોલીસે તેનું નામ પૂછતાં સ્મિત નિતીન ફળદુ (ઉ.વ.૩૦), (ધંધો વેપાર, રહે. ૧૦૧ સીલ્વર સ્ટોન, જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશીપ) જણાવ્યું હતું.

બાદમાં પીસીબીની ટીમે લેપટોપમાં જોતાં લેપટોપ વાઈફાઈથી કનેકટ હોય અને ક્રોમ બ્રાઉઝરમાં સુમિત ફેન્સી નામની આઈ. ડી. ઓપન હોય જેમાં બેલેન્સ

(અનુસંધાન છઠ્ઠા પાને)

એકેલીક ફોટો
બાળકો, કપલ, ફેમીલી, મોટી સાઈઝમાં કરાવી આપના ડ્રોઈંગ રૂમને સજાવો
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, રાજકોટ. M.: 94297 85836

